# પ્રકરણ - ૨ : હાલારના માલધારીઓનું લોકવાઙ્મય

## પ્રસ્તાવના :

ગુજરાતના સુલતાનોનું સૌરાષ્ટ્ર ઉપર આધિપત્ય સ્થપાયા પછી સૌરાષ્ટ્રના પાંચ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું હતું.

(૧) હાલાર

(૨) ગોહિલવાડ

(૩) ઝાલાવાડ

(૪) સોરઠ

(૫) કાઠિયાવાડ

આ પ્રદેશો બ્રિટિશ હકૂમત સુધી યથાવત રહ્યા. પણ આઝાદી પછી તેને બદલાવવામાં આવ્યા. (૧) હાલાર અને ઓખામંડળનલ જામનગર-જિલ્લો બન્યો (૨) ગોહિલવાડનો ભાવનગર જિલ્લો બન્યો (૩) ઝાલાવાડનો સુરેન્દ્રનગર જિલ્લો બન્યો. (૪) સોરઠનો જૂનાગઢ અને (૫) કાઠિયાવાડનો રાજકોટ જિલ્લો બન્યો છે.

## હાલાર નામ કેમ પડયું ?

હાલાર પ્રદેશ કાઠિયાવાડ એજન્સીના શાસનતળેના વિભાગોમાનો એક હતો. વિભાજન બ્રિટિશ શાસકોએ રાજકીય હેતુ માટે કર્યુ હતું. સૌરાષ્ટ્રનું એકમ રચાયુ તે પછી સૌરાષ્ટ્ર રાજ્યે પણ જિલ્લાના આજ નામો ચાલુ રાખ્યા હતા. હાલાર જિલ્લામાં પ્રથમ વર્ગનું નવાગર રાજ્ય, બીજા વર્ગનું ધ્રોળ રાજ્ય અને ધ્રાફાજાળિયા દેવાણીના ધ્રાણાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

'હાલાર' શબ્દ જામ હાલાના નામ પરથી આવેલો છે. જામ હાલાએ સૌરાષ્ટ્રની ઉત્તર દિશાએથી ભૂમિ પ્રવેશ કર્યો અને ઘુમસીંગ જેઠવાઓની સત્તા તાબેના મોટાભાગનો પ્રદેશ કબજે કર્યો હતો. તેના વંશ જ જામરાવળે જેઠવાઓ પાસેથી વધારે પ્રદેશ જીતી લઈને નવાનગર રાજ્યની સ્થાપના કરીને સૌરાષ્ટ્રમાં પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું હતું. જામરાવલ જામહાલાના વંશ જ હોવાથી 'હાલાની' કહેવાતા હતા. તેમણે જીતેલા પ્રદેશને 'હાલાવાડ' નામ આપ્યું જે ટૂંકા રૂપમાં 'હાલાર' કહેવાયું ઈ.સ. ૧૯૫૯માં હાલર પ્રદેશમાં વડોદરાના ગાયકવાડનું અમરેલી જિલ્લાનું ઓખામંડળ ભળતા તેનું નામ જામનગર જિલ્લો આપવામાં આવ્યું. આ વિશે કચ્છી બોલીમાં હાલારી બોલીમાં લોકદુહો પ્રચલિત છે.

''વાઢેર વાલો વટંદા, જેઠવા બરડે બાર
વાલા વીણું વટંદા, હદ ચોવાઈ હાલાર''[1]

ઇ.સ.૧૫૧૯ થી ઇ.સ. ૧૯૪૭ સુધી હાલાર પ્રદેશ પર જામ રાવળના વંશજોએ રાજ્ય કર્યું. ઈ.સ. ૧૯૪૭થી ભારત સ્વતંત્ર થયું. સૌરાષ્ટ્રનું વિલીનીકણ થયું ત્યારબાદ ઇ.સ. ૧૯૫૬માં દ્વિભાષી રાજ્ય સૌરાષ્ટ્રને ભેળવવામાં આવ્યું ઇ.સ. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારબાદ ઇ.સ.૧૯૬૫માં અને ઇ.સ.૧૯૭૧માં ભારત-પાકિસ્તાન યુદ્ધનો કપરો અનુભવ પણ આ પ્રદેશે લીધો. આ બધા પરિબળોની અસર પ્રજા પર અને એની સંસ્કૃતિ પર થાય છે. એમાંથી જ લોક સંસ્કૃતિઓ ઘાટ ઘડાય છે. હાલારપ્રદેશ પર થયેલા સત્તાપલટાઓએ લોકજીવન પર પ્રબળ અસર કરી ઐતહિાસિકતત્ત્વો અને ભૌગોલિક સમૃદ્ધિની અસર લોકજીવન પર અને લોકસંસ્કૃતિ પર પડે જ છે.

## હાલારનો મુખ્ય જિલ્લો જામનગર :

**સ્થાન :** સૌરાષ્ટ્ર દ્વીપકલ્પની ઉત્તરપશ્ચિમે અને કચ્છની દક્ષિણે ૨૨°.૫૮ અને ૨૧°.૪૪ ઉત્તર અક્ષાંશ અને ૬૯°.૨૦° અને ૭૧°.૩૩ પૂર્વ રેખાંશની વચ્ચે આવેલા આ પ્રદેશને કચ્છમાંથી આવેલા જાડેજાવંશના જામરાવળે વિ.સં.૧૫૭૫માં જીતીને પોતાના પૂર્વજ હાલાજી નામ પરથી હાલાર નામ આપ્યું છે જે આજે જામનગર જિલ્લાથી ઓળખાય છે. તેનું ક્ષેત્રફળ ૧૦૯૨૧ કિ.મી. અને તેની વસ્તી ઇ.સ. ૨૦૧૧ પ્રમાણે ૬૦૦૯૪૩ છે.

## ભૂમિ પરિચય :

જામનગર જિલ્લાની ભૌગોલિક રચના દર્શાવે છે કે એક વખતના જવાળામુખી ટાપુઓના નાના જૂથનો આ પ્રાંત હોવો જોઈએ. કારણ કે ઠેર-ઠેર ડુંગરાઓ જેવી નાની-મોટી ટેકરીઓ દષ્ટિગોચર થાય છે. ઉત્તર-પશ્ચિમ દિશાએ રણપ્રદેશનો ભાગ આવેલો છે. ઉત્તરકાંઠાની ભૂમિ પર રેતીના ઢગલાઓ જેવા ટીંબાઓ નજરે જોવા મળે છે. આ પ્રદેશની ભૂમિ સાધારણ રીતે ૨૫૦ ફૂટ, ૧૫૦ ફૂટ અને ૨૪૦ ફૂટ ઊંચાઈ ધરાવતી સમથળ છે. દક્ષિણ પશ્ચિમે બરડા ડુંગરનો પ્રદેશ ઊંચામાં ઊંચો છે. આ જિલ્લાના મધ્યભાગમાં ૧૧૯૧ ફૂટની ઊંચાઈ ધરાવતો ગોપ ડુંગર ઊભો છે. ભૌગોલિક દષ્ટિએ આ ભૂમિને ત્રણ વિભાગમાં નીચે મુજબ વહેંચી શકાય છે.

(૧) કિનારાની સપાટભૂમિ :

(૨) સમથળ ભૂમિ :

(૩) ડુંગરાળ ભૂમિ :

## (૧) કિનારાની સપાટભૂમિ :-

જામનગર જિલ્લો લગભગ ૩૫૧ કિ.મી.નો દરિયાકિનારો ધરાવે છે. જેમાં પશ્ચિમે ૮૩ કિ.મી. અરબી સમુદ્રની ખાડીનો કિનારો આવેલો છે અને ઉત્તરે અરબી સમુદ્રની ખાડીનો કિનારો આવેલો છે. ઉત્તરે ૨૫૮ કિ.મી. કચ્છના અખાતનો કિનારો આવેલો છે. આ વિશાળ કિનારા પર જામનગર જિલ્લાના નાના-મોટા બંદરો અસ્તિત્વ ધરાવે છે. તેમાં મુખ્ય બેડી, સિક્કા અને ઓખા છે. બીજા નાના બંદરોમાં જોડિયા, સલાયા, પીંડારા, લાંબા, દ્વારકા અને બેટ દ્વારકા છે. જામનગર જિલ્લામાં કચ્છના અખાત કાંઠે વીસ જેટલા બેટો આવેલા છે. જેમાં પિરોટન, કલુંભા મોટી બાટલા, ભાઈદર, ચૂનરી, રીણવડા, બાલાચિર, ગણાવી શકાય. આ જિલ્લાનો કચ્છના અખાતનો કાંઠો આધુનિક વહાણવટા માટે આખા ગુજરાતમાં સૌથી વધુ અનુકૂળ છે.

## (૨) સમથળ ભૂમિ :-

જામનગર જિલ્લાની ભાગમાં આવેલી જમીન કાંપવાળી કાળી અને ફળદ્રુપ તથા રસાળ છે. કારણ કે એ ભાગ સમથળ હોવાથી કચ્છના અખાતને મળતી નદીઓ ત્યાં કાંપ પાથરે છે. આવી જમીન જામનગર, કલ્યાણપુર અને જોડિયા તાલુકામાં આવેલી છે. આ જમીન ઘેડ ભાઠા અને કાઠીના નામે ઓળખાય છે. આ જમીનમાં લીલું ઘાસ પુષ્કળ થતું હોવાથી માલધારીઓના માલઢોરને ચરિયાણ અને પુષ્કળ પાણી મળી રહે છે એટલે મોટા પ્રમાણમાં  માલધારીઓ આ પ્રદેશમાં આવીને વસ્યા છે. તેઓ ઘેટાં-બકરાં રાખે છે. આ ઘેટાનું ઊન પરદેશમાં બેડીબંદરથી નિકાસ કરવામાં આવે છે. જોડિયાનું ઊન પરદેશમાં શ્રેષ્ઠ જાતોમાંનું એક ગણાય છે અને તેની બહુ માંગ રહે છે.

## (૩) ડુંગરાળભૂમિ :-

આ પ્રદેશની ડુંગરાળમાં મુખ્યત્વે બરડો, આલેચ અને દલાસો ગણાવી શકાય. ગોપનો ડુંગર આ ડુંગરમાળાથી જુદો પડી જાય છે બરડા ડુંગરનું સૌથી ઊંચુ શિખર વેણું ૨૦૫૭ ફૂટ ઊંચું છે અને બીજુ શિખર આભપરાની ઊચાઈ ૧૯૩૮ ફૂટ છે. ગોપ ડુંગર ૧૧૯૧ ફૂટ ઊંચાઈ ધરાવે છે. દલાસા અને આલેચની ડુંગરમળાની ઊંચાઈ ૧૦૦૦ ફૂટ છે. બરડો ડુંગર ચારે તરફ ૪૮ કિ.મી. માં પથરાયેલો છે ને તેના પર ગાઢ જંગલ આવેલું છે. જે ૬૩૨ ચો.કિ.મી. જેટલા વિસ્તારમાં પ્રસરેલું છે. ભાણવડ તાલુકામાં બરડાની આસપાસનો પ્રદેશ બારાડી તરીકે ઓળખાય છે. બારાડી પ્રદેશ તથા બરડો ડુંગર માલધારી રબારીઓનું નિવસથાન છે. બરડા ડુંગરની તળેટીમાં ઘાસચારો પુષ્કળ મળી રહેતો હોવાથી સોરઠિયા રબારીઓ ભેંસો લઈને આવી પડયા છે. આજે પણ બારાડીની ભેંસોનું ઘી પ્રખ્યાત છે. ત્યાં આલેચના ડુંગરમાં અગરવચ્છા ચારણો પણ વર્ષોથી પોતાના પશુઓ સાથે નેસડા બાંધીને રહે છે તેઓ માત્ર પશુપાલનનો વ્યવસાય કરે છે અન્ય વ્યવસાય તેઓ જાણતા નથી. ગુજરાતના ચારણો કરતા અગરવચ્છા ચારણો ઉતરતી જાતિના ગણવામાં આવે છે. તેના રીત-રિવાજો, રહેણી-કરણી તેમની લોકબોલી અન્ય લોકો કરતા જુદી પડે છે.

## હાલર માલધારીઓની ભૂમિ :-

હાલારપ્રદેશ પોતાની ધરતીની રસાળતાને લીધે અને હરિયાળી સમૃદ્ધિને લીધે ગુજરાત-સૌરાષ્ટ્રની લોકજાતિઓનું આકર્ષણકેન્દ્ર બની રહ્યો છે. આ પ્રદેશમાં પંચરંગી પ્રજા વસે છે. 'કોઈપણ પ્રદેશનો માનવ ઈતિહાસ એ પ્રદેશના આકાર અને ભૌગોલિક લક્ષણોને લીધે ઘણેખરે અંશે ઘડાયો હોય છે.'[૨] તે પરથી કહી શકાય કે હાલરપ્રદેશની ભૌગોલિક સમૃદ્ધિથી આકર્ષાઈને ઘણી જાતિઓએ હાલારમાં સ્થળાંતર કર્યુ છે. તે વિશે લોકબોલીનો એક દુહો પ્રચલિત છે.

'ભફ દઈને ભાદો બોલ્યો, આંય વાવ્યુ ઊગે
હાલો જાઈ જામને કંડોરણે, સરપેય ન સુંઘે''[૩]

ગોડંલ રાજ્યના વતની ભાદા પટેલને રાજાથી મનદુઃખ થયું આથી ભાદા પટેલે રાજાને આ દુહો કહ્યો અને હાલારમાં આવી વસવાટ કર્યો. આમ, આ લોકબોલી દુહો એક જાતિના સ્થળાંતરને કથે છે. 'આવી રીતે હાલારની ભૌગોલિક સમૃદ્ધિથી આકર્ષાઈને ખેડૂતોએ માલધારીઓએ વેપારીઓએ પ્રદેશમાં વસવાટ કર્યો છે જામરાવળની સાથે કચ્છમાંથી આવીને રાજપૂતો, તુબેલ ચારણો, રબારીઓ અને મતવાઓ હાલારમાં આવી સ્થિર થયા. જામજસાજીના રાજ્યકાળ દરમ્યાન રાયસીશાહ અને બીજા પાંચ હજાર ઓસવાળ વાણિયા હાલરમાં આવી વસ્યા'[૪] આ પ્રદેશની મૂળજાતિમા મેર, વાઘેર, મિયાણા અને કાઠીઓ છે. પાછળથી આવેલ જાતિઓમાં જેઠવાઓ, કાઠીઓ, જાડેજાઓ અને બીજા રાજપૂતકુળો, તુંબેલચારણો, કારીગર વર્ગ અને વસવાયા, વાણિયા, બ્રાહ્મણ, ભાટિયા, લુવાણા, ખોજા, મેમણ, વ્હોરા ઈત્યાદિ છે. આમાંથી વેપાર કરનારી મુખ્ય હિન્દુ જાતિઓ વાણિયા, લોહાણા અને ભાટિયા છે. બ્રાહ્મણે સરકારી કર્મચારીઓ તરીકે ધર્માધિકારી તરીકે વ્યવસાય કરે છે. રાજપૂતો જમીનદાર છે. તે પોતાની જમીન જાગીર ધરાવે છે. કોળી લોકો ખેતીવાડી અથવા મજુરીનું કાર્ય કરે છે પશુપાલક અને ગોવાળિયાનું કાર્ય કરનારી જાતિઓમાં આહીર, ભરવાડ અને રબારીઓ છે. મુસલમાન જાતિઓમાં મતવાઓ છે. આ ઉપરાંત દરેક ગામમાં વસતા કારીગરો જેવાં કે લુહાર, સુથાર, દરજી, સોની, કુંભાર, વાળંદ અને મોચી વગેરે વસવાટ કરે છે. આલેચ અને બરડાના જંગલોમાં નેસ બાંધીને રહેતા પછાત-વર્ગના ભરવાડ ચારણ અને રબારીઓને આ જિલ્લામાં અનુસૂચિત જનજાતિમાં ગણવામાં આવે છે. જેમા મેર તથા વાઘેરને પણ મૂકી શકાય. કોળી અને આહીર પણ પછાત વર્ગની બીજા પ્રકારની નોંધણીમાં ગણાય છે. એ ઉપરાંત મેઘવાળ, વણકર, ઢેઢ, અત્યંજ, ચમાર, રોહિત, ભંગી વગેરેને અનુસૂચિત જાતિમાં મૂકવામાં આવ્યા છે. જામનગર જિલ્લામાં આદિવાસી જાતિ અથવા અનુસૂચિત જનજાતિની સંખ્યા લગભગ ૦.૪૧ ટકા છે. જેમા રબારી, ભરવાડ, ચારણ અને સીદી લોકો આવે છે.[૫]

### હાલારના માલધારીઓ :-

ગુજરાત રાજ્યમાં માલધારી જાતિને અનુસૂચિત જનજાતિમાં મૂકેલા છે. આદિવાસીઓ આર્થિક અને સામાજિક વિકાસની દષ્ટિએ ભારતના અન્ય લોકોની તુલનામાં ખૂબ પછાત હોવાનું જણાવ્યું છે. વનજાતિ, જનજાતિ, આદિમજાતિ અથવા આદિજાતિ જેવા જુદાં-જુદાં નામે તેઓને ઓળખવામાં આવે છે. તેઓ મોટેભાગે જંગલોમાં અને પહાડોમાં રહેતા હોવાથી કાકાસાહેબે તેમને ગિરિજનો કે ભૂમિજનો જેવું નામ આપ્યું છે.''[૬] આદિમ જાતિ એ એક જ પ્રદેશમાં રહેનારો એવો સામાજિક સમૂહ છે કે જે સમાન ભાષા, સમાન રીત-રિવાજ તેમજ સમાન સમાન સંસ્કૃતિ ધરાવતી હોય તેની વિસ્તૃતપણે વ્યાખ્યા આ પ્રમાણે કહી શકાય કે એક જ અથવા તો સમાન નામધારી કુટુંબોનો સમૂહ કે કુળ જેમનો ધંધો વંશ પરંગત હોય તેઓ ઐતહાસિક કે પૈરાણિક સંબંધથી એક જ પૂર્વજના વંશજો હોય કેટલીક વખત કોઈ પ્રાણી કે જેને ફૂલચિહ્ન ગણ્યુ હોય તેને પૂર્વજ સાથે સંકલિત કરતા હોય. મોટાભાગે એક સરખો ધંધો કરતા હોય. સમાન ભાષા ધરાવતા હોય તથા આદિવાસીઓના સમૂહને 'આદિમજાતિ કહેવામાં આવે છે.''[૭]

રબારી-ભરવાડની માન્યતા પ્રમાણે તેઓ શ્રીકૃષ્ણ સાથે ગોકુળ-મથુરાથી નીકળીને ચાલતા-ચાલતા બનાસકાંઠે કચ્છના રણથી લગભગ ૮૦ માઈલ દૂર ગુજરાતમાં બનાસ નદીને કાંઠે થરા નામના પ્રદેશનાં આવ્યાને ત્યાં લીલુંછમ ઘાસ તથા પાણી જોઈને રોકાયા. દીકરીઓ મોટી થઈ ગઈ હતી એટલે તેમના લગ્નપ્રસંગો યોજાયા એટલે થોડો વખત રોકાયા પછી ભગવાન શ્રીકૃષ્ણે કહ્યુ ચાલો આગળ જવાનું છે. હું તમને દ્વારકાનું રાજ્ય આપીશ ત્યારે માલધારીઓને આવો હરિયાળો પ્રદેશ છોડીને જવાનું મન ન થયું. કારણ કે રસ્તામાં ઘાસચારો ને પાણી ન મળતા તેઓ થાકીને કંટાળી ગયા હતા. એટલે અહીં જ દ્વારકા કહીને વસવાટ કર્યો શ્રીકૃષ્ણે તેમને વચન આપ્યું કે 'જાવ ભરવાડની દેગે ને આયરોની તેગે.'' હું સહાય થઈશ. આજે પણ ભરવાડના પ્રસંગોમાં બધાય વર્ણના લોકો જમે છે. છતાંય કયારેય કોઈ વસ્તુ ખૂટતી નથી.

ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠામાં જે માલધારીઓ રોકાયા તેઓ દેસાઈ માલધારીઓ તરીકે ઓળખાય છે. તેમાંથી થોડાઘણાં શ્રીકૃષ્ણ સાથે ચાલ્યા અને મચ્છુકાંઠે લીલોછમ ઘાસચારો જોઈને પોતાના પશુઓ સાથે મચ્છુકાંઠે વસવાટ કર્યો. ભગવાન શ્રીકૃષ્ણે તેમને દ્વારકા આવવા ઘણું સમજાવ્યા પણ. માન્યા નહી ને કહ્યું કે અહીં પૂરતો ઘાસચારો અને પાણીની સગવડ છે. એટલે અમારી હવે દ્વારકા આવવું નથી. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું તેમ કળિયુગમાં દુઃખી થઈ જશો તે છતાં ન માન્યા એટલે શ્રીકૃષ્ણે કહ્યું હવે પછી દ્વારકામાં આવશો નહી. નહીંતર દુઃખી થઈ જશો એટલે ખંભાળિયા પછીના ભાગમાં ભરવાડો આજે પણ રહેતા નથી. મચ્છુકાંઠે રહ્યા માટે 'મચ્છોયા ભરવાડ' કહેવાય ને હાલાર પ્રદેશમાં તથા ઝાલાવાડમાં મોટાભાઈ તથા નાનાભાઈ એવા બે કુળના ફાંટા પડયા. મોટાભાઈ નામે જાણીતું કુળ હાલાર પ્રદેશમાં

વસ્યુ. નાનાભાઈ ઝાલાવાડમાં વસ્યા. આમાંથી બાકી રહેલા માલધારીઓ શ્રીકૃષ્ણ સાથે દ્વારિકા સુધી ગયા. તે લોકો ભોપા રબારીઓ કહેવાયા. જે પછી કચ્છ અને હાલારમાં ફેલાઈ ગયા. તેમના સ્થળાંતર માટે અનેક માન્યતાઓ પ્રચલિત છે. હાલારમાં માલધારીઓની મુખ્યત્વે ત્રણ જાતિઓ વસે છે. (૧) રબારી (૨) ભરવાડ (૩) અગરવચ્છા ચારણ

## (૧) રબારી :-

'રબારી પશુપાલન ઉપર નભતી પ્રજા છે. સમગ્ર ભારતમાં તેઓ પથરાયેલા છે અને જુદા-જુદા નામે ઓળખાય છે. ગોપ સંસ્કૃતિના ધારક છે. નંદના વંશજો છે અને આ રીતે શ્રીકૃષ્ણ સાથે તેમનો નાતો છે. ગુજરાતમાં પણ તેઓના અનેક ગોળ (જૂથો) ચાલીસ પંથકમાં પથરાયેલા જોવા મળે છે. તેમાં (૧) ભોપા (૨) સોરઠિયા (૩) વિણોયા (૪) પાટણવાડિયા (૫) રાયકા (૬) મારું (૭) મારવાડી (૮) દેવાશી અને કાછી (કચ્છી) રબારીનો સમાવેશ થાય છે. ગુજરાતમાં તેઓ પરંપરાથી ગાયો વિશેષ રાખે છે. તે ગોપાલક છે છતાં પ્રાદેશિક સ્થિતિ અનુસાર કયાંક સાંઢિયા વિશેષ રાખે છે. તો કયાંક ઘેટાં-બકરા રાખે છે તો કયાંક માત્ર ભેંસો રાખે છે. કચ્છમાં તો સાંઢિયા ઉપરાંત ઘેટા-બકરાં અને ગાયો રાખનારા પણ છે. સૌરાષ્ટ્રમાં જામનગર બાજુ સાઢિયા તો ગીર આલેચ અને બરડામાં માત્ર ભેંસો રાખે પણ સાથે વ્યવહાર અને માલસામાન લઈ જવા સાંઢિયા પણ રાખે છે. કચ્છ જામનગર જિલ્લો, ગીર, ઉપરાંત બરડા તથા સુરેન્દ્રનગર વગેરેના રબારીઓનું જીવન અશંતઃ ભ્રમણશીલ છે. તેઓ તસુએ તસુ જમીનના અને વન વગડાની વિકટ વાટોના ભોમિયા છે.'[૮]

રબારી શબ્દ મૂળ 'રેવડ' શબ્દમાંથી ઊતરી આવ્યો છે. રેવડ એટલે 'ઢોર યા પશુ' યા ઘેટાનું ટોળુ અને પશુઓના ટોળાને રાખનાર યા સાચવનાર 'રેવાડી' અને એનું અપભ્રંશ થતાં આ શબ્દ 'રબારી' તરીકે પ્રચારમાં આવ્યો. રબારી શબ્દની ઉત્પતિ 'રાહબારી' (અરબી શબ્દ પરથી આવેલ હોવાનું માનવામાં આવે છે. તેના સમર્થનમાં જામનગર ગેઝેટિયર એક કથાનું પ્રમાણ નોંધે છે કે ''રબારીઓ મૂળ રાજપૂત હતા. પણ તેમાનો એક પુરુષ રાજપૂત સાથે ન પરણતા બીજી જાતિની કન્યાને પરણ્યો તેથી તેના વંશને હવે રાજપૂતકન્યાને પરણી નથી શકતા. એરે તેઓ રાહબારી-રૂઢિરિવાજ અનુસાર ન ચાલનારા 'રસ્તો ચાતરનારા કહેવાયા'[૯] જ્યારે એક બીજી લોકમાન્યતાનુસાર તેરણે રા'ની બારી એટલે ગઢનું નાકુ કે પ્રદેશનો સીમાડો હશે ! ત્યાંથી રા'નવઘણની બારી અર્થાત્ રા'ની બારીએથી ઊતર્યા એટલે રબારી કહેવાયા. આવી માન્યતા સોરઠિયા રબારીઓમાં પ્રચલિત છે. ''રબારીમાં પ્રચલિત દંતકથાને આધારે તેઓ પોતાની ઉત્પત્તિ મહાદેવથી માને છે. મહાદેવે પાર્વતીના ઊંટની રક્ષાર્થે એમને ઉત્પન્ન કર્યા ને કૈલાસ એ એમનું આદિનિવાસ છે. એવી માન્યતા આ લોકોમાં પ્રચલિત છે.'[૧૦] 'ધી હિસ્ટ્રી ઓફ કાઠિયાવાડ' માં કોટન વીલબેર ફોર્સ બેલ નોંધે છે કે 'રબારીઓ સૌરાષ્ટ્રના ઉત્તરભાગમાં

હસ્તિનાપુરથી દિલ્હી આવીને વસ્યા. ત્યાંથી તેઓ બરડાના ડુંગરાઓમાં ગયા. ત્યાં તેઓ બર્બરથી ઓળખાયા. આ લોકોના આગમન પછી જ આ ડુંગરાળ પ્રદેશને બરડો ડુંગર નામ મળ્યું હોય એમ માનવા પ્રેરે છે. ત્યારબાદ તેઓના બે ફાંટા પડયા. તેમાંથી એક સમૂહ બાબરિયા કહેવાયો જેમના પરથી બાબરિયાવાડ જિલ્લાનું નામ પડયું મેરની જેમ તેઓ પણ જેઠવાઓની સાથે આંતર જાતિય લગ્ન દ્વારા પોતાના લોહીનો સંબંધ સ્થાપિત કરે છે. બરડાની દંતકથાઓ (Bardic legends) માં તેઓને જંગલી ગણવામાં આવ્યા છે. તેમજ ભીલની જેમ તેને ભૂતડી સંજ્ઞા પ્રદાન કરવામાં આવી છે.'[૧૧] મત એવો પણ છે કે રબારીઓ લગભગ બારમાં સૌકાની શરૂઆતમાં શ્રીકૃષ્ણની સાથે ઉત્તર ભારતમાંથી રાજસ્થાનમાં આવ્યા ને ત્યાંથી ઉત્તર ગુજરાતમાં થઈને સૌરાષ્ટ્રમાં ફેલાઈ ગયા. આજે પણ ભોપારબાટીઓની બોલીમાં રાજસ્થાની બોલીની છાંટ વરતાય છે. હાલાર જિલ્લાની અનુસૂચિત જનજાતિમાં ગણાતી જાતિઓમાં રબારીએ મુખ્ય જાતિ છે. રબારીઓ બરડામાં આલેચમાં અને બારાડી પ્રદેશમાં નેસાડા બાંધીને વસે છે. તેમનો મુખ્ય ધંધો પશુપાલનનો છે, તેથી માલના ચરિયાણ પાણી માટે પ્રસંગોપાત તેમને અસ્થિર જીવન ગાળવું પડે છે, સૌરાષ્ટ્રમાં રબારીઓની છ જાતિઓ વસે છે. તેઓ એકબીજા સાથે ખાનપાનનો વહેવાર રાખે છે. પણ લગ્નસંબંધ બાંધતા નથી. (૧) ભોપા (૨) સોરઠીયા (૩) વિણોયા એ ત્રણ મુખ્ય જાતિ છે તેમાંથી ભોપા અને સોરઠિયા રબારીઓ હાલારમાં વસે છે.

## ભોપા રબારી :-

ઓખા પંથકમાં જામનગરથી ઓખા બેટદ્વારકા પંથકમાં વસતા રબારી ભોપા રબારી કહેવાય છે. હાલરપ્રદેશમાં ભોપારબારીઓ કચ્છમાંથી રાવળજામની સાથે લગભગ ૫૦૦ વર્ષ પહેલા આવ્યા છે અને જ્યારે જ્યારે કચ્છમાં દુષ્કાળની પરિસ્થિતિ હોય ત્યારે આ માલધારી લોકો સ્થળાંતર કરીને હાલરપ્રદેશમાં આવીને વસે છે. આ પ્રદેશમાં માલને અનુકૂળ ચરિયાણ અને પાણી હોવાથી આ લોકજાતિએ કાયમી વસવાટ આ પ્રદેશમાં કર્યો. આ જાતિ અસ્થાયી જીવન જીવે છે. માલ માટેનું ચરિયાણ થઈ રહે એટલે પુરુષો માલ લઈ વાંઢયે જાય છે અને ફરી ચરિયાણ થાય એટલે પાછા ફરે છે તેઓ નાનો માલ અર્થાત્ ઘેટાં-બકરાં ઉછેરે છે. ઊંટ પણ રાખે છે 'આજથી આશરે ૩૫૦ વર્ષ પહેલા કચ્છમાં દુષ્કાળ પડયો હતો. ત્યારે માલ લઈને કચ્છમાંથી ભોપારબારીઓના ચાર જૂથ હાલાર પ્રદેશમાં આવ્યા. આ ચારેય જૂથના મોવડીઓના નામ આ પ્રમાણે છે (૧) સેજોડાડો (૨) જેસોડાડો (૩) ગોબરડાડો (૪) જગોડાડો આ ચાર જૂથમાં લગભગ ૩૦૦ માણસો હતા. તેઓ માળિયા તરફથી આવીને બારાડી પ્રદેશ (કલ્યાણપુર તાલુકા) અને ખંભાળિયા તાલુકામાં વસ્યા''[૧૨] આજે પણ આ તાલુકામાં ભોપા રબારીની વસ્તી વધારે છે. આ ઉપરાંત ઓખામંડળમાં આરંભડા, રાજગડા, વેયાળા ને ધનકી ગામોમાં ભોપારબારીઓ વસે છે.

ભોપારબારીઓ ગામ બહાર વાસમાં રહે છે. તેમના કૂબા ગોળાકાર, ગારમાટીના છે તેના છજ્જા ઘાસથી છાજેલ હોય છે. આ જાતિના સ્ત્રી-પુરુષો ઊંચા, પડછંદ અને સુદઢ બાંધાના છે. લંબગોળ ચહેરો અને મોટી ભૂરાટા પડતી આંખો એ એમની વિશિષ્ટતા છે અને સ્ત્રી ઘઉંવર્ણી, પાતળી સપ્રમાણ અને સૌષ્ઠવયુક્ત અંગોવાળી તેમજ ટશરાળી આંખોવાળી હોવાથી આકર્ષક લાગે છે. સ્ત્રીઓ પુરુષો કરતા બુદ્ધિશાળી અને વ્યવહારકુશળ હોય છે. પુરુષો શ્યામવર્ણી, પડછંદ અને મજબૂત બાંધના છે. તેઓ દાઢી મૂછો રાખે છે. ભોપારબારીમાં 'જન્માષ્ટમી'નો ઉત્સવ મહત્ત્વનો છે. તેમની ઈષ્ટદેવી વાંકોલમાતા છે તેમનું સ્થાનક કચ્છમાં 'વિરાણા' ડુંગર ઉપર આવેલું છે. હાલારમાં મુછાડી-મેવાહા અને બરડામાં 'ધોળી મઢી' નામે માતાજીના સ્થાનકો આવેલા છે. આ લોકજાતિ માતૃપૂજક છે તેમના જન્મ લગ્ન અને મૃત્યુના સંસ્કારો લગભગ હિન્દુધર્મ જેવા છે.

**વસ્ત્રાલંકારો :** ભોપારબારીઓ માથા પર મેલખાયું બાંધે છે. યુવાનો લાલરંગનું, આધેડો કાળા રંગનું અને વૃદ્ધો સફેદ રંગનું મેલખાયુ બાંધે છે. પુરુષો ચોરણો અથવા ધોતિયું પહેરે છે અને ઉપર ચૂંડબંધ કેડિયુ તેમજ ભરત ભરેલી આંગડી પહેરે છે. ભેટે લાલરંગનું ચોળિયાનું વસ્ત્ર બાંધે છે તેને આડી ભેટ કહે છે. ઊંટ ચારવા જનાર ગોવાળ ધોતિયું પહેરે છે. જેને પછેડો કહે છે અને ખંભે ધાબળો નાખે છે. આ લોકો પ્રસંગોપાત સંપૂર્ણ પહેરવેશ પહેરે છે. રોજબરોજ તો ચોરણો કે ધોતિયું ખેહડો અને મેલખાયું ઉપયોગમાં લે છે. નાના બાળકો રંગબેરંગી કેડિયા અને ચોરણી પહેરેલા જોવા મળે છે.

સ્ત્રીઓ આભલાંથી ભરેલું અટલનું કાપડું માથે સુહાગણી 'ઊનની બાંધણી' ઓઢે છે. ચણિયાને બદલે સીવ્યા વગરની લાલ રંગની કાળા ચાંદલાની ભાતવાળી પછેડી પહેરે છે. મોટી ઉમંરની સ્ત્રીઓ લાલરંગની સાદી ઊનની ધાબળી ઓઢે છે અને ભર્યા વગરનું કાળુ કે કથ્થાઈ રંગનું અટલસનું કાપડું પહેરે છે. ચણિયા તરીકે કાળારંગનો છાપેલો પછેડો જેને 'મોતીઝૂડો' કહે છે તે પહેરે છે.

'ભોપા રબારી'ઓના પુરુષો પણ ઘરેણા પહેરવાના શોખીન છે. તેઓ કાનમાં સોનાનો 'ડોળિયા' અને કાનના ઉપરના ભાગમાં સોનાની 'આધની' અને કાનના ઉપરનાભાગમાં સોનાની વીટી કે કરડા અને વેઢ પહેરે છે. ગળામાં સોનાનો ગંઠો, સોનાની માળા કે સોનાની સાંકળી પહેરવાના શોખીન છે. ઘણા પુરુષોની બંડીના બટન પણ સોનાના જોવા મળે છે.

સ્ત્રીઓ ગળામાં સોનાની 'રામનામી' અથવા 'સરનામી' અને પાંચસેરની સોનાની મોહનમાળા પહેરે છે હાથમાં ચાંદીની કડલી, ચાંદીના કરકરિયા અને આંગળીઓમાં વીંટી કે વેઢ પહેરે છે. કાનમાં સોનાની સૂલવા' વાળિયું તેમજ નાકમાં સોનાની મજબૂત નથ પહેરે છે. પગમાં ચાંદીના કાંબી, કડલા તેમજ પગની આંગળી અને અંગૂઠામાં ચાંદીના કરડા પહોરવાની શોખીન છે. સ્ત્રીઓ છૂંદણાં ત્રોફાવવાની બહુ શોખીન છે. પગની પીંડીઓ પર, આંગળીઓ પર, હાથના પહોંચા પર આંગળીઓ પર વિવિધ પ્રકારના પ્રતીકો છૂદણાં મંડાવે છે. છાતી વચ્ચે અને ગળાના હરડિયાના ભાગ ઉપર છૂદંણા ત્રોફાવે છે. પુરુષો જમણા હાથ ઉપર પોતાનું કે ઈષ્ટદેવનું નામ ત્રોફાવે છે.

**વ્યવસાય :** ભોપા રબારીઓમાં મુખ્ય ધંધો ઊન વેચવાનો છે. તેઓ ઘેટાનું ઊન અને બકરાના વાળ (જાટ) વેચીને ગુજરાન ચલાવે છે. આર્થિક વિષયમતાને લીધે હવે કોઈ કોઈ ભોપા રબારીઓ દૂધ પણ વેચે છે. ભોપા રબારીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછું છે. પુરુષો આજે અક્ષરજ્ઞાન મેળવતા થયા છે. પરંતુ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ છે. હાલમાં સરકારે આ પ્રજાને અનુસૂચિત જનજાતિમાં મૂકયા છે. શિક્ષણની ઘણી સુવિધા ઊભી કરવમાં આવી છે. છતાં આ પ્રજા તેનો લાભ લઈ શકી નથી. શહેરીની આજુબાજુમાં હાલમાં ઘણા રબારીઓ નાની-મોટી હોટલો તેમજ ચાની લારી ચલાવતા થયા છે. તેમજ માલ અને મુસાફરોની હેરફેર માટે ઘણા લોકો ટ્રક, છકડા ચલાવે છે. દૂધની ડેરીઓ ચલાવતા થયા છે.

## સોરઠિયા રબારી :

બરડા અને આલેચના ડુંગરાઓમાં સોરઠિયા રબારીઓની મુખ્ય વસ્તી છે. તેઓ માલમાં ઊંટ ભેંસો રાખે છે. અસ્થિર જીવન જીવતી આ લોકજાતિ માલને જ્યાં ચરિયાણ પાણી પૂરતા મળી રહે ત્યાં એક જગ્યાએથી બીજી જગ્યાએ સમૂહમાં જ સ્થળાતંર કરે છે. સ્થળાંતરની ક્રિયાને ‘વાંઢયે જવું’ કહે છે. તેઓના સમૂહગત નિવાસો ‘નેસડા’ને નામે ઓળખાય છે. દરેક નેસડાના જુદા-જુદા નામ હોય છે. જુદી-જુદી શાખવાળા રબારીઓ અલગ-અલગ સમૂહમાં નેસડામાં વસે છે. બરડા ડુંગર ઉપર કિલેશ્વર ભગવાનની પાંડવોએ સ્થાપના કરી ત્યાર પછી ઘણા રબારીઓના સમૂહે ત્યાં વસવાટ કર્યો છે. એવી લોકમાન્યતા છે. આ સ્થળ કિલેશ્વરના નેસડાને નામે ઓખાય છે.’[૧૩]

સોરઠીયા રબારી અને ઉત્તર ગુજરાતના રબારીઓ બંને જુદા કુળોના વંશજો મનાય છે. એક મુંગી માત મોમાઈના ઉપાસક સોરઠિયા રબારીઓ મુખ્યત્વે ઘેટા-બકરાંનો વેપાર કરે છે. જ્યારે બીજા ઝાલાવાડ અને ઉત્તર ગુજરાતના શ્રીકૃષ્ણના ઉપાસક દેસાઈ રબારીઓ છે. રબારી ગામમાં ન વસે ગામની બહાર જ વસે તે વિશે તેમનામાં કહેવત છે કે ‘ગામથી રબારી કેડો બાર’ સૌરાષ્ટ્રના દરેક ભાગમાં સોરઠિયા રબારીઓ જોવા મળે છે. તેઓ લગભગ બારમાં સૌકામાં રાજસ્થાનનાં જેસલમીર જિલ્લાની આસપાસના પ્રદેશમાંથી ઉત્તર ગુજરાતમાં આવ્યા ને ત્યાંથી ચરિયાણની શોધમાં ફરતા-ફરતા સૌરાષ્ટ્રમાં આવીને વસ્યા એવી માન્યતા એ લોકો ધરાવે છે. તેઓના મૂળવંશ વિશે ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી પરંતુ તેઓ માને છેકે તે લોકો રાજપૂતમાંથી ઊતરી આવ્યા છે. તેમનામાં જુદા-જુદી અડસઠ અટકો મળી આવે છે. આમાના સોરઠિયા રબારીઓ ‘હણ’ અટક ધરાવનાર વંશના કહેવાય છે. નૃવંશશાસ્ત્રની દષ્ટિએ જો આ જાતિનો અભ્યાસ કરવામાં આવે તો તેઓનું મૂળ હૂણ જાતિનાં હોવાની માન્યતા છે. તેમની મુખ્ય શાખ સામળો (સામડો) છે. એ ઉપરાંત બીજી શાખો આ છે. જેઠવા, મકવાણા, હાણે, કોડિયાતર, ધોળિયા, ધાબરા, બઢ, માંકડા, વાઘડા, કોલા, મોરી, હોણમાંથી બીજી ત્રણ શાખ પડી છે.

ગાંડા, ભાખરા ને કરડ, એમા ગાંડા શાખ પાછળ લોકકથાનો પ્રસંગ રહેલો છે. ''સામાન્ય રીતે ચાવડા, કોડિયાતર, દારસર, ગોહીલ, સોલંકી, સામળા, શેલાણા, મૂછાળ, કળોત્રા, ખાંભલા, ખટાણા, સોબડ વગેરે શાખો તેમનામાં જોવા મળે છે.[૧૪]

સોરઠિયા રબારીની મુખ્ય દેવી મોમાઈ. 'મોમાઈ માતાનો મઢ 'સાંગાવાળીદેરી' શીલગામની બાજુમાં આવેલ છે. એ માતાનો પ્રથમ મઢ ગણાય છે બીજો મઢ શિડોકરમાં, ત્રીજો ચોરવાડમાં, ચોથો લોજમાં, પાંચમો બરેજમાં અને છઠ્ઠો આડેદરમાં આવેલા છે. તેમના માતાજીના સ્થાનકો મુખ્યત્યે બરડ ડુંગર ઉપર જ આવેલા છે. તેમનામાં મોરી શાખના રબારીઓની કુળદેવી 'વિહેત' છે તેનું સ્થાનક પોરબંદર પાસે કંટાલા ગામમાં છે. તેઓ શંકર ભાગવનાને પણ માને છે. સોમવારે દીવા કરે છે ને શંકર ભગવાનને રુદ્રી કરીને ધરે છે. દરેક માલધારી દર મહિને એક દિવસનું માખણ બીલેશ્વરને ધરે છે. ભાદરવી અમાસે બીલનાથનો મેળો ભરાય છે. દર ભીમ અગિયારસે મંજરીમાતાનો ઉત્સવ ઉજવે છે. તેઓનો મુખ્ય ઉત્સવ 'કળશ' અને 'શેલણ' છે. 'કળશ' ના ઉત્સવ વખતે તેમનું વિશિષ્ટ ગાન 'સરજૂ' ગાવામાં આવે છે. સરજૂને વિદ્વાનોએ સામગાનનો એક પ્રકાર ગણ્યો છે. માતાના મોટા ઉત્સવને મંડપ કે પૂંજ કહેવામાં આવે છે. આ લોકજાતિ ભૂવામાં ખૂબ શ્રદ્ધા ધરાવે છે. ભૂવાની આજ્ઞા પ્રમાણે વર્તે છે. ઝાલાવાડમાં દૂધરેજમાં 'વડવાળાની જગ્યા' તરીકે તેમનું સ્થાનક આવેલું છે.

સોરઠિયા રબારીઓના સ્ત્રી-પુરૂષો ઊંચા પડછંદને સુદઢ બાંધાના હોય છે. લંબગોળ ચહેરો ને મોટી ભૂરી આંખો એ એમની વિશિષ્ટતા છે. સોરઠિયાણી રબારણો ચપળ બુદ્ધિશાળી લાગે છે સ્ત્રીઓ કરતા પુરુષો ભણેલા અને વધુ હોશિંયાર હોય તેમ લાગે છે.

## વસ્ત્રાલંકારો :

સોરઠિયા રબારીઓમાં પુરુષો મુખ્યત્વે ચોરણો અથવા ધોતિયું, કેડિયું તથા ભરતભરેલી બંડી અને માથે આંટીવાળી મોટી પાઘડી પહેરે છે અથવા લાલરંગનું મેલખાયું બાંધે છે. સોરઠિયા રબારીઓના કેડિયા પાછળ પટ્ટીવાળા, કસવાળાને ઘેરદાર હોય છે. તેમના કેડિયાની બાંય હાથ કરતાં અર્ધો પોણો ફૂટ લાંબી હોય છે. તેથી કાંડા ઉપર ખૂબ કરચલીઓ પડે છે. સોરઠિયા રબારીઓના ચોરણા પગની લંબાઈ કરતા દોઢી લંબાઈનાને સાથળ ઉપર ખૂબ ઘેરવાળા હોય છે. તેમની બંડી આકર્ષક અને ભરત ભરેલી હોય છે. સ્ત્રીઓ પહેરવેશમાં ઉનની સાદી લાલ ધાબલી તથા છાપેલી ચૂંદડી (લાલ રંગની) પહેરે છે. લાલ રંગની છેડાવાળી 'જીમી' પહેરે છે ને અટલસનું ભરેલું કાપડું પહેરે છે.

સોરઠિયા રબારી કાનમાં સોનાના 'ઠોળિયા' કાનની ઉપર સોનાના 'ફૂલ અને કાનની બુટમાં સોનાના ચાંપવા' પહેરે છે. ગળામાં સોનાનો 'ટૂંપીઓ' તેમજ રૂદ્રાક્ષ પર સોનું મઢેલ આઠ-દસ તોલાની

માળા પહેરે છે. તેને પાવલા કાંથલી પણ કહે છે. કયારેક તુલસીના પારા સોનામાં મઢીને બનાવેલી માળા પહેરે છે. હાથમાં ચાંદીના 'સરલ' પહેરે છે. આંગળીઓ પર સોનામાં 'વેઢ' પહેરે છે. કેડ પર ચાંદીનો કંદોરો બાંધે છે.

સ્ત્રીઓ અલંકારમાં ગળામાં સોનાની 'હાંસડી' સોનાની 'કાંઠલી' અને વૃદ્ધસ્ત્રીઓ સોનાનો 'સુનિયો' પહેરે છે. યુવાન સ્ત્રીઓમાં કોઈ કોઈ સોનાનું છ-સાત તોલાનું 'બોરડું' પણ પહેરે છે. હાથમાં તેઓ કણંદીઓ અને કાંડાથી લઈને કોણી સુધીનો ચાંદીનો ચૂડો પહેરે છે. તેને 'ચૂડી' કહે છે. પગમાં ચાંદીના 'કડલા' પહેરે છે. કાનમાં ચાંદીના 'લોળિયા' અને 'ઝૂમણા' પહેરે છે. નાકમાં સોનાની નથ પહેરે છે. સોરઠિયા રબારીની સ્ત્રીઓ છૂંદણ ાની બહુ શોખીન છે. શરીરના દરેક અંગ ઉપર છૂંદણા ત્રોફાવે છે. ગાલ ઉપર દાઢી ઉપર, આંખ ઉપર, નેણના ઉપરના ભાગમાં કપાળમાં, ગળા ઉપર છાતી વચ્ચે, હાથ ઉપર, આંગળીઓથી લઈને છેક કોણી સુધી અને આખા પગ ઉપર પુષ્કળ છૂંદણા પડાવે છે. પુરુષો હાથ ઉપર ઈષ્ટદેવનું નામ ત્રોફાવે છે.

**વ્યવસાય :**

સોરઠિયા રબારીઓનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. ઘેંટા, બકરાં, ગાયો, ભેંસ, ઊંટ, વગેરેનો ઉછેર કરીને મોટા કરવા તેમજ તેમાં દૂધ તથા ઊનનું વેચાણ કરવું તે મુખ્ય વ્યવસાય ગણાય. સોરઠિયા રબારીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. છેલ્લા બે દાયકામાં શિક્ષણથી કોઈ વંચિત નહી હોય. ધંધા, નોકરીઓમાં જ્યાં ત્યાં સોરઠિયા રબારી જોવા મળે છે. હાલારમાં ઘણા સોરઠિયા રબારીઓ પોતાના ટ્રક, છકડા ચલાવી માલ-સામાન તથા મુસાફરોને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જતા જોવા મળે છે. નાની-મોટી હોટલ, ચાની લારી, પાનનો ગલ્લો, દૂધની ડેરી જેવા ધંધામાં સોરઠિયા રબારીઓ એ કાઠુ કાઢ્યું છે.

**ભરવાડઃ-**

ભરવાડ શબ્દની વ્યુત્પતિ બાબતે જુદા જુદા મતો પ્રવર્તમાન છે હિંદી ભાષામાં 'ભેડ' એટલે 'ઘેંટુ' ભેડને વાડામાં સંરક્ષિત રાખનાર પશુપાલક આ વર્ગ ભરવાડ તરીકે ઓળખાયો હોય એ માન્યતાને હાલ વધુ અનુમોદન મળે છે. ભરવાડ જાતિ વિશે ભગવદ્‌મંડળમાં લખ્યું છે કે 'બકરા', ઘેટા, ગાય વિ. પાળી તેને જ પોતાનું જીવન સર્વસ્વ માનનારી આ નામની એક જાતિ, ઢોર પાળનારો પશુધનવાળી એક જાતિ આ માલધારી કોમ છે. ઘણુખરું રબારીના જેવી જ તેમની રહેણી કરણી છે. પરંતુ તેઓ તેના કરતાં વધારે સમૂહમાં રહે છે. તેઓ તેમના ઘેટાં-બકરાંના ટોળા ગામની સીમમાં રાખે છે. દિવસે વાડી, મેદાન કે જ્યાં ચારો મળતો હોય ત્યાં લઈ જાય છે. રાતના પાછા ઘેર લાવે છે. તેઓ પોતાને નંદમેહના વંશજો

કહેવડાવે છે. ને ગોકુળ-મથુરામાં થી સૌરાષ્ટ્રમાં આવેલા છે. તેમ પણ કહે છે.[૧૫] ભરવાડો પોતાને શ્રીકૃષ્ણના ગોવાળિયા માને છે. મધ્યભારતમાંથી તેઓ શ્રીકૃષ્ણ સાથે નીકળ્યા અને છેક ઉત્તર બનાસકાઠાં પાસે થરા ગામમાં લીલુ ઘાસ-પાણી જોઈને સ્થિર થયા. થોડો સમય રોકાયા બાદ ભગવાને આગળ ચાલવાનું કહ્યું પણ આવો હરિયાળો પ્રદેશ છોડવાનું મન ન થયું. કેટલાક ભરવાડો શ્રીકૃષ્ણ સાથે આગળ ચાલ્યા. બાકી રહેલાને પછી સમજાયું કે આપણે ન ગયા તે ખોટું કર્યુ. તેથી તેઓ બીજે દિવસે ચાલતા થયા. શ્રીકૃષ્ણે સ્વપ્નમાં આવીને કહ્યું કે હવે ન આવશો, અહીં જ રહો અને અને સવારે આ જગ્યાએ ખોદજો શિવલિંગ નીળકે તો અહીંયા જ તમારું મૂળ સ્થાનક રાખજો ને વસવાટ કરજો. સવારે ખોદતા શિવલિંગ નીકળ્યું આથી આ લોકો બનાસકાંઠે વસ્યા અને શ્રીકૃષ્ણના કહેવાથી શંકર ભગવાન અને માતાજીના ભક્ત બન્યા. ભરવાડોએ ત્યાં શિવલિંગની સ્થાપના કરીને તે સ્થળે ધાર્મિક જગ્યા બનાવી, જે આજે ય 'ઝાંઝાવાડ' નામે ઓળખાય છે. આ જગ્યા ભરવાડોનું ઊગમસ્થાન ગણાય છે. ગુજરાતની અને સૌરાષ્ટ્રની સમસ્ત ભરવાડ કોમને આ જગ્યા માટે બહુ ભક્તિભાવ છે. બનાસકાંઠે જે ભરવાડોનો સમૂહ રોકાઈ ગયો તેના બે કુળ થયા. (૧) નાનાભાઈ (૨) મોટાભાઈ, નાનાભાઈ ઝાલાવાડ, ગોહિલવાડ જિલ્લામાં જોવા મળે છે. જ્યારે મોટાભાઈ હાલાર પ્રદેશમાં વસ્યા ગુજરાતમાં આ બંને વર્ગોના ભરવાડના વસવાટના અનેક નાના-મોટા સમૂહો છે. જેને તેઓ 'ગોળ' કહે છે. અને 'ગોળ' ની મર્યાદામાં તેમના પરસ્પરના 'બેટી' વ્યવહારો હોય છે દરેક ગોળ તેમના આગવા પંથકો યા પરગણાનાં વિશિષ્ટ નામોથી ઓળખાય છે. ભરવાડના કુલ ૯૫ પરગણામાંથી ૧૬ પરગણા નાનાભાઈ ભરવાડના અને ૭૯ પરગણા મોટાભાઈના મનાય છે. મોટાભાઈના પરગણાં ગુજરાતભરનાં વિવિધ પ્રદેશોમાં જોવા મળે છે. મોટાભાઈ ભરવાડોની ઈષ્ટદેવી મચ્છો માતા શાખ પ્રમાણે જુદીજુદી દેવીઓને માને છે. ચામુંડા, ખોડિયાર, નાગબાઈ, ગાત્રડ, રવેચી વગેરે દરેક દેવીઓના અલગ-અલગ ભૂવાઓ હોય છે. સૌરાષ્ટ્રમાં કેટલાક ભરવાડો હિંગળાજ માતાને વિશેષ માને છે. અહીંના દરેક ભરવાડને જિંદગીમાં એકવાર હિંગળાજ માતાના દર્શન કરી આવવાની ઝંખના હોય છે.

હાલારના ભરવાડો ખડતલ અને હિંમતવાળા છે. આખી કોમ ટાઢ-તડકો વેઠનારી છે. આ ભરવાડો દિવાળીથી જેઠ માસ સુધી જૂનાગઢ પાસેના વિભાગમાં પોતાના માલ સાથે ભટકે છે. જ્યાં ત્યાં પડાવનાખી પડી રહે છે. શિવરાત્રી અને બળેવના દિવસે માતાજીનો ઉત્સવ કરે છે. રામદેવપીર અને વાછડાદાદા ને પણ માને છે. સાંઢય અને બકરીને માતાજીનું વાહન ગણીને પૂજે છે. આમ તો આ જાતિ માતૃપૂજક છે.

## વસ્ત્રાલંકારો :

ભરવાડ 'પડછિયું' પાણકોરાનું ધોતીયાની જેમ બાંધે છે. અને માથા પર ઊનની ધાબળી બાંધે છે. શ્રીકૃષ્ણ સાથે આવ્યા એટલે સીવેલા વસ્ત્રો નથી પહેરતા, ખંભે ધાબળો નાખે છે. કેટલાક ભરવાડો સફેદ બંડી કે ચોરણો પણ પહેરે છે. સ્ત્રીઓ કાળા રંગનું ઊનનું બાંધણી બાંધેલ વસ્ત્ર જીમી તરીકે પહેરે છે. લીલા રંગનું કે ગૂઢા લાલ રંગનું અટલસનું ભરતભરેલું કાપડુ પહેરે છે અને બાંધણી બાંધેલ કાળી ધાબળી (ઊનની) ઓઢે છે.

ભરવાડ પુરુષો કાન અને ગળામાં સોનાના ઘરેણા ધારણ કરે છે. કાનમાં સોનાના 'ઠોળિયા' ડોકમાં સોસાની 'કાંઠવી' અને 'માળા', હાથમાં ચાંદીના કડા તેમજ હાથની આંગળીઓમાં સોનાનો 'કરડો' ધારણ કરે છે. જ્યારે ભરવાડ સ્ત્રીઓ ડોકમાં મરઘલી સોનાની, તેમજ માદળિયું અને 'દોરો' પણ પહરે છે. નાકમાં સોનાની 'નથ' હાથમાં હાથીદાંતના બલોયા પણ ધારણ કરે છે. હાથ-પગની આંગળીમાં કરડો, વીંટી, 'કબૂતરા', 'કડલી' વગેરે ચાંદીના પહેરે છે.

## વ્યવસાય :

હાલાર પ્રદેશમાં વસતા મોટાભાઈ ભરવાડો ગાડર બકરાં રાખે છે અને ઊનનો ધંધો કરે છે. તેઓ સ્થિર જીવન જીવનારી જાતિ છે. ઊન વેચીને પોતાનું ગુજરાન ચલાવે છે. ઊનને વર્ષમાં બે વાર કાતરવા પડે છે. ફાગણ મહિને અને ભાદરવે મહિને તેથી ઊન બે પ્રકારની આવે છે 'ચૈત્રી' અને 'શ્રાવણી' ભરવાડોનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. પરંતુ વર્તમાન સમયમાં તે માત્ર પશુપાલન ઉપર જ નિર્ભર નથી. ખેતી, ખેતમજૂરી નાના-મોટા ઉદ્યોગ-ધંધા સાથે સંકળાયેલા જોવા મળે છે. શહેરોમાં ગાય-ભેંસ દોહવાનું કામ પણ ભરવાડો કરે છે. પશુઓ ચરાવવા પણ ભરવાડો જાય છે. ઘરે-ઘરે દૂધ પહોંચાડવાનું કાર્ય પણ આ લોકો કરે છે. ગામ-શહેરની આસપાસ ચાની હોટલ, પાનનો ગલ્લો, દૂધની ડેરી ઊન તથા ઊનના વસ્ત્રોની નાની દુકાન. ટ્રક, ટેમ્પો ચલાવવા વગેરે કરીને આજનો ભરવાડ સમાજ રોજી મેળવાતો થયો છે. શિક્ષણનું પ્રમાણ ઓછું છે. છતાં આજે જે લોકો ભણ્યા છે અને શિક્ષણને મહત્ત્વ આપ્યું છે તેવા ઘણાય લોકો સરકારી-બિનસરકારી નોકરીમાં જોવા મળે છે.

## અગરવરછા ચારણ :

'કીર્તિનો સંચાર કરવાને કારણે જ એ ચારણ કહેવાયા.'चारयन्ति कीर्तिम् इति चारणः' આ એક પ્રાચીન જાતિ છે. જેનો ઉલ્લેખ 'રામાયણ', 'મહાભારત' વગેરેમાં થયો છે. એ લોકો શક્તિના ઉપાસક છે. બીકાનેર રાજ્યમાનું કરણીમાતાનું મંદિર એ એમનું ધર્મસ્થળ છે. એનું અભિવાદન પણ 'જયશ્રી માતાજી' થી થાય છે. પોતાના સંતાનનાં નામ એ લોકો દેવીઓના નામ પરથી રાખે છે. આવડમાતાએ

તેમને જ્ઞાનાર્જન વગર જ કવિત્વશક્તિ પ્રદાન કરી છે એવી દંતકથા છે.'[૧૬] તેઓની માન્તા પ્રમાણે જ્યારે આ જગતમાં ચાંદો-સૂરજ કંઈ નહોતું તે દિવસે ભગવાન શંકરે ચારણનું સર્જન કર્યુ તે પાર્વતીના ઢોર ચારવા તેને રાખ્યો ચારણ એકલો હતો એટલે શંકર ભગવાને કહ્યું કે પરીઓ પૃથ્વી પર રમવા આવે ત્યારે આડો ફરીને એકને રોકી લેજે. પરીઓ પૃથ્વી પર રમવા આવી ત્યારે ચારણે આડા ફરીને કહ્યું ! આવડીઆ' ત્યારથી ચારણોમાં આવડઆઈ થયા ને તેમાંથી ચારણોની ઉત્પત્તિ થઈ. ચારણોના મૂળપુરુષ માહોલજી અને તેનો પુત્ર ઘોડાજી, તેમાંથી ચારણકુળની ઉત્પત્તિ મનાય છે.

## સૌરાષ્ટ્રમાં ચારણોનું આગમન :-

'એમ માનવામાં આવે છે કે પૃથુ ભગવાન આ ચારણોને હિમાલયમાંથી તેલંગ દેશમાં લાવ્યા. પાછળથી કોઈ કારણસર તેલંગદેશ છોડી તેઓ સૌરાષ્ટ્રમાં આવી વસ્યા. સૌરાષ્ટ્ર ચારણોનું પિયર મનાય છે. જ્યારે કેટલાક ના મતે તેઓ પ્રથમ મારવાડમાં આવીને વસ્યા પછી તેઓ કચ્છ, મારવાડ અને ઉત્તરહિંદ તરફ ફેલાયા. આઠમી સદી સુધી આર્યવર્ત તેમનું વતન હતું. તેઓ છૂટાછવાયા પથરાયા હતા. કનોજ ફરતી મોટી જાગીરો પણ હતી. તે અરસામાં ચારણજાતિમાં આવડનો જન્મ થયો. એ દેવીએ પોતાનું નિવાસસ્થાન રજપૂતાના અને સિંધની સીમા પર બનાવ્યું હતું તેની શક્તિથી પ્રભાવિત થઈ ચારણજાતિએ રજપૂતાનાના પશ્ચિમભાગમાં પોતાનો વસવાટ કર્યો. અને ત્યાંથી તેઓ ગુજરાત, કાઠિયાવાડ, અને કચ્છમાં આવી વસ્યા.'[૧૭] ચારણો કાઠિયાવાડમાં સઘળા ભાગમાં છે કેટલેક ઠેકાણે જમીન અને કેટલેક ઠેકાણે આખુ ગામ તેમને જાગીરમાં મળેલું હોય છે તે ઉપર તથા ઢોર ઉપર ગુજરાન ચલાવે છે. કેટલાક પોઠીઆ ઉપર માલ ભરી કાઠિયાવાડ તથા રાજપૂતાના વચ્ચે ધંધો કરે છે. 'આ ચારણોએ ગમે તેટ કારણે કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત તથા મારવાડમાં જઈ વસવાટ કર્યો. ત્યાંની રીતભાતો તથા જીવનની રહેણીકરણીની તેમના ઉપર અસર પડી. પરિણામે એકબીજાથી જુદા જણાવા લગ્યા. ને જુદા-જુદા નામે ઓળખાતા થયા. મૂળ તેઓના નર, ચોરડો, સર્વે, અર્ધો તુંબેળ, એમ સાડાત્રણ વર્ગ ગણાય છે.'[૧૮] આ લોકજાતિની માન્યતા પ્રમાણે ચારણોના સાડાત્રણ પાડા આ પ્રમાણે છે. મારું, પરાજિયા, સોરઠિયા ને અર્ધો પાડો અગરવચ્છા ચારણો છે. ''નેસાઈ અને અગરવચ્છા કહેવાતા બીજા થોડા ચારણો છે. તેઓ હજુ સુધી પશુપાલન સિવાય બીજો એક પણ ધંધો જાણતા નથી. અને કરતા પણ નથી તેઓનું નિવાસસ્થાન સ્થાયી હોતુ તથી. ખાસ કરીને બરડા તથા ઓખામાં રહે છે. તેઓમાં બધા લગભગ અભણ છે. તેમના રીત રિવાજ પહેરવેશ તથા ખાનપાન બધાથી જુદી તરી આવે છે.

## અગરવચ્છા કેમ કહેવાયા :-

'આ લોકજાતિમાં અગરવચ્છા નામકરણ માટે ભિન્ન-ભિન્ન મતો પ્રર્વતે છે. એક મત પ્રમાણે લાખાફૂલાણીના વખતમાં રાજકવિ માવલ શાખાણીને અગરડી નામની એક દીકરી હતી. તે શુદ્ધ ચારણ ન હતી. રખાતની દીકરી હતી. એનો જે વંશ ચાલ્યો તે અગરવચ્છા કહેવાયો છે. જે ચારણોથી ઊતરતા ગણાય છે. બીજી લોકમાન્યતા પ્રમાણે અગર નામના ડુંગરમાં વસવાટ કરતા હોવાથી અગરવચ્છા કહેવાયા. ત્રીજી લોકમાન્યતા પ્રમાણે તેઓ જામરાવળની સાથે કચ્છમાંથી આવ્યા અને અગરકચ્છમાં રહેતા હોવાથી અગરવચ્છા ને તે પરથી અગરવચ્છા કહેવાયા.

અગરવચ્છા ચારણોને બીજા ચારણો ઊતરતા માને છે. તેમજ તેમની સાથે બેટી વહેવાર નથી કરતા એટલે પહેલા મત પ્રમાણે ચારણ પુરુષે હલકી જાતિની કોઈ સ્ત્રી સાથે સંબંધ હોય અને તેના વંશજો અગરવચ્છાથી ઓળાખાય હોય એમ માનવું શક્ય લાગે છે. આ ઉપરાંત અગરવચ્છાને અર્ધાપાડામાં એટલે અર્ધાવર્ણમાં ગણ્યા છે. એટલે આ લોકમાન્યતાનું સમર્થન થાય છે.''[૨૦]

હાલાર પ્રદેશમાં જોગવડની આસપાસ તેમજ જામનગર તથા બારાડીના પ્રદેશમાં ઠેર ઠેર આ લોકો વસે છે. તેઓ માલમાં મોટો માલ ભેંસો રાખે છે. સ્થળાંતર કરતી વખતે બળદ તથા ગધેડાનો ઉપયોગ કરે છે. આથી તેમના માલની સાથે બળદ તથા ગધેડા પણ હોય છે. આ લોકજાતિ દેવદેવીઓમાં અખૂટ શ્રદ્ધા ધરાવે છે. તેમની મુખ્યદેવી આવડમાતા છે. આ ઉપરાંત હોલ, ચાંચઈ, ખોડિયાર, નાગઈ, પીઠડ, વરવડી, કાગબાઈ, મોગલ, જોગડ-તોગડ, વગેરે દેવીઓને માને છે. વાછડાદાદાને પણ પૂજે છે. શીતળા-સાતમ અને નોરતા પણ ઉજવે છે. માતાજીના નિવેદ કરે છે. અન્ય કોઈ તહેવારોને માનતા નથી.

અગરવચ્છા ચારણોના સ્ત્રી-પુરુષો ઊંચા પડછંદ અને સુદઢ બાંધાના ભૂરાશ પડતી અણિયાળી આંખોવાળા ને સુંદર ચહેરો ધરાવનારા હોય છે. એમનો વર્ણ ઘઉંવર્ણો હોય છે. પુરુષો દાઢી-મૂછો રાખે છે. સ્ત્રીઓ પુરુષોની લાજ કાઢતી નથી. સ્ત્રીઓના ચહેરા પર હમેશા ઉદાસી જ છવાયેલી હોય છે. સ્ત્રીઓ પુરુષ કરતા ઘણી ચાલાક હોય છે. તેઓ પાંચ-પંદરના સમૂહમાં રહે છે. જ્યાં ઘાસચારો અને પાણી મળી રહે ત્યાં 'નેસ' બાંધીને રહે છે. તેમનું જીવન ભ્રમણ શીલ છે.

## વસ્ત્રાલંકારો :-

પુરુષો ચોરણો અથવા ધોતિયું પહેરે છે. મોટેભાગે ઉપરનું અંગ ખુલ્લુ રાખે છે. કોઈ-કોઈ યુવાનો કેડિયા પહેરે છે. ખભા પર પાણકોરાનો ખેસ નાખે છે. માથે પાઘડી બાધે છે. તેને 'ધોતિયું' કહે છે. તે પાઘડી (ધોતિયુ) ખંભાતી કાળી પાણનુ હોય છે. પુરુષો અલંકારો પહેરતા નથી. કોઈ યુવાનો

કાનમાં સોનાના ફૂલ પહેરે છે ને હાથમાં ચાંદીના કડલાં પહેરે છે. સ્ત્રીઓમાં કુવાંરી કન્યાઓ સફેદ જીમ્મી અને સફેદ રંગનું ઘેરદાર કસોવાળુ કેડિયું પહેરે છે. પરણેલી સ્ત્રી સીવ્યા વગરનું લાલ પેરણું ચણિયાને બદલે પહેરે છે. અને કાળા કે મજીઠ રંગનું ધારીવાળુ રેશમી કાપડુ પહેરે છે. ઓઢણી તરીકે લાલ રંગની ઊનની ધાબળી જેને 'સુંવાલિયો' કહે છે તે ઓઢે છે. વૃદ્ધિ સ્ત્રીઓ માતાજીની લાલ ધાબળી ઓઢે છે. વૃદ્ધ સ્ત્રીઓ માતાજીની લાલ ધાબળી ઓઢે છે. સ્ત્રીઓ પણ બહુ ઓછા અલંકારો પહેરે છે. ગળામાં ચાંદીની 'હાંસડી'ને સોનાનું 'જાળિયું' હાથમાં 'કડલી' ને કરડિયા' ચાંદીના, કાનમાં ચાંદીના વેઢલા તથા પગમાં ચાંદીની 'કાંબી' પહેરે છે.

**વ્યવસાય :-**

આ જ્ઞાતિના લોકોમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. તેમનો વ્યવસાય ગાયો-ભેંસો ઉછેરીને મોટા કરવા તેમજ તેનું દૂધ, ઘી, માખણ વેચીને પોતાનું ગુજરાન ચલાવવું. જામનગર તથા બારાડીના પ્રદેશમાં ઠેર-ઠેર આ લોકો વસે છે. તેઓ મોટે ભાગે ભેંસો-ગાયો વગેરે મોટો માલ રાખે છે.

સૌરાષ્ટ્રના બીજા બધા પ્રદેશો કરતા હાલારના ડુંગરાઓમાં માલધારીઓ વસવાટ ઘણો થયો છે. સાથે-સાથે આ લોકજાતિએ એક આગવી લોકસંસ્કૃતિનું નિર્માણ કર્યું છે. બરડો ડુંગર સોરઠી રબારણોના હલકભર્યા ગીતો ગાજે છે. તો બારાડી પ્રદેશમાંથી રબારણોના લીંપણ શિલ્પથી ઝળહળે છે. પંચકોશી તાલુકો ભરવાડોના ડાંડિયારાસથી અને મટકીરાસથી ધમકે છે. તો જોગવડનો પ્રદેશ અગરવચ્છા ચારણોના દૂહા, છંદ અને કવિતાના પડછંદા છે. માલધારીઓના વિવિધ લોકસાહિત્ય અને લોકકળાઓનથી શોભતો આ પ્રદેશ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં માલધારી લોકસંસ્કૃતિની એક નવી જ ભાત ઉપસાવીને સમૃદ્ધ બનાવ્યો છે.

## હાલારના માલધારીઓના રીતરિવાજો :-

## (૧) ભોપા રબારી :-

ભોપા રબારીઓમાં સગાઈ કે લગ્ન વખતે ગોરનું મહત્ત્વ હોય છે. કન્યાપક્ષ કે વરપક્ષના વડીલો ગોરબાપા મારફત સંબંધ બાંધે છે. સગોત્રમાં લગ્ન નથી થતા. સગાઈમાં ગોર મહારાજ કન્યાનું માગુ લઈને જાય છે. બન્ને પક્ષની સંમતિ હોય તો કન્યાને ઘેર બન્ને પક્ષના વડીલો ભેગા મળીને દૂધ પીએ છે. અને સામસામા અઢી-અઢી રૂપિયા દેવાય છે. આ વિધિને 'દૂધપીણું' સગપણ કર્યું કહેવાય છે. વરપક્ષ તરફથી કન્યાને રૂપિયો અને નાળિયેર આપીને ચૂંદડી ઓઢાડવામાં આવે છે. વરપક્ષ તરફથી કન્યાને વર્ષમાં બે જોડી કપડા આપવામાં આવે છે.

ભોપા રબારીમાં દીકરી જીવે ત્યાં સુધી મા-બાપ દહેજ આપે છે. દીકરીના લગ્ન કર્યા પછી ચાર આણા વળાવા પડે છે. ચારેય વખતે કંઈકને કંઈક કરિયાવર માતા-પિતા આપે છે. અને છેલ્લે આણે દીકરીને 'ધામેણું' આપે છે. ધામેણામાં ઘેંટા-બકરા, ગાય, ભેંસ વગેરે આપી શકાય છે. તેમજ ઘડકી, કોથળિયું, બગસીયું, ઘરેણા, કપડાં, વાસણ પણ યથાશક્તિ માતા-પિતા આપે છે. મોસાળુ પણ કરવાનો રિવાજ છે. તેને 'બાલેતર' કહે છે. દિયરવટાની પ્રથા આ જ્ઞાતિમાં જોવા મળે છે. પુનઃલગ્ન અને બહુપત્નીત્વનો રિવાજ પણ છે.

ભોપા રબારીમાં લગ્ન ચોમાસામાં ખાસનો અષાઢ તથા શ્રાવણ માસમાં રાખવામાં આવે છે. કારણ કે આ સમયગાળા દરમ્યાન તે પોતાના નિવાસ્થાને આવે છે. વળી 'સિંગળજ' વગેરે કેટલાક ગામોમાં લગ્નના મુહૂર્ત પક્ષીના અવાજ ઉપરથી જોવામાં આવે છે. મેદાનમાં સૌ ભેગા થાય. તિતરના અમુક પ્રકારના અવાજને તે શુભ માને છે એને એ મુજબ પક્ષી અવાજ કરે છે. પછી લગ્નના મુહૂર્ત નક્કી થાય છે. પક્ષીનો અવાજ ન આવે તો તે અઠવાડિયે લગ્ન ગોઠવાતા નથી.

વર-કન્યાના સગપણ નક્કી કર્યા બાદ યોગ્ય ઉંમરે લગ્ન કરવામાં આવે છે. બાળલગ્ન પ્રથા હવે આ જ્ઞાતિમાં રહી નથી. આ જ્ઞાતિમાં લગ્નની કંકોત્રી લખાતી નથી. માતાજીની આડી છે. માતાજીના સ્થાનેકથી નિવેદના ચોખા અને સોપારીની કોથળી આપે છે એ લઈને ગોર મહારાજ સાસરિયા પક્ષે વરપક્ષને ત્યાં આપવા જાય છે. વરપક્ષની બહેનો તેને વધાવી લે છે. દસ કે પંદર દિવસના લગ્ન લેવાય છે. પરિવારની બધી બહેનો સાંજે ભેગી મળીને સાંજીના ગીત ગાય છે. લગ્નગીતો ગવાયા બાદ લ્હાણું વહેચવામાં આવે છે. તેમા ખજૂર, ગોળ, પતાસા, વગેરે વહેંચે છે.

લગ્નપ્રસંગે વર-કન્યાના ઘરે ગણેશ સ્થાપન અને માણેકથંભની વિધિ કરવામાં આવે છે. લગ્નના આગળના દિવસે વર-કન્યાના શરીરે પીઠી ચોળવાનો રિવાજ છે. જાન આવે ત્યારે ગોર 'વરજોણુ' લઈને સામૈયુ કરવા જાય છે. વરજોણા'માં એક પીત્તળનું વાસણ, કંકુ અને ચોખા હોય છે. ગોરબાપા વરને ચાંદલો કરી સામૈયુ કરે પછી જાનને ઉતારે લઈ જવાય. વચ્ચે આવતા કોઈપણ દેવમંદિરે વરને પગે લગાડવામાં આવે છે. અબીલ-ગુલાલ ઉડાવવામાં આવે છે. જાનડીઓ ગીતોની રમઝટ બોલાવે છે.

જાન ઉતારે આવ્યા પછી વરપક્ષ તરફથી છાબ લઈને ગોર માંડવે આવે છે. છાબમાં સુહાગણી (ચૂંદડી) મોતીને ખાપુથી ભરેલુ સાચુ (અટતસ)નું કાપડું, પછેડી (જીમ્મી) અને સરનામી (સોનાનું ડોકનું ઘરેણું) શ્રીફળ તથા ચોખા હોય છે. સ્ત્રીવર્ગ છાબને વધાવી લે છે. પછી જાનને જમણ દેવાય છે. જાનને ત્રણ ટાઈમ જમવા આપવાનું હોય છે. પ્રથમ ટંકે ગોળ, ઘી અથવા ગળપાપડી, બીજે ટંકે ખીચડી-કઢી, અને ત્રીજે ટંકે લાપસીનું જમણ આપવાનો રીવાજ છે.

જાનમાં આવેલા તમામ સ્ત્રી-પુરુષોએ ભોજન કર્યા પછી વરરાજાને ગોરમહારાજ દેવમંદિરે પોંખે છે. ગોરમહારાજ વિધિ કરે છે. વરરાજાને લીલું કપડું માથે નાખીને ઓરડે લઈ જાય છે. ગણેશ સ્થાપન પાસે બેસાડવામાં આવે છે. માહયરા થાય, મીંઢોળ બંધાય પછી વર-કન્યાને વરમાળા પહેરાવી બહાર ચોરીમાં લઈ આવે છે. વરકન્યાને લગ્નવિધિ સમયે મૌન રહેવાનું હોય છે. કન્યાને ઘુંઘટ કઢાવે છે. હસ્તમેળાપ કરી ગોરમહારાજ અગ્નિદેવની સાક્ષીએ ચાર ફેરા ફેરવે છે. લગ્નની પૂર્ણાહૂતિ ‘સરજૂ’ ગાયા પછી થાય છે.

લગ્નપૂર્ણ થતા જાન ઉતારે આવે છે. અને ત્યાં જાનૈયાને લાપસી જમાડીને જાનને વિદાય કરવામાં આવે છે. કન્યાવિદાય સમયે માતા-પિતા તથા કન્યા પક્ષના સગાસંબંધીઓ સારા આશીર્વાદ દીકરીને આપી ભાવભીની આંખે દીકરીને વિદાય કરે છે. વિદાય સમયે કન્યાની માતા દૂધમાં પાણી અને ગુલાબ નાખી વરકન્યાનું પોખણું કરે છે. વેવાઈઓ સામ-સામા કંકુગુલાબના થાપા મારે છે. કન્યાની ઉંમર નાની હોય તો ગામને પાદરેથી કન્યાને ઉતારી લેવામાં આવે છે. પછી યોગ્ય ઉંમરે અને અનુકૂળતાએ પહેલું આણું વળાવવામાં આવે છે.

## સોરઠિયા રબારી :-

સોરઠિયા રબારીઓમા સગપણ નાનપણથી થઈ જાય છે. આ સંબંધ ગોરમહારાજ દ્વારા બંધાય છે. સગપણમાં બન્ને પક્ષના વડીલો હાજર રહે છે. સગપણમાં એકાદ-બે ઘરેણા આપવામાં આવે છે. રૂપિયો, નાળિયેર કન્યાના હાથમાં આપી કન્યાને ચૂંદડી ઓઢાડવામાં આવે છે. વર્ષો પહેલા ઓછી રકમ લેવાતી હતી. હાલમાં કેટલીક શાખાઓમાં લગ્નપેટે મોટી રકમની સોદાબાજી થાય છે.

લગ્નનાં ગોર મહારાજ પાસે લગ્નનું મુહૂર્ત જોવડાવી લગ્નકંકોત્રી લખવાનો રિવાજ છે. લગ્નમાં વરરાજાને ઊંટ પર બેસાડવામાં આવે છે. બાકીના જાનૈયા ચાલતા જતા હોય છે. દૂર જવાનું હોય તો બળદગાડામાં જાન જાય હાલમાં તો મોટર, ટ્રેકટર, ટ્રક, ટેમ્પો વગેરેનો ઉપયોગ થાય છે. ગામની ભાગોળે જાનનું સામૈયું કરવામાં આવે છે. સૌ પ્રથમ જાનને ગોળનું પાણી પીવડાવવામાં આવે છે. ત્યારબાદ જાનૈયા ઘરે માંડવે જમવા માટે જાય છે. વરરાજાને ગામની ભાગોળે જમાડવામાં આવે છે. જમણવારનું કાર્ય પૂર્ણ થાય એટલે કન્યાપક્ષની બહેનો ગામની ભાગોળે જાય છે ત્યાં વરરાજાનું પોંખણું થાય. સામ-સામા અબીલ-ગુલાલ, કંકુ છાંટે છે. પછી વરરાજાને ઉતારે બેસાડવામાં આવે છે. અને વરપક્ષની બહેનો કન્યાને ચૂંદડી ઓઢાડવા જાય છે. લગ્ન રાત્રિના સમયે થાય છે હાલમાં દિવસે થતા જોવા મળે છે. વર-કન્યાને ગોર મહારાજ માડવાની મધ્યમાં બેસાડે છે. હસ્તમેળાપ થાય ત્યારપછી ચાર ફેરા ફેરવવામાં આવે છે. લગ્નમાં કન્યાને લાજ કાઢવાની હોય છે.

સોરઠિયા રબારીઓના લગ્નમાં માણેકથંભ કે ખેતરપાળનો રિવાજ નથી. ગણેશ સ્થાપનનો રિવાજ છે. લગ્ન પૂર્ણ થયા બાદ સરજૂ ગાવામાં આવે છે. તમામ જાનૈયા ઉતારે આવે છે. બીજા દિવસે ઓળામણું કરે છે. ઓળામણાની વિધિ ગોર મહારાજ કરે છે. નાળિયેર, પાણીનો લોટો અને દીવો લઈને ઓળામણું કરવામાં આવે છે. પૈંડા નીચે નાળિયેર મૂકી પૈંડુ સીંચીને જાનને વિદાય આપવામાં આવે છે.

સોરઠિયા રબારીઓમાં બાળલગ્નની પ્રથા હતી. પરંતુ સમય અને સંજોગો અનુસાર હવે આ પ્રથા રહી નથી. છતાં અપવાદરૂપ કયાંક બાળલગ્ન થતા હશે. બહુપત્નીત્વપ્રથા છે. પુનઃલગ્નનો રિવાજ છે. દિયરવટાની પ્રથા ફરજિયાત છે. પણ દહેજનો રિવાજ નથી.

દીકરા-દીકરીના લગ્નપ્રસંગે ચણાની દાળના ખાંડેલા લાડવા, ગોળ પાપડી, મોહનથાળ, ગાંઠિયા મુખ્ય હોય છે. શાક, દાળ-ભાત, રોટલા-રોટલી પણ બનાવવામાં આવે છે. લગ્ન ખૂબ સાદાઈથી કરવામાં આવે છે. ખોટો દેખાડો કરી બિનજરૂરી ખર્ચ કરતા નથી.

**ભરવાડઃ-**

ભરવાડ જ્ઞાતિમાં સમૂહલગ્નની એક વિશિષ્ટ પ્રથા છે. એક માંડવે સો કન્યા પરણે છે. એક માણેકસ્તંભ આગળ સો કન્યાના કન્યાદાન દેવાય છે. તેને માંડવવિવાહ કહે છે. વર્ષમાં એક જ વાર લગ્ન યોજાય છે. તેથી બાળલગ્નની પ્રથા હતી આજે બાળલગ્નોની પ્રથા નથી રહી. પણ સમૂહલગ્નની પ્રથા તો તો આજે પણ જોવા મળે છે.

માંડવવિવાહ બે રીતે કરવામાં આવે છે. વ્યક્તિગત રીતે અને સમૂહગીત રીતે જે માલધારીને માંડવવિવાહ કરવો હોય તે ભૂવા પાસેથી તિથિ નક્કી કરે છે. નાતીલાની હાજરીમાં એકાદ મહિનો અગાઉ કંકોત્રી લખાય છે. જે માલધારી માંડવવિવાહ કરે તેની શાખા માંડવિયા પડે છે. એ માંડવિયો સો કન્યાનો બાપ કહેવાય છે. જે માલધારી સુખી સંપન્ન હોય તે આવો ખર્ચ કરી શકે. માંડવવિવાહમાં એક ટાઈમ જમણ આપવું પડે છે. જમણમાં લાડવા, ગાંઠિયા, ચણાનું શાક, દાળ-ભાત, વગેરે આપવું પડે છે. ઈ.સ.૧૯૧૪-૧૫માં જામનગર જિલ્લાના કાળાવડના એક માલધારીએ આવો માંડવવિવાહ યોજયો હતો એક જ માંડવે સો કન્યાને કન્યાદાન દેવાયા હતા. આ માંડવવિવાહની નિશાની આજે પણ કાળાવડમાં છે. ચાર ફૂટનો આટો અને સ્તંભ છે આજે પણ એ પંથકના ભરવાડો લગ્ન કરે છે ત્યારે વાજતે-ગાજતે ત્યાં પગે લાગવા જાય. ત્યાર પછી આવો મોટો માંડવવિવાહ કોઈએ યોજયો નથી. સમૂહલગ્ન થાય છે. તેમા તમામ માલધારીઓના સહકારથી લગ્નનો ખર્ચ ઉપાડવામાં આવે છે. આ ક્રિયાને 'દૂધપીનો' કહેવામાં આવે છે. આ પ્રસંગમાં દૂધ, ઘી અને માખણ બહુ વપરાય છે.

ભરવાડ જાતિનો માણેકસ્તંભ ખીજડાના આખા વૃક્ષમાંથી તૈયાર કરવામાં આવે છે. લગ્નતિથિ નક્કી થાય પછી શુભ મુહૂર્ત જોઈને ખીજડાનું વૃક્ષનું પૂજન કરીને ખીજડાના વૃક્ષનું પૂજન કરીને ખીજડાના થડને કાપીને સુતાર પાસે માણેકથંભ ઘડાવવામાં આવે છે. માણેકથંભ સળંગ લાકડાનો એકેય સાંધો કે ખીલી વગરનો હોવો જોઈએ. તેને જમીનમાં રોપીને પીપળાના પાન, નાડાછડી અને શ્રીફળ મૂકીને બાંધવામાં આવે છે. સ્તંભની ચારેતરફ કોતરણી કરવામાં આવે છે. સ્તંભની ફરતે ઘોડા, હાથી, પોપટ, ફૂલવેલ, કાનગોપી અને વલોણું, ગણપતિ કોતરેલ હોય છે. માણેકથંભ પાસે અખંડ દીવો પ્રગટાવવામાં આવે છે. લગ્નની જેટલી વરધી હોય તેટલા દિવળ સ્ત્રીઓ ત્યાં બેસી ગીત ગાય છે. લગ્ન પતી ગયા પછી આ લોકજાતિ માણેથંભને તળાવની પાસે કે શંકરની દેરી પાસે રોપી આવે છે. કોઈ સુખી માલધારીએ માંડવવિવાહ કર્યો હોય તો તે માણેકથંભ ત્યાં રહેવા દઈને તે જમીન ગોચરની જમની તરીકે આપી દે છે એ જગ્યાએ ફરી સમૂહલગ્ન થતા નથી. માણેકથંભ એ ભરવાડ લોકજાતિનું તેમનું લોકસંસ્કતિનું એક વિશિષ્ટ પ્રતીક છે.

ભરવાડ જાતિમાં કન્યાવિક્રયની પ્રથા છે. કન્યાના ૧૦૦ થી  ૫૦૦ રૂપિયા લેવામાં આવે છે. બીજવર હોય તો મોટી રકમ લેવામાં આવે છે. સગપણ કરે છે તેને ‘ગોળખાધો’ કહે છે. લગ્નતિથિ માતાજીના ભૂવા પાસે જોવરાવવામાં આવે છે. ગણેશ સ્થાપનાની પ્રથા છે. ઉકરડી બેસાડે છે. તેને ઉકરડી ખોળવી કહે છે. પીઠી ચોળવાની પ્રથા પણ છે. પીઠી વખતે વરરજાને ‘પહ’ ભરવામાં આવે છે. તેમાં વરરાજાને કુટુંબીજનો હાથમાં રૂપિયા આપે છે. સાંજીના ગીતો પરિવારની બહેનો દ્વારા રોજ ગવાય છે. ખજૂર અને ગોળની લ્હાણી કરવામાં આવે છે.

ભરવાડ જ્ઞાતિમાં જાનનું સામૈયુ ગામને ઝાંપે થાય છે. સાસુ જમાઈને ચાર પીંડીયા ઉતારીને પોખે છે. અણવર વરરાજાનો મામો થાય છે. આ એક વિશિષ્ટપ્રથા આ જ્ઞાતિમાં જોવા મળે છે. છાબની પ્રથા છે. છાબને ‘પરણામણ’ના લૂગંડા કહે છે. જો કન્યા નાની હોય તો રાતો ચોળિયાનો ઘાઘરો, અટલસની લીલી કાપડી અને એક ખુંભી  (ચુંદડી) સાચા છેડાની ને જો કન્યા ગાડે બેસે તેવડી હોય તો ઊનની ઘુંસી, અટલસનું કાપડું અને મોરજલી, લાલરંગની બાંધણી તથા બલોયુ અચૂક આપવા પડે છે. હાથીદાંતનું બલોયુ એ આ જાતિની વિશિષ્ટતા છે. વરનું પોખણું થઈ જાય પછી માયરા દેવાય છે ને વર-કન્યાનો હથેવાળો મેળવાય છે. ત્યારબાદ અગ્નિની સાક્ષીએ ચાર ફેરા ફરે છે. લગ્નની પૂર્ણાહૂતિ થાય પછી દહેજ-દાપાં ચૂકવાય છે. હાથઘરણાનો પણ રિવાજ છે. ઓળામણું કરીને દીકરીને ઝાંપેથી ઉતારી લેવામાં આવે છે. નાની ઉંમરમાં લગ્ન થયા હોય તો લગ્ન પછી બે-ત્રણ વર્ષ કન્યાને રોકવામાં આવે છે. ત્યારબાદ આણું કરવામાં આવે છે. આણામાં કન્યાને ઘેટાં-બકરા, વસ્ત્રો, ઘરેણા, વાસણ વગેરે અપાય છે.

ભરવાડ જ્ઞાતિનું બંધારણ લિખિત છે. બીજી કોઈ માલધારી જાતિમાં લિખિત બંધારણ નથી. આ જાતિમાં 'ભરવાડ જ્ઞાતિનો ધારો' નામે લિખિત બંધારણ છે. તે બંધારણની નકલો છપાવીને નાતના મુખીને આપવામાં આવે છે. તેમના લગ્ન અને સગાઈના ધારાઓનું બંધારણ નીચે મુજબ છે.

''(૧) જ્યારે કન્યા પરણે ત્યારે ધરીયા વિવાહના ધાનેબાઈ તથા પરણભણાના રૂા.૨૦૦ દીકરીના માવતરને આપવાના છે. કન્યાને ગાડે બેસાડે ત્યારે રૂા.૨૦૦ દીકરીના માવતરને આપવાના અને બીજે આણે રૂા.૧૦૦ આપવાના રહેશે.

(૨) જાન આવે ત્યારે કન્યાના માવતરે પોતાની યથાશક્તિ પ્રમાણે જમણવાર આપવાનું હોય છે. જાન એકલી આવી હોય તો વરોઠીનો રૂા. ૧૨। (સવા બાર ) ગામની નાતને વરનો બાપ આપે બે જાન આવી હોય તો વરોઠીનો લેવાનાં ઉપરાંત ઢોલી અને વાળંદને એક-એક રૂપિયો વરનો બાપ આપે.

(૩) લગ્નનમાં હોળીનો હારડો પાકા અઢીશેર ખાંડનો લેવાનો છે. પાકા અઢીશેર ખારેક લેવાની, ત્રણ શ્રીફળ લેવાના, ઘરઘરાણાનાં રૂા.૫૦૦/- માવતરે લેવાના. ખીચડો અરધો-અરધ, બલોયુ, લૂંગડાની એક જોડી આપવાની હોય છે.

(૪) દિયરવટુ સગા દિયર સાથે કરવાનું હોય તો કન્યાના માતા-પિતાને સાથણીના રૂા.૧૦૦ આપવા અને કુટુંબ પરિવારનો દિયર હોય તો રૂા.૨૦૦ કન્યાના પિતાને આપવાના. આ ઉપરાંત જો કોઈ માલધારી પોતાની દીકરીને ધોળેધર્મે (કશું લીધા વગર) પરણાવે તો કન્યાના સસરા જે દાગીના, કપડા આપે તેમાં નાતને પૂછવાનો હક્ક નથી.''[૨૨]

**અગરવચ્છા ચારણ :-**

અગરવચ્છા ચારણોમાં વર્ષે પહેલા બાળલગ્નનું પ્રમાણ ખૂબ જ હતું. દીકરો-દીકરી ચાર-પાંચ વર્ષના થાય કે લગ્ન કરી નાખતાં લગ્ન પછી કન્યા વયમાં આવે ત્યારે જ આણું કરતા. હાલમાં બાળલગ્નો કરતા નથી પણ સગપણતો નાની ઉમંરમાં જ કરવામાં આવે છે. સગપણ કર્યાને 'બોલ બોલ્યા' કહેવાય છે. સગપણની વિધિમાં નાળિયેરને સવા રૂપિયો કન્યાને આપીને ચાંદલો કરવામાં આવે છે. કેટલીક જગ્યાએ વર પક્ષ તરફથી કન્યાપક્ષને રૂા.૧૨૫ આપવામાં આવે છે.

બન્ને પક્ષની સગવડ મુજબ લગ્નપૂર્વે આઠ થી દસ દિવસે સાચુ મુહૂર્ત જોવડાવી લગ્નતિથિ નક્કી કરવામાં આવે છે. સામાન્ય રીતે એક નેસ કે એક ગામ દીઠ એક જ તિથિ નક્કી કરીને એજ તિથિએ સહુ પોત-પોતાના દીકરા-દીકરીઓ પરણાવે છે.

લગ્ન લખાયા પછી ઘર લીપી ગૂંપી, તોરણે, ચાકળા, ચંદરવાથી શણગારવામાં આવે છે. સ્ત્રીઓ પ્રાસંગિક ગીતો ગાય છે. ગોળ અને ખજૂરની લ્હાણી વહેંચાય છે. લગ્નના બે-ત્રણ દિવસ આગળ માંડવો નંખાય છે. માણેકથંભ રોપાય છે. ગણેશ સ્થાપનની પણ પ્રથા છે. પીઠીનો રિવાજ છે. સગા-સંબંધીઓને જમણ દેવાય છે. જાન આવે ત્યારે ગામની ભાગોળે સામૈયા થાય છે. જાનૈયા નેસડે જમવા જાય છે. વરને ગામને ઝાંપે ભોજન કરાવાય છે. પછી વરને રસ્તામાં આવતા કોઈપણ દેવમંદિરે પગે લગાડીને માંડવે લાવવામાં આવે છે. પાંદ્દું તોડવાની પ્રથા છે. વરને કન્યાની મા અથવા ભાભી પોંખે છે. પોંખણામાં ચાંદલો કરી ચોખા ચોડી બે ઘઉંનાં પડીઆ અને બે રાખના પડીઆ માથેથી ઉતારીને ચારે દિશાએ નાખવામાં આવે છે.

વરરાજાને સુરવાલ, કેડિયું અને પાઘડી અને ભેટ બાંધવામાં આવે છે. ગળામાં વરમાળા પહેરાવવામાં આવે છે. કન્યાને રેશમી ઘાઘરો, કાપડું તથા ચુંદડી પહેરાવવામાં આવ છે. માહયરા વખતે બ્રાહ્મણ શ્લોકો બોલીને હવનની ક્રિયા કરે છે. જવ તલ હોમે છે. પછી હસ્તમેળાપ કરાવે છે. ચોર ફેરો ફેરવાય ને પછી કંસાર જમાડાય છે. આ બધી વિધિ વખતે વરરાજાએ મૌન પાળવાનું હોય છે. વરકન્યાને કોડીએ રમાડવામાં આવે છે. આ પ્રસંગે સ્ત્રીઓ ફટાણા ગાય છે.

કન્યાના માવતર યથાશક્તિ કન્યાદાન આપે છે. હાથ ઘરણાનો રિવાજ છે. જાનને ત્રણ થી ચાર દિવસ રોકવામાં આવે છે. જમણ માં લાપસી, શીરો, લાડવા, ગાંઠિયા, શાક, દાળ-ભાત વગેરે અપાય છે.

જાનનું ઓળામણું થાય છે. ત્યારે પૈડુ સીંચે છે. કન્યાને ઝાંપેથી ઉતારી લેવામાં આવે છે. પછી કન્યા વયમાં આવે ત્યારે આણું કરવામાં આવે છે. કન્યાને બે થી ત્રણ આણા વળાવાય છે. દહેજનો રિવાજ નથી. મા-બાપની યથાશક્તિ પ્રમાણે કન્યાને ઘરેણા, રૂપિયા, વસ્ત્રો, વાસણ વગેરે ઉપરાંત સામૈયું, ચાકળા, પડદા, તોરણ અને ઘડકીનો કરિયાવર અપાય છે. બહુપત્નીત્વની પ્રથા છે. પુનઃલગ્નનો રિવાજ છે. દિયરવટાની પ્રથા ફરજિયાત છે. દિયર ભલે સ્ત્રીથી નાનો હોય પણ વિધવા સ્ત્રી કુટુંબ બહાર જઈ શકતી નથી. દસ વર્ષનો દિયર હોય તો યે પુખ્તવયતી વિધવાને દિયરવટુ વાળવું પડે છે. સગો દિયર ન હોય તો કુટુંબના દિયર સાથે દિયરવટું વાળવું પડે છે. દિયર પરણેલો હોય છતાં વિધવા ભાભી ને બીજી પત્ની તરીકે સ્વીકારવી પડે છે. આ લોકજાતિની એક કુપ્રથા ગણાય છે.

આ રીતે આ માલધારી જાતિઓના લગ્નસંસ્કારો હિન્દુ લગ્નસંસ્કરોથી સાવ જુદા છે. કન્યાવિક્રયની પ્રથા હોવાથી સ્ત્રીની તાબેદાર તરીકેની સ્થિતિ એમના લગ્નગીતોમાં જ્યાં ને ત્યાં ડોકિયા કરે છે. તેમના ગીતો સારી સરળ બાનીનું સમસ્યા ગીત છે. બુદ્ધિચાતુર્યનો વધુ બોજ લોકવાણી ઉપાડી શકતી નથી.

## હાલારના માલધારીઓની લોકકલા :-

## ભોપા રબારી :-

ભોપા રબારીઓ ગામ બહાર વાસમાં રહે છે. તેમના કૂબા ગોળાકાર ગારમાટીના હોય છે ને છજ્જા પર ઘાસ નાખેલ હોય છે. તેઓ કલાપ્રેમી લોકજાતિ છે. તેનું ગારમાટીનું લીંપણકામ કલાત્મક છે આવી લીપંણ કળા સોરઠિયા રબારીઓમાં જોવા મળતી નથી. તેમના ઘરમાં અનાજ ભરવાની કોઠી અને મોટા પટારા પણ માટીની નકશીવાળા હોય છે. નકશી લીલ હોય ત્યારે તેના વચ્ચે રંગબેરંગી લાલ, પીળી ને વાદળી અખબરિયા કાગળ પર માટી ચોડે છે. તે પારદર્શક કાચની ટીકડીઓ ચોડે છે. માટી સુકાઈ જતા આ અખબરિયા કાચ ઝગમગે તેમાય જો ભીંતો ખડીથી ધોયેલ હોય તો પરાવર્તનને કારણે ઘર આખું રંગબેરંગી સિતારાથી ઝળહળી ઊઠે છે. આજે તો અન્ય સમાજોના સમાગમમાં આવવાથી કેટલાક તો પોતાના મકાનો ચોરસ આકારના કર્યા છે. પરિણામે ગોળાકાર કૂબાઓ થઈ રહ્યા છે ? જોકે ચોરસ અકારના બે-ત્રણ ઓરડાવાળા મકાનો તૈયાર કરવા છતાંય તેના ઉપર માટીનું ચિત્રકામ તો કરેજ. માટીની નકશીવાળા મકાનો ભોપા રબારી સિવાય સૌરાષ્ટ્રની અન્ય કોમોમાં જોવા મળતા નથી. કયાંક ચિત્રકામવાળા મકાનો જોવા મળે પણ નકશી કામવાળા તો નહીં જ. આ ઉપરાંત મકાનની દીવાલો ઉપર પણ માટીના લીંપણથી ઉપસાવેલા સુંદર પશુ-પંખીના અન્ય કલાકૃતિવાળા ચિત્રો દોરેલા હોય છે. આ પરંપરા પેઢીઓથી ચાલી આવે છે. ઘરમાં ગાદલા-ગોદડા મૂકવાનો ડામચિયો પણ સુંદર ઘાટ ઉપસાવતો કોતરેલો જોવા મળે છે. ઘડકી રાખવાની ગૂંથેલી ફૂમતાવાળી માળી એની અંદર ઘડકીઓ રજાઈ અકબંધ રહે. માથે કપડાના રંગબેરંગી ટૂકડાઓથી સજાવેલો કે ભરત ભરેલો ચંદરવો, ભીંતો ચાકળા ચંદરવાથી મઢેલી અભેરાઈ એ કામની માંડ લોકકળાનો બેનમૂન વારસો જોવા મળે છે.

## સોરઠિયા રબારી :-

સોરઠિયા રબારીઓના નિવાસસ્થાન ડુંગર પર હોય છે, તેઓ ડુંગર ઉપર ગારમાટીથી લીંપીને ઘાસના છજ્જાવાળા લંબચોરસ આકારના નેસડા બનાવે છે. જ્યારે તળેટીમાં આવેલા નેસડા દેશી નળિયા અથવા છાપરા નાખેલા હોય છે. તેઓ નેસડાની દીવાલ પર રંગબેરંગી ચિત્રો અંકિત કરે છે. ભોપારબારીની જેવી લીપંણકલા આ લોકો પાસે નથી તેઓ ઓરડાની દીવાલો પર વેલબુટીની ભાત વૃક્ષો, ઊંટ, બકરા જેવા પ્રાણીઓ, મોર, પોપટ જેવા પક્ષીઓ લોકકલાની ભાતીગળ રંગરેખાથી અદ્ભૂત રીતે કલામયતાથી ઘરને શણગારે છે. ઘરમાં અનાજ ભરવાની કોઠી, પટારા, અનાજ દળવાની ઘંટી, ડામચિયો વગેરેને પણ લીપીં-ગૂંથીને શણગારે છે.

**ભરતકામ :-**

રબારી સ્ત્રીઓ વતનમાં હોય કે ભટકતા વનવગડે હોય પણ નવરાશના સમયે ભરતકામ ઉપાડે છે. નાની દીકરીઓની આંગડીઓથી માંડી, કમખા કાપડાને ઓઢણામાં રંગબેરંગી હીર ભરેને આભલાં ટાંકે આમ રંગોની મિલાવટમાં આભલા ચમકાવે આ સિવાય ઘોડિયાના ખોયા, ચાકળા, તોરણ, આણાની જોળી વગેરેમાં ભરતકામ કરે છે. આ કળા પેઢીદર પેઢી વારસામાં ઊતરી આવે છે. રબારી સ્ત્રીઓની દીકરીઓ દસ-બાર વર્ષની થાય એટલે મા જ દીકરીને આ કલા વારસામાં આપે છે. દીકરી નાની હોય ત્યારથી પોતાનો કરિયાવર તૈયાર કરવામા લાગી જાય છે. લગ્નના કપડાં, કાપડા, ગોદડા ઢકણિયો, ઉલેચ, ચાકળા, ચંદરવા વગેરે નાનપણથી તૈયાર કરવા માંડે છે. આ કામમાં તેની મા મદદરૂપ થ ાય છે.

માતા-પિતા ગરીબ હોય કે તવંગર પણ દીકરીનો કરિયાવર પોતાની રીતે આપવાનો હોય છે. આણામાં ‘ધડકી’ અચૂક અપાય છે. રંગબેરંગી લાલ, પીળા, સફેદ, ભૂરા, કાળા વગેરે રંગોથી મિશ્રિત વિવિધ આકાર અને ડિઝાઈનવાળી ધડકી રબારીઓની આગવી ઓળખ છે. ધડકી બનાવવા બે-ત્રણ સ્ત્રીઓ સાથે મળીને કાર્ય કરે છે. ધડકી ઉપરથી કન્યાના પરિવારનાં સંસ્કારનો પરિચય થાય છે.

ભરતકામમાં  વચ્ચે-વચ્ચે ચળકતા આભલા ટાંકે છે. કયાંક મોતી પણ ટાંકે છે. કેટલીકવાર નો ઉડીને આંખે વળગે એવા રંગબેરંગી કપડાના લીરા ટાંકીને ભરત કરે છે. ભાત-ભાતના રંગીન લીરાવાળી આકૃતિઓ અને ચિત્રો ઘેરા રંગના કપડાં ઉપર મનોહર રીતે દીપી ઊઠે છે. ભરતકામમાં રબારી સ્ત્રીઓની ભાતો ઊડીને આંખે ગળવે તેવી છે. કયાંક કુમળા પાન, અને ડાળીવાળી ફૂલવેલ, કયાંક પશુ-પંખીની હાલતી જતી હરોળને ઉપસાવે છે. તેમાં કયારેક હાથી, વાઘ, સિંહ, મોર, પોપટ, ચકલી તેમજ લાંબી-લાંબી ચાંચોવાળા બગલા અને સારસ પક્ષી પણ આવે. આમ વિવિધ પશું-પંખી સાથે તે રંગબેરંગી હીરભરત ભરેલા હોય.

**મોતીકામ :-**

રંગબેરંગી મોતીના તોરણ, સામૈયુ, ચાકળા, ચંદરવા, પછીતપાટી, ઈંઢોણી વગેરે કરિયાવર માટે તૈયાર કરાય છે. વિવિધ જાતના તોરણમા ફૂલવેલ, પક્ષીઓ ગણેશ, શ્રીકૃષ્ણ વગેરેનો આલેખ કરીને મોતીથી ઉપસાવવાની કળા રબારી સ્ત્રીઓમાં અજબ છે. મોતીકામ સુંદર ગોળમટોળ કે અર્ધ ગોળાકાર મોતીના વીઝણાં તેને કિનારી પણ મોતી ઝાલરોવાળી મોતીગૂંથણનું કામ વઘુ મહેનત વધારે ચોક્કસાઈ અને કુશળ આયોજન માગી લે છે. સફેદ ઉપરાંત લીલા જાંબુડિયા અને આસમાની મોતીનો ઉપયોગ આ ગૂંથણમાં કરવામાં આવે છે. રંગોનું વૈવિધ્ય અને ગૂંથણીના સુંદર સંયોજનોને કારણે એનું કલાવિધાન-ચિત્રણ જગતમાં જેબ મુકાવે તેવું થાય છે.

### ભાતીગળ રોટલો :

દૂધ, દહી, માખણ, ખીર, દૂધપાક એ માલધારીઓનું મુખ્ય ભોજન જ્યારે ખેડૂતવર્ણમાં લાપસી વિશેષ લાડુએ બ્રાહ્મણોનો મુખ્ય ખોરાક પણ બધાને સામાન્ય ખોરાક તો દૂધ, રોટલા, દહી-રોટલા, દાળ-રોટા, છાશ-રોટલા ને મરચું અથવા શાક કે સંભાર. મોતી જેવી જુવારના રોટલા મસળી મસળીને હાલારી રબારણો ભારે મીઠા બનાવે એક તો લીલવણી બાજરો કે જુવાર એના પરસુદી જેવા લોટમાંથી મસળીને હાથે ટીપીને ઘડેલા રોટલામાં લીલવણી ને ત્રાંબાવરણી ઝાંય ઊઠે છે. કલાવંતીઓ આ રોટલામાં પણ કસબ ઉતારે. એક આંગળીનો નખ સહેજ વધારે. બીજા હાથની આંગળીમાં વેઢ પહેર્યો હોય પછી ઘડતા-ઘડતા વેઢથી અને નખથી ભાત ઉઠાવતી આવે એમાં ખાજલીની ભાત પાડે લેરિયા ઊઠે ને આંકળિયું ઉપડતી આવે એવા ત્રણ-ત્રણ ભાત્યના ત્રાંબા વરણા રોટલામાં પ્યાલો ઘી સમાઈ જાય.

### અગરવચ્છા ચારણ :-

તેમના ઝૂંપડા તળિયેથી લંબચોરસ હોય ને ઉપરથી ગોળકાર હોય છે. લાકડાની ખપાટોથી ભીંત બનાવીને માટીથી તેને ચણે છે. તેને ઉપરથી ગાર્યથી લીંપેણ કરે છે. અને ખડીથી અજવાળે દે નીચે તળિયું ગાર્યથી લીપે છે. માથે ઘાસથી છજનું છાજે છે. જામનગર જિલ્લાના જાંબુડા ગામના ચારણ જ્ઞાતિના ઘરોમાં અરિડાની ભીત પર અબરખનું લીંપણ કરી રંગપૂરણી કરવામાં આવતી આ રંગપૂરણીથી દિવસમાં ઓરડો પ્રકાશમય લાગે અને રાત્રિએ આભામંડળની પ્રતીતિ થાય તેવી બેનમૂન કલાકારીગરીથી ઓરડાઓ શણગારમાં આવતા હતા. ઓસરીનું આંગણ રોજેરોજ લીંપાય અને સાથિયા પુરાય. બારસાખ પર ગણેશજીની મૂર્તિ, બાજુમાં પાણીનું બેડુ ભરેલું આભલા જેવા લોટા પાણિયારા પાસે ભરત ભરેલા ઉલેચ બાંધ્યા હોય.

## હાલારના માલધારીઓનું લોકસાહિત્ય :

## લોકગીતોમાં રાસડા :-

સંસ્કાર અને સાંસારિક ગીતોથી હાલારના માલધારીઓનું લોકસાહિત્ય ભર્યું ભાદર્યુ છે. સંસારના બધા મનોભાવોને આ લોકગીતોની ગાનારીએ ગાયા છે. માનવસ્વભાવની એકેય ઊર્મિ નાની કે મોટી ગીતમાંથી બાકાત નથી રાખી. તેથી જ લોકગીતોમાં માનવ-મહામાનવ કે વિરાટ માનવનું દર્શન થાય છે. તો પછી જીવનના ગૂઢ રહસ્યના વિષયથી લોકગીત કેમ વંચિત રહે ? જીવનના ગૂઢ તત્વજ્ઞાનને સાદી અને સરળ બોલીમા લોકનારીએ કેવું ઘૂંટીને રાસડામાં ઉતાર્યું છે એવાં 'વણઝારાનો રાસડો' સોરઠિયા રબારીઓમાં પ્રચલિત છે.

'લાલ વણઝારા લ્યો રે... છેલ વણઝારા લ્યોરે.....

વણ ચડયો ગુજરાત !

કૂવો હોય તો તાગીએ વણઝારાજી રે ! (૨)
સમંદર તાગ્યા કેમ જાય રે !

- લાલ વણઝારા લ્યો રે...

ખેતર હોય તો ખેડીએ વણઝારાજી રે...! (૨)
ડુંગરા ખેડયા કીમ જાય રે... !

- લાલ વણઝારા લ્યો રે...

કાગળ હોય તો વાંચીએ વણઝારાજી રે....(૨)
કરમ વાંચિયા કીમ જાય રે...?

- લાલ વણઝારા લ્યો રે...

પોપટ હોય તો પાળીએ વણઝારા લ્યો રે....
જગત પાલી કેમ જાય રે....?

- લાલ વણઝારા લ્યો રે...[૨૩]

લોકગીતોમાં વિવિધ પ્રકારના વસ્ત્રાલંકારનો ઉલ્લેખ મળે છે. નારીજાતિને વસ્ત્રાલંકારનો એક વિશેષ પ્રકારનો મોહ હોય છે. અલંકારનો મોહ તો નારીને ખાનપાન કરતાયે વધારે લાગેલો હોય છે. લોકગીતોમાં સોના-ચાંદીની તો ખોટ જ નથી હોતી એટલે અધમણ સોનું છે. સવામણ રૂપુ તો માત્ર ટીલડીમાં વપરાય છે. સોરઠિયા રબારીઓમાં આવો ટીલડીનો રાસડો પ્રચલિત છે. લોકનારીનો આવો શણગાર પતિને ઘાયલ કરી નાખે છે.

એવો ભાવ દર્શાવતો રાસડો આ પ્રમાણે છે.

'પેર પોપટડી પાંચ પટોળા ચીર, હાથે સોનાગરી ચૂડી રે (૨)
તારા ચૂડલાનો શણગાર, મારા હૈડામાં લાગ્યો રે (૨)
પેર પોપટડી પાંચ પટોળા ચીર, હાથે સોનાની ચૂડી રે....(૨)
તારી કાંબિયારો શણગાર, મારા હૈયામાં લાગ્યો રે ...(૨)
પેર પોપટડી પાંચ પટોળા ચીર, હાથે સોનાની ચૂડી રે....(૨)

**સોરડિયા રબારીના** ગામમાં જુમા વણઝારી અલંકારો લઈને વેચવા આવે છે. લોકનારી આતુરતાથી એને પૂછે છે કે તારી પેટીમાં શુ ભર્યું છે. વણઝારી કહે છે કે પરણેતરના અલંકારો છે. આ સંવાદ ચાલી રહ્યો છે ત્યાં જ એ નારીનો પતિ વેલ લઈને આણું તેડવા આવી રહ્યો હોય છે. પત્નીનો હર્ષ નથી સમાતો અન્યત્ર પણ ગીત પ્રાપ્ત છે.

''જુમા જુમા જુમાના જુમાના વણઝારી રે લોલ !
તારી પેટીમાં શું શું ભર્યું ? વણઝારી રે લોલ
ઈ તો પરણેતરના કડલાં રે લોલ !
જુમા જુમા જુમાના જુમાના વણઝારી રે લોલ !
સામે તે કાંઠે વેલડી આવી, આવતા દીઠી વાલમજી !
વેલડીનો હાંકનારો નાનો નાહોલિયો વાલમજી!
ઘડીક ઊભા રો તો હું કડલા પહેરું વાલમજી!
કાબિયુંમાં વારી વારી જાઉ રે નાહોલિયો વાલમજી !
જુમા-જુના જુમાના જુમાના વણઝારી રે લોલ !
તારી પેટીમાં શું શું ભર્યું વણઝારી રે લોલ !
ઈતો પરણેતરની ચૂડલી રે લોલ !''

કાનુડા વિષયક રાસડામાં મોરલી તો હોય જ ! શ્રીકૃષ્ણને પ્રિય મોરલી છે. લોકજીવનમાં પ્રીતનું રૂપાળુ પ્રતીક ગણવામાં આવે છે. ગોપીઓ મોરલીના સૂરે ભાન ભૂલી બહાવરી બની જાય છે.

'કાનુડા રે મારે ઘેર પછવાડે મોરલી શીદ વગડાવે !
મોરલી રીમાયા લાગે, નયણે નિંદ્રા ના આવે ! કાનુડા રે....

'ઊઠયો રે પારવને નાર ઉતારા દેવરાવો
ઉતારા ઓરડા અને ગણોસો લીલા કાનડ લ્યોને ! કાનુડા રે....

'ઊઠયો રે પારવતે નાર દાતણિયા દેવરાવો....
દાતણે દાડમી અતે ગણોસો લીલા કાનડ લ્યો ને ! કાનુડા રે....

આવો જ ભાવ પ્રગટાવતું મોરલીનું એક ગીત શ્રી પુષ્કર ચંદરવાકરે 'વાગે રૂડી વાંસળી રે !' સંગ્રહમાં ટાંકયું છે તે આ પ્રમાણે છે.

'એ કાના રે મારા ઘર પછવાડે મોરલી શીદ વગાડી
એ કે દાડાની મને માયા લાગી નેણલે નીંદના આવે'[૨૪]

હાલારની ગોપનારી રાંધવા-ચીંધવાના અને ખાવા-પીવાના કામને મહત્ત્વ આપતી નથી. પણ ગાયો ભેંસોના કામનું મહત્ત્વ હોય છે. આ આખોય રાસડો ગોપસંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે. કોઈ ગોપી મોરલીના આકર્ષણને કામના ઓઠા નીચે ટાળે છે. તો કોઈ ગોપી જઈ શકતી નથી એટલે વિહ્વળતા અનુભવે છે. એવી મિલનાતુર ગોપીની તડપતીને પ્રગટાવતા આ રાસડો માલધારી સોરઠિયા રબારી સ્ત્રીઓમાં એક તાળી સાથે ગવાય છે.

''વાગે છે વાગે એ મધુપુરમાં મોરલી વાગે સે !
હા...હા...વાગે સે વાગે એ મધુપુરમાં મોરલી વાગે સે !
સસરો અમારો ભરનિંદ્રામાં
અરે ! સાસુડી વેરણ જાગે સે ! મધુપુરમાં મોરલી વાગે સે !
વાગે સે વાગે સે મધુપુરમાં મોરલી વાગે સે !''

કાનુડો માત્ર મહી, માખણ ચોરીને કે દાણ લઈને જ નથી સતાવતો, પણ જમુના નદીમા ન્હાતી ગોપીઓના કિનારે પડેલા વસ્ત્રો હરી લઈને હેરાન પરેશાન કરી મૂકે છે. આવા અટકચાળાથી ત્રાસીને ગોપીઓ માતા જશોદા પાસે રાવ ખાય છે. એનું વર્ણન કરતી ભોળી રબારી સ્ત્રીઓએ ગાયેલો ત્રણ તાળીનો રાસડો આ પ્રમાણે છે.

'વનરા તે વનમાં મોરપીછીં ઝાઝી (૨)
મોરલિયાની ઝણ્ય બહુ વાગે રે, વાલા ગોકુલ ગ્યાંતા !
હાલોને બાયુ નાવા તે જઈએ (૨)
જમનાજીમાં નાહી લઈ રે, વાલા ગોકુળ ગયા'તા !
વસતર ઉતારી કાંઠડે મેલ્યા (૨)
કાનુડો હેરણ હરે રે....વાલા ગોકુળ ગ્યાંતા !
હાલોને બાયુ રાવે રે જાઈએ.... (૨)
માતા જસોદાને કહીએ....વાલા ગોકુળ ગ્યા તા !

ભોપા રબારીઓના રાસડામાં પતિને રસિયાનું અને રસીલાનું સંબોધન કરતા રાસડા જોવા મળે છે.

'લીબુંડા ઝૂલે તારા બાગમાં રે લોલ (૨)
હા રે મારો રસીલો ઝૂલે પરદેશ રે....!
લીંબુડા ઝૂલે તારા બાગમાં રે લોલ....(૨)
એ બંદૂકની મારી હું નહીં મરું રે લોલ...!
હારે હું તો મેણાની મારી મરી મરી જાઉ રે...!
લીબુંડા ઝૂલે તારા બાગમાં રે લોલ....(૨)

ભારતવર્ષમાં પારિવારિક જીવનમાં સાસુની જેમ નણંદને પણ એક નિર્દયી પાત્ર માનવામાં આવે છે. નણંદ-ભોજાઈ વચ્ચે રોજ થતા કજિયા, ઈર્ષ્યા તેમજ દ્વેષની ભાવના લોકગીતો માટે ચિરંતન વર્ણી સામગ્રી છે. લોકલજ્જાને લીધે નણંદના અવાચ્છીય વ્યવહારો અને અત્યાચારોનો વિરોધ બહુ સામાજિક જીવનમાં ભલે ન કરે, પણ લોકગીતોમાં સ્પષ્ટ રીતે ચૂગલીખોર અને ઝઘડાળું નણંદને વર્ણવે છે.'[૨૫] લંવગડા વેરાઈ જાય છે ત્યારે દિયર મદદરૂપ બને છે. પણ નણંદ જઈને ચાડી જાઈ આવે છે ને વહુને પિયરની વાટ લેવી પડે છે. એવા જ ભાાવ દર્શાવતુ **ભોપારબારી**ઓમાં એક લોકગીત રાસડામાં ગવાય છે.

''પાંચ રે પાલીનું દણઘેલું કીધું....મહકે રીગણું !
લઈને ચૂલામાં ભર્યું દણઘેલું દાઝે....મહકે રીગણું !
નણંદે જઈને સાસુને કીધુ રે....મહકે રીગણું !
વહુના સસરા વહુને મહિયર ઓળાવો રે...મહેકે રીગણું !
સસરાએ જઈને જેઠજીને કીધું રે....મહકે રીંગણું !
વહુના જેઠજી વહુને મહિયર ઓળાવો રે...મહકે રીંગણું !

સસરા અને જેઠ એ તો કુટુંબની વડીલને પૂજનીય વ્યક્તિઓ ગણાય-લાજની પ્રથાને લીધે લોકજાતિમાં ખાસ કોઈ વાણી-વ્યવહાર થતો નથી. આ લોકનારીને સસરાને જેઠ સાંઢિયા જેવા અને મરચા જેવા તીખા લાગે છે. તેનું વર્ણન નીચેના રાસડામાં કર્યું છે.

વાલીડા વીર હવે તો આણા મોકલો રે...!
મારો સસરો તે સાંઢિયા જેવડો રે...!
કાંઈ ડાંકુ ભરે કાંઈ ડાકું ભરે રે...!
વાલીડા વીર હવે તો આણા મોકલો રે...!
મારો જેઠ તો મરચા જેવો તીખો રે...!
કાંઈ તીખો લાગે કાંઈ તીખો લાગે રે...!
વાલીડા વીર હવે તો આણા મોકલો રે...!
મારો દેર તો દેડકા જેવડો રે...!
કાંઈ તડપુ મારે કાંઈ તડપું મારે રે...!
વાલીડા વીર હવે તો આણા મોકલો રે...!

**ભોપી રબારણો** ના મુખ્ય-મુખ્ય અલંકારોનો ઉલ્લેખ લોકગીતમાં આવી જાય છે. વસ્ત્રાલંકારોથી સજ્જ એવી આકર્ષક લોકનારીને પોપટડીનું સંબોધન કર્યું છે. પોપટડી જેવું નાજુક સુવાળું અને હરિયાળું મનોહર સૌંદર્ય શણગાર સર્જેલી આ જુવતીનું છે. જે સૌંદર્યથી પ્રિયતમ ઘાયલ થઈ જાય છે. આવું જ એક લોકગીત ભોપારબારીઓમાં અલંકારની જોડનું વર્ણન કરતું લોકગીત પ્રકાશિત છે.

''સાહ્યબો સલૂણી નાની નણંદલનો વીર છે,
ઝીણા ઝીણાં ઝાંઝરા ઘડાવો મારા સાહ્યબા !
પગ પરમાણે મુને કડલા રે લાવજો સાહ્યબા !
એ કાંબિયુની મને ઘણી હામ રે મારા સાહ્યબા''

હાલારના માલધારી ભોપા રબારીઓમાં નારીઓ બારમાસી રાસડા ગાય છે. અને એક બારમાસી ગીત ટાકયું છે જેમા આદિથી અંત સુધી વિચારે છે. પણ વચ્ચે થોડી ક્ષણો માટે પ્રિયતમનો વિરહિણી નારીને સંયોગ થાય છે. પણ તે ક્ષણ  પુરતું જ ને ફરી પાછો વિયોગ આવે છે એવો ભાવ એમા નિરૂપિત થયો છે.

''ચૈતરે સૂરજ તપે આકાશ, તમે તો મારા અંગ બળેરે લોલ
વૈશાખ ગોપિયું વનમાં જાય, વાલોજીને ગોતવા રે લોલ !
બાયુ કોઈ દેખાડો દીનોનાથ, વાલોજી મારો કીયારે લોલ !
જેઠે ઓધવજી ધીરે આવ્યા, સંદેશડો શુ રે લાવ્યા રે લોલ !
અષાઢે ઝીણી ઝબૂકે વીજ, ને ઝરમર વરસે મેઘરે લોલ !
શ્રાવણ વરસે સરવડિયે નદીએ બહોળા નીર રે લોલ !''

દાંપત્ય જીવનમાં રીસામણા-મનામણ એતો ભરતી ઓટનું કાર્ય કરે છે. કયારેક પતિ રીસાઈને ઘેર નથી આવતો. કયારેક પત્ની રીસાઈને પિયરની વાટ પકડે છે. ત્યારે ખીજાયેલો પતિ લીલો સોટો લઈને પત્નીને પિયર જતી અટકાવે છે. એ વિષયને વર્ણવતો **ભરવાડ જાતિ**નો હીંચનો અકે રાસડો પ્રચલિત છે.

''એ મોરલી તો હાલી રંગ રુસણે રે....
એને કોણ મનાવા તે જાય રે...રંગ મોરલી !
એ હં અ...અ...અ....ને હોવે...
હું તો મારે મહિયર જઈશ રે...રંગમોરલી !
એ મોરલી તે હાલી રંગ રુસણે રે !
એને કોણ મનાવા તે જાય રે....રંગમોરલી !
એને મનાવા તે જાય સાસરિયો પાતળિયો રે....
વહુઆરુ...પાછા રે વળો ...રે ...રંગમોરલી
તમારી વાળી સસરાજી હું રે નહી વળું રે...
એ હું અ...અ...અ... ને હોવે...!

હાલારની માલધારી  ભરવાડ  જાતિમાં  બીજુ એક આવો જ ભાવ દર્શાવતું લોકગીત નીચે પ્રમાણે છે.

''મારે આંગણે ગુલાબનો છોડ, ગુલાબ દડે રમતીતી !
મારો સસરો આણે આવ્યા, ગુલાબ દડે રમતી તી !
ઈ તો ગાડુ જોડી લાવ્યા, ગુલાબ દડે રમતી તી !
હું તો ગાડે બેહી નંઈ જાઉ, ગુલાબ દડે રમતી તી !
મારે આંગણ ગુલાબનો છોડ, ગુલાબ દડે રમતી તી !

ભરવાડ જાતિમાં પ્રચલિત દરેયાનું લોકગીત ભરવાડ સ્ત્રીઓ રાસડામાં ગાય છે. ભરવાડણે તેની બોલીમાં દિયરને લાડ લડાવ્યા છે. તે દરેયાના લોકગીત દ્વારા પ્રગટ થાય છે. ભાભી કહે છે કે દિયર તમે રૂડાને રૂપાળા છો. પણ તમારી જમણી આંખનો ચાળો તમારી બૂરી દાનતને પ્રગટ કરે છે. માટે મર્યાદામાં રહો તો સારું. સ્વ. મેઘાણી આવે જ ભાવ પ્રગટ કરતુ લોકગીત ટાંકે છે'[૨૬]

દેર મારો રૂડોને રૂપાળો, લખણનો પૂરો રે દેરૈ યો ! (૨)
દેર તારી ઊઠી છે જમણી આંખ્ય નજરનો હીણો દેરૈયો (૨)
- દેર મારો રૂડોને...

દેર તમે થોડા અમલમાં હાલો, ખૂટલ કે'વાસો દરૈયા ! (૨)
દેર તારે માથે મેવાડ મોળિયા, કેવો રૂડો શોભે દેરૈયા (૨)
- દેર મારો રૂડોને...

દેર તમે થોડા અમલમાં હાલો, ખૂટલ કે'વાલો હેરૈયા ! (૨)
દેર તારે ખંભે ખંતીલો ખેસ, કેવો રૂડો શોભે દેરૈયો (૨)
- દેર મારો રૂડોને...

ભરવાડ જાતિમાં 'વીંછીડો' નામનો એક હીંચનો રાસડો પ્રચલિત છે. એમાં સાસરિયા અને પિયરિયાના સ્નેહની તુલનાત્મક અભિવ્યક્તિ પ્રગટ થઈ છે. !

માડી હું તો ભૂંભલા વીણવા ગઈ'તી મા વીછીડો !
હંબો હંબો વીછીડો !
માડી મુને ભૂંભલા વીણતાં કૈડો, મા વીંછીડો !
હંબો હંબો વીંછીડો !
માડી મારો સાસરો વૈદડા ગોતે, મા વીછીડો !
હંબો હંબો વીછીડો !
માડી મુને પગે સોજા આવ્યા, મા વીછીડો !
હંબો હંબો વીંછીડો !
માડી મારા સસરાના વૈદડા ખોટા, મા વીછીડો !
હંબો હંબો વીછીડો !

અસ્થિર જીવન જીવતી અગરવચ્છા ચારણોની જાતિને વતન છોડી દૂર-દૂર ભમવું પડે છે. એટલે એમનામાં જન્મભૂમિનું આકર્ષણ પ્રબળ હોય છે. એ આકર્ષણમાંથી ઉદ્‌ભવતી માતૃભૂમિની મમતાનું માર્મિક આલેખન કરતા લોકગીતો પણ મળી આવે છે. આ લોકગીતોમાં દેશમાં જવાની એક પ્રબળ ઝંખના પ્રગટ થાય છે. સાથે-સાથે દેશની તથા દેશીજનોની પ્રશંસા પણ વર્ણવેલ છે. અગરવચ્છા ચારણોમાં એક રાસડો આ પ્રચલિત છે.

‘આપણા મલકના માયાળુ માનવી (૨)
  એ માયા મેલીને મત જાવ દરબાર
                હાલોને આપણા મલકમાં...

આપડા મલકમાં ઉતારા ઓરડા,
એ ઉતારા કરીને ઘોડે ચડો દરબાર,
                હાલોને આપણા મલકમાં...

આપડા મલકમા દાતણ દાડમી
એ દાતણિયા કરીને ઘોડે ચડો દરબાર
                હાલોને આપણા મલકમાં...

આપડા મલકમાં નાવણ કૂડિયું
એ નાવણિયા કરીને ઘોડે ચડો દરબાર !
                હાલોને આપણા મલકમાં...

ઉપરના રાસડામાં વાંઢયે જતાં માલધારી જાતિના સામાજિક જીવનનું તાદશ ચિત્ર અંકિત થયું છે. વાંઢયે જતા માલધારીઓને વગડામાં નેસડા બાંધીને રહેવું પડે છે. ત્યાં આવી સુવિધા કયાંથી મળશે ? પોતાના વતનમાં ને પોતાના ઘરમાં જ આ સુવિધાઓ મળે છે. વારંવાર આવતી પંક્તિ ‘હાલોને આપડા મલકમાં’ પોતાના વિસ્તાર પ્રત્યેની એક પ્રબળ ઝંખના પ્રદર્શિત કરે છે. આવો જ એક બીજો રાસડો અગરવચ્છા ચારણોમાં પ્રચલિત છે.

ઓરે ઓરે સે ઝાલું ને ઝૂમણા
                હોરે....હોરે....મણિયારા !
મારા દેશમ માડુ શામળી સુરતના
                હોરે....હોરે....મણિયારા !
ઓરે ઓરે એ ઝાલું ને ઝૂમણાં
                હોરે....હોરે....મણિયારા !
મારા મલકની માડુ મીઠડિયું બોલિયુંના
                હોરે....હોરે....મણિયારા !

હાલારના માલધારી જાતિના રાસડાઓમાં પત્નીએ પતિને ‘ગુલાબી ગોટો’, ‘ગુલાબી’ કે રસીલા તરીકે જ સંબોધ્યો છે. પતિનો પ્રેમ એના માટે ફૂલડાની ફોર્યુ છે. એવો ભાવ નિરૂપતો અગરવચ્છા ચારણોમાં એક રાસડો પ્રચલિત છે તે અહીં ટાંકયો ?

આજ રે ! સપનામાં મે તો ગુલાબી ગોટો દીઠો જો !
એ ફૂલડાની ફોર્યુ અમારા સપનામાં રે !
ગુલાબી ગોટો ઈતો અમારો પરણ્યો જો !
ફૂલડાની ફોર્યુ અમારી ચૂંદડીમાંય રે !

આજ રે સપનામાં મે તો ડોલતો ડુંગર દીઠો જો !
એ વહેતી નદીયું એ અમારા સપનામાં રે...!
ડોલતો ડુંગર ઈ તો અમારો સસરો જો...!
એ હડહડતી નદીએ સાસુ મોરી નાતા રે....!
આજ સપનામાં મે....

આજ સપનામાં મે ઘમ્મર વલોણા દીઠા જો...
એ દહી દૂધની વાટકિયુ અમારા સપનામાં રે....
ઘમ્મર વલોણા ઈ તો અમારો જેઠ જો !
એ દહીં દૂધની વાટકિયુંએ જેઠાણી મોરા જમતા રે !
આજ સપનામાં મે...
આજ સપનામાં મેં લવિંગ લાકડી દીઠી જો !
એ પાણીડાંની હારુ અમારા સપનાનાં રે!
લવીંગ લાકડી ઈતો અમારો દેર જો !
એ અમારી જોડય દેરાણી પાણી ભરતા રે !
આજ સપનામાં મે...

**લગ્નગીતો :-**

લગ્નસંસ્કાર એ ભારતીય સમાજમાં સૌથી પ્રચલિત અને મહત્ત્વનો સંસ્કાર છે. જગતની શિષ્ટજાતિ, ગ્રામ્યજાતિ અને લોકજાતિ તેમજ સભ્ય અને અસભ્ય દરેક પ્રજામાં આ સંસ્કારનું મહત્ત્વ છે. મનુષ્યના જીવનમાં લગ્નનું જેટલું મહત્ત્વ છે એટલું બીજા એકેય પ્રસંગનું નથી. કારણકે લગ્નસંસ્કારની આવશ્યકતા સંસારના દરેક ભાગની પ્રજાઓ અને દરેક જાતિઓ સ્વીકારે છે. તેથી જ કહી શકાય કે 'લગ્નગીતો એ તો ધર્મવિધિ જેટલી કડકાઈથી સચવાયેલું પરંપરાગત અકબંધ એક સમાજચિત્ર છે એક પાકો દસ્તાવેજ છે.'[૨૭] ભારત દેશના પ્રત્યેક રાજ્યની પ્રત્યેક જાતિઓની લગ્નની પ્રથાઓ ભિન્ન ભિન્ન સ્વરૂપની હોય છે. કયાંક કયાંક વૈદિક આચાર થોડે ઘણે અંશે જોવા મળે છે. પરંતુ મહંદઅંશે તો લૌકિક આચારોનો જ પ્રભાવ આજની લગ્નપ્રથા પર છે. ''સામાન્ય રીતે તો લગ્નગીતો વર અને કન્યા બન્ને પક્ષે ગવાય છે. જે દિવસથી લગ્ન લેવાય છે, મંડપ નંખાય છે અને પીઠી ચોળાય છે ત્યારથી લગ્નગીતો ગાવાની શરૂઆત થઈ છે. બન્ને પક્ષો લગ્નગીતો અલગ અલગ હોય છે. વરપક્ષના લગ્નગીતોમાં ઉલ્લાસ અને આનંદ હોય છે. કન્યાપક્ષના લગ્નગીતોમાં ઉલ્લાસ છે પણ સાથે વિષાદનો પુટ પણ છે. કારણકે કન્યા હવે પારકી થવાની છે. લગ્નપ્રસંગે અનેક વિધિઓ કરવામાં આવે છે. દરેક વિધિના અલગ-અલગ ગીતો હોય કે માલધારી જાતિના લગ્નસંસ્કારો લૌકિક છે.''[૨૮]

**માંડવાના ગીતો :-**

માલધારી લોકજાતિઓનો મુખ્ય આધાર પશુઓ છે. કુદરતના ખોળે વિહરતા માલધારીઓના લગ્નગીતોમાં પ્રકૃતિનું વર્ણન પણ આવે છે. અગરવચ્છા ચારણોના માંડવાના ગીતમાં આવું નિરાળું પ્રકૃતિનું સૌંદર્ય જોવા મળે છે.

''એ રામને સીતા વાદ વહે, એ લાવજો એક લીલુ પાંદ
હૃદયકમળમાં રામ રમે (૨)
લીલા પોપટ પાંજરે રે, લીલી તે સુડાની પાંખે
હૃદયકમળમાં રામ રમે (૨)
એ રામને સીતા વાદ વદે, એ લાવજો એક પીળું પાંદ
હૃદયકમળમાં રામ રમે (૨)
એ પીળા હળદર ગાંઠિયા રે, પીળી તે ચણાની દાળ
હૃદયકમળમાં રામ રમે (૨)
એ રામને સીતા વાદ વદે, એ લાવજો એક રાતુ પાંદ
હૃદયકમળમાં રામ રમે (૨)''[૨૯]

**ભરવાડ** જાતિમાં માંડવા-ગીત અત્રે ટાંકયું છે. તેમાં એ જાતિની લોકસંસ્કૃતિ-રીત-રિવાજનું પ્રતીક હાથીદાંતના બલોયાનો ઉલ્લેખ જોવા મળે છે.

ચમકે ચમકે ચાંદલિયો ચમકે સે (૨)
બોનના ચાંદા સૂરજ સરીખા તેજ
ચાંદલિયો ચમકે સે (૨)
બોનને કાંડે તે મીંઢોળ સોહે સે (૨)
બોનને બલોયાની ઘણીઘણી હોંસ
ચાંદલિયો ચમકે સે (૨)
બહેનને ગળે તી હાંસડી સોહે સે (૨)
બોનને વરમાળાની ઘણીઘણી હોંસ
ચાંદલિયો ચમકે સે (૨)

## પીઠીના ગીતો :

ભોપા રબારીની લોકસંસ્કૃતિના મહત્ત્વનું સ્થાન ધરાવતો એમનો સંગાથી સાંઢિયો પણ એમના લગ્નગીતોમાં પીઠીના ગીતમાં સ્થાન પામ્યો છે.

''રાજા માણારાજ તેજણ રી ઊંચી અસવારી
નાનકડો મોભી પીઠી કરતલિયે ચડયો માણારાજ !
ડોલરિયો લાડો હરખી સાંઢણિયે ચડયો માણારાજ !
રાજ માણારાજ દાદો ખીમાભાઈ ઝાઝાં રીઝો
નાનકડો મોભી પીઠી કરતલિયે ચડયો માણારાજ !
ડોલરિયો લાડો હરખી સાંઢણિયે ચડયો માણારાજ !

## જાન પ્રયાણનું ગીત :-

હાલારની ભોપા રબારીની બહેનો જાન પ્રયાણ વખતે નીચેનું ગીત ગાય છે.

લટકે હાલે રે વીર રી મોજડી રે....મોજડી રે....
ઝૂલતી હાલે રે વીર રી જાન રે...
ઠહકતી હાલે રે વીર રી જાન રે....
લાડો રાજોભાઈ રો મોભી
બેડ ગામ ગામડિયા રા નામ રે....
લટકે હાલે રે વીર રી મોજડી રે....મોજડી રે....
સો સો જાનડિયા સોઢયસી રે....સોઢયસી રે...

ગામડું છોડીને બીજે ગામ જાન આગળ વધે છે. પંથ લાંબો હોય ત્યારે રસ્તામાં રાત વિતાવવી પડે છે. ગામને પાદરે જાન તંબુ તાણીને વિસામો લે છે. જાનૈયા ગામમાંથી નવી-નવી વસ્તુ ખરીદવા નીકળી પડે છે. તેનો ઉલ્લેખ સોરઠી રબારણો લગ્નગીતોમાં કરે છે.

ઊંડા ગરથ ઉકેલો રે ગઢ ગિરનારી રી...(૨)
કુંવરિયો હાલિયો પરણવા રે....
આ હાલી હાલી રે રૂડી માઝમ્ય રાત્ય રે... (૨)
નગર તંબુ તાણિયા રે,
ઊંડા ગરથ ઉકેલો રે ગઢ ગિરનારી રે...(૨)
કુંવરિયો હાલ્યો પરણવા રે...(૨)
આ નગર શેરીની રૂડી બધેલી બજાર રે...(૨)
વચમાં લીલી માંડવી રે....
આ હાલી હાલી રૂડી માઝમ્ય રાત્ય રે...(૨)

ભોપી રબારણો લગ્નવિધિ વખતે પ્રકૃતિજન્ય તત્ત્વો, સગાવ્હાલા તેમજ જે તે પ્રદેશનો પરિચય લગ્નગીતમાં રજૂ કરે છે.

માંડવામાં લીલા વન રે,
કોયલ સૂડા સામે બોલે માણારાજ (૨)
ઊંચા ઊંચા ગઢ ગિરનારી
ગામડા નથી જોયા માણારાજ (૨)
એવા ખટાંરા છૂટયાને
મોટર મઝલે હાલે માણારાજ (૨)
એવી રૂડી એસ.ટી. છૂટીને
ટેક્સી મઝલે હાલે માણારાજ (૨)
લાડા આપણે શહેરના રહેવાસી
ગામડામાં ઊતર્યા માણારાજ (૨)
એવો મારે રઘોભાઈ વેવારિયો
સીધી સડકે હાલે માણારાજ (૨)
લાડા આપણે હાલાર રા રેવાસી
બારાડીમાં ઊતાર્યા માણારાજ (૨)

## વરરાજાના પોખંણાના ગીત :

હાલારના માલધારીઓની જાનમાં ઊંટ ઘોડા અને હાથીને શણગારીને લાવવામાં આવે છે. બસો જેટલા માલધારીને જોઈને કન્યાનો બાપ ડરી જાય છે એવો ભાવ પ્રગટ કરતું લગ્નગીત ગવાય છે.

'લાડા રે સોળસે સાંઢયુ ને હજાર હાથી માણારાજ ! (૨)
એવા હાથીડા દેખીને વેજો વેવાઈ ભડકયો માણારાજ
એવી સાંઢણિયું દેખીને કરમઠો વેવાઈ ભડકયો માણારાજ,
ભડકયમાં ભડકયમાં મારા કરમઠડા વેવાઈ રીતે લેખા લે,
જાડી જાનરા ખરચ, રાજોભાઈ ભરશે માણારાજ !
સામટાં જાનૈયા રા ખચ્ચ, ભગતભાઈ ભરશે માણારાજ

**અગરવચ્છા ચારણોમાં** સાસુ જમાઈને પોંખે છે ત્યારે અબીલ-ગુલાલ ઉડાવવામાં આવે છે. ત્યારે જાનડીઓ નીચેનુંગીતા ગાય છે.

'ઊંડાયે રણમાં રે, ઊંડે ઝીણી ખેપ...(૨)
ઘોડલાયે આવે રે, રાના ખેપે ભર્યા રે....
વારી જાઉં અમરસંગ...(૨)

તારા ઘોડલિયાને બાંધુ ઘુઘરમાળ (૨)
સાંઢડીને બાંધુ રે ધોળા શંખલા રે...
વારી જાઉ અમરસંગ...(૨)

ભાઈ રે દરજીડા વાઘા સીવી લાવ્યા... (૨)
ઈતે વાઘા પહેરીને જાડેજો પરણશે રે....
વારી જાઉ અમરસંગ...(૨)

ભાઈ રે કુંભારી ચોરીયું રંગી લાવ્ય (૨)
ઈતે ચોરીયું બાંધીને જાડેજો પરણશે રે...
વારી જાઉ અમરસંગ...(૨)

ભાઈ રે સુતારી બાજોઠ ઘડી લાવ્ય....(૨)
ઈતે બાજોઠિયે બેસીને જાડેજો પરણશે રે....
વારી જાઉ અમરસંગ...(૨)

**હસ્તમેળાપના ગીતો :-**

હાલારની ભરવાડ જાતિમાં વરનું પોખણું થઈ જાય ત્યારે કન્યાપક્ષની લોકનારીઓ નીચેનું ગીત ગાય છે.

બેની તારા નવા તે નગરના ઘરચોળા
માથે ચંપા પટ્ટાને લેસ રે લીલીબોન પરણે રે...
બેની તારા દાદો આવ્યાને માતા આવશે
બેની તારી મોટીમાનો હરખનો માય
લીલીબોન પરણે રે...
બેની તારા કાકા આવ્યાને કાકી આવશે
બેની તારા ફઈનો હરખનો માય....
લીલીબોન પરણે રે...
બેની તારા મામા આવ્યાને મામી આવસે
બેની તારી માસીનો હરખનો માય
લીલીબોન પરણે રે...

માલધારીઓનુ જીવન પ્રકૃતિ પરાયણ હોવાથી પ્રાકૃતિક અંશો તેમના નિકટતમ સાથીદારો બની રહ્યા છે. તેથી પશુપક્ષી, ઝાડપાન તેમના જીવનમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. માલધારી ભરવાડ જાતિમાં પ્રચલિત એક લગ્નગીત, સમૃદ્ધિસૂચક વડલાનો તથા મોર અને કોયલના પ્રતીકો દ્વારા જાનના વૈભવનું સૂચન કરે છે.

'ઊંચો વડલો, નીંચા રે ગંભીર

ખમ્મા ખમ્મા કેસરિયા તારી જોડયને

એ દારૂડો એક જ પિયાલો હો રાજ !

કોયલ બેઠી આંબલિયાની ડાળ,

મોરલિયો બેડો ગઢને ડાંગરે

એ દારૂડો એક જ પિયાલો હો રાજ !

અમને વરનો દાદજી દેખાડયા.....દાદજી દેખાડય

એ દારૂડો એક જ પિયાલો હો રાજ,

બે દાદો તે માલોભાઈ જાડી જાનમાં....જાડી જાનમાં

એ દારૂડો એક જ પિયાલો હો રાજ

વર-કન્યા ચોરીએ ચડે છે. ત્રણ ફેરામાં વર આગળ હોય છે જ્યારે ચોથે ફેરે કન્યા વરની આગળ થાય છે. અગરવચ્છા ચારણોમાં પ્રચલિત ચોરીનું ગીત અત્રે ટાંકયું છે.

કે લાડકી ફર ફર ફેરા ફરે, ડોલરિયો નમે નહી રે....(૨)
કે લાડકી દાંતે તરણા લે, જાતિલો નમે નહી રે...(૨)
કે લાડકી ફર ફર ફેરા ફરે, લવંગિયો નમે નહી રે...(૨)
કે લાડકી હાથે પગે લાગે, એળશિયો નમે નહી રે... (૨)

આ ગીતમાં માલધારીઓનું સામાજિક જીવન અંકિત થયું છે કન્યાવિક્રયની પ્રથા હોવાથી વરપક્ષને અભિમાન છે અને કન્યાપક્ષ ને ગરજ છે.

**કન્યા વિદાય :**

હાલારની માલધારી જ્ઞાતિમાં કન્યાવિદાયના ગીતને ઓળામણાનું ગીત કહે છે. માતા-પિતા તથા સગા-સબંધીઓને આ ઘડી દુઃખની હોય છે. છતાં કાળજુ કઠણ કરીને માતા-પિતા કન્યાને વિદાય કરે છે. ત્યારે નીચેનું ગીત ગવાય છે.

'ઢોલીડા ઘડૂકયા લાડી, ચાલો આપડે ઘેર રે....
ઊભારો' તો માંગુ મારા દાદાજીની શીખ રે...
હવે કેવી શીખરે લાડી, હવે કેવા બોલ રે...
પરણ્યા એટલે પિયારા લાડી, ચાલો આપડે ઘેર રે'

**સોરઠિયા રબારીમા કન્યાદાન માટે નીચેનું ગીત ગવાય છે.**

સહિયેર સંકેલો ઢીંગલા પોતિયા...(૨)
સહિયેર આવો રૂડો દાદાજીનો દેહ મેલી,
કડવીબાઈ હાલ્યા સાસરે...(૨)
સહિયેર આવો રૂડો વીરાજીનો દેહમેલી
રૂપલબાઈ હાલ્યા સાસરી....(૨)
સહીયેર સંકેલો ઢીંગડા પોતીયા...(૨)
સહીયેર આવો રૂડો સાથણુંનો સાથ મેલી
કડવી બાઈ હાલ્યા સાસરે... (૨)

દીકરી તો પારકી થાપણ કહેવાય દીકરી જીવનના સંસ્મરણો મૂકી જાય છે. એવો કરુણાભાવ રેલાવતું અગરવચ્છ ચારણજાતિમા કન્યા વિદાય વખતે નીચેનું ગીત ગવાય છે.

મારે આંગણ આસોપાલવના ઝાડ
હા બગલા બેસી ગીયા રે લોલ
બગલા ઊડી ગીયા પરદેશ
હા પગલા પાડી ગીયા રે લોલ !
સંદેશડો જઈ કીધો કે,
દાદા ઘેડી વહે પરદેશ રે લોલ
દાદા ખબરનો યે લીધી કે
દાદા ઘેડી વહે પરદેશ રે લોલ !
નેણલે નીર ઝરે કે
દાદાએ વેગળા કીધા રે લોલ
દાદાનો જોયો દેશ પરદેશ
હો ઘડી દઈ દીધા રે લોલ !

## ફટાણાનાં ગીતો :

હાલારની માલધારી જાતિમાં લગ્નપ્રસંગે ફટાણા ગાવાનો રિવાજ છે. જેમાં કયાંક કયાંક કટાક્ષ અને પરિહાસ છે કયાંક કયાંક અત્યંત નિર્મળ અને નિર્દોષ મર્મ તથા સ્થૂળ હાસ્યરસ પ્રગટાવતો વિનોદ છે. તો કોઈ-કોઈ ફટાણા અશ્લીલતાને કુસંસ્કાર પણ પ્રગટ કરે છે.

## કટાક્ષ અને પરિહાસના ફટાણા :

ભરવાડ જાતિમાં માત્ર મજાક અને હાસ્યરસ રેલાવવા આવા ફટાણા ગવાય છે. આ કટાક્ષ એ માત્ર પ્રસંગ પૂરતો મર્યાદિત હોય છે. અને ગંભીર અર્થમાં લેવાનો નથી હોતો.

મારા નાનામોટા વેવાઈ સાંભળજો,
હું તો કરું સું મારા દલડાની વાત
જાનૈયા સહુ સાંભળજો (૨)
તમે ઘરચોળુ લઈ આવ્યા નવી ફેશનનું
તમે મોરજલીમાં કર્યો અતિ લોભ
જાનૈયા સહુ સાંભળજો (૨)
તમે ચૂડીયું લઈ આવ્યા નવી ફેશનની
તમે બલૌયામાં કર્યો અતિ લોભ
જાનૈયા સહુ સાંભળજો (૨)
અમે કન્યા લઈ આવ્યા નવી ફેશનની
તમે મુરતિયામાં કર્યોઅતિ લોભ
જાનૈયા સહુ સાંભળજો (૨)

**સ્થૂળ હાસ્યરસ પ્રગટ કરતા ફટાણાં :**

અગરવચ્છા ચારણોમાં જાડો વિનોદ પ્રગટ કરતું એક ફટાણાનું ગીત આ પ્રમાણે છે.

કે, મારે આંગણ તલાવડી રે, છબછબિયાં પાણી રે....
કે આવતા વેવાઈ લપસ્યો રે, એની કડય ધ્રસકાણી રે....
ગળધ્યો બાપડાને ગળધ્યો, એની કડય ધ્રસકાણી રે...
કે ગળને હાટે મળ દયો, એની કડય ધ્રસકાણી રે....
છાય પાવ બાપડાને, છાય પાવ એની કડય ધ્રસકાણીરે
કે છાયહાટે છિપ યારે, એની કડય ધ્રસકાણી રે...

**અશ્લીલતા પ્રગટ કરતા ફટાણાં :**

ભોપા રબારીઓના વેવાઈને નમાલો ચિત્રિત કરવા જતાં પરિહાસને બદલે કુસંસ્કાર પ્રગટ થઈ ગયા છે.

'ગાગરડીને રણકેઝણકે વેવાઈ પાણી ગ્યો'તો રે
હાં હાં મારા મલુડા !
પાણી ભરતા ચીભડું ચોર્ય રે ચોર્યુ રે
હાં હાં મારા મલુડા !
વાઘરીને છોરે માર્યો રે, માર્યો રે
હાં હાં મારા મલુડા !
રોતાને રઝળતો એની બૈયર પાંહે ગીયો રે
હાં હાં મારા મલુડા !
છાનો રે છોરો છપ કર્ય મારા મલુડા !
હાં હાં મારા મલુડા !
તને કુણે રે માર્યો, તને કુણે રે સંતાપ્યો રે
હાં હાં મારા મલુડા !

## હાલરડાં :

શિષ્ટસમાજ કે ગ્રામ્યસમાજ, સભ્યજાતિ કે લોકજાતિ તમામ માનવજાતિમાં હાલરડાની પ્રથા છે. હાલરડામાં માતૃવાત્સલ્યની લાગણી સાદામાં સાદી ભાષામાં અને સરળ બાની દ્વારા પ્રગટ થઈ હોય છે. ક્ષેત્રિય સંશોધન દ્વારા પ્રાપ્ત થયેલા થોડા હાલર અત્રે ટાંકયા છે. તેમાથી અગરવચ્છા ચારણજાતિમાં પ્રચલિત 'હાલર' સામાન્ય હાલરડા કરતાં વિશિષ્ટ પ્રકારનું છે. સ્વરોનું સામ્યતો સમાન છે. પરંતુ ભાવોની વિશિષ્ટતાને લીધે એ બીજા સામાન્ય હાલરડા કરતાં વિશિષ્ટ લાગે છે. આ લોકજાતિ ભ્રમણશીલ જીવન જીવે છે. એ લોકો માલના ચરિયાણ માટે જન્મભૂમિ છોડીને ઠેર-ઠેર ભટકે છે. તેથી દેશમાં જન્મભૂમિમાં જવાની એક પ્રબળ ઝંખના આ હાલરમાં પ્રગટ થઈ છે. 'દેહડે દેહમાં જાશુ' એ પંક્તિ તેમના અસ્થિર જીવનની ઘોતક છે. આ શબ્દો લોકમાનસની દેશ પ્રત્યેની ઝંખના તાદૃશ કરે છે. આ હાલરના ગીત દ્વારા ભ્રમણશીલ જીવન જીવનારી (Nomadic Tribes) લોકજાતિની લોકસંસ્કૃતિ પ્રતિબિંબિત થાય છે. આવું ભટકતું જીવન હોવા છતાંયે આ લોકજાતિની અભણ માતાએ વાત્સલ્યભાવ આ ગીતમાં આ રીતે ગાયો છે.

'હીંચકો વા'લા હીરની દોરીએ,
હા…આ…આ…હા…લાં…આ હાલાં…આં !
અમારો વાંધો સુંઈને મોટો થાહે
હા…આ…આ…હા…લાં…આ હાલાં…આં !
હાકરાગલુડી….વાઘો સૂઈ જાહે
હા…આ…આ…હા…લાં…આ હાલાં…આં !
અમારો વાઘો બહુ સાગલો રે,
હા…આ…આ…હા…લાં…આ હાલાં…આં !
એનું હાલર મુને વાલુ ને દેહડે દેહમાં જાસું !
હા…આ…આ…હા…લાં…આ હાલાં…આં !
વાઘાનું મુને હાલર વા'લુ, વાઘો સૂઈને મોટો થાહે
હા…આ…આ…હા…લાં…આ હાલાં…આં !
હીંચકો વા'લો હીરને દોરીએ.

ભરવાડ જાતિના હાલરડામાં માત્ર સ્વરોનો જ આરોહ-અવરોહ જોવા મળે છે. તેમાં શબ્દોનો બે-ચાર જ આવે છે. પણ એનું સંગીત જ એવું છે કે બાળક નિંદ્રાવશ બની જાય છે. સર્વ હાલરડામાં એક જ લહેકો એક જ પોઢણ સ્વર જોવા મળે છે. કેમકે માતૃત્વ તો ધરતીના કોઈપણ છેડા પર એક જ છે.

હાલા....વાલાં...હાં...હાલાં...આ...આ...
હાલાં...હાલાં...હા...હા...હાલાં...આ
ઓળો.... ઓ...ળો...હાલ્ય નીદંરડી આવે....
હા...આ...આ...હાં....લાં...લાં...આ
નીંદરડી આવે ને...ને....ખારેક ટોપરા લાવે...
હાલા....હાલાં...હા...હાલાં...આ...આં...

ભોપા રબારીઓમાં એક હાલરડું પ્રચલિત છે. તે આ પ્રમાણે છે.

સવારે સોનારું મારું પારણિયં
ને ઘુંઘરી ચુરો ધમકારા કાના પોઢોને !
ચારે પાયે ચાર પૂતળિયું
ને વચમાં છે ઝીણા મોર કાના પોઢોને !
સાવ રે સોનારુ મારું પારણિયું,
ને હીરની દોરીએ હીચોળું કાના પોઢોને !

માતૃહૃદયની પોતાના બાળક માટેની વૈભવશાળી કલ્પના અહીં નિરુપાયી છે. શ્રીકૃષ્ણને સંબોધીને ગવાયેલ આ હાલર માતા બાળકમાં બાળકૃષ્ણનું દર્શન કરે છે. તેવા ભાવ પ્રગટાવે છે. લોકજાતિની માતાઓને કનૈયાનું બાળસ્વરૂપ જેટલું સ્પર્શી શક્યું છે. તેટલા અન્ય સ્વરૂપો નથી સ્પર્શી શકયા. માટે જ ઘણા ખરાં લોકહાલરડાં શ્રીકૃષ્ણને સંબોધીને ગવાયા છે.

## અનુષ્ઠાનિક ગીતો :

હાલારના માલધારી અગરવચ્છા ચારણોમાં માતાજીના છંદો અને ગીતરો ગીત પ્રચલિત છે સોરઠિયા રબારીઓમાં માતાજીની સરજૂ પ્રચલ્તિ છે. અને ભરવાડ જાતિમાં માતાજીના ગીતો પ્રચલિત છે. આથી માલધારીઓના આ આનુષ્ઠાનિક ગીતો, છંદ અને ગીત એ બે પ્રકારમાં વિભાજિત કરી શકાય છંદો રૌદ્રભાવ પ્રગટાવતા ઢાળમાં ગાવામાં આવે છે. જે સાંભળતા જ શ્રોતાજનોના શરીરમાં ઝણઝણાટી આવી જાય છે. તેને લોકબોલીમાં 'આરણ્યુ' કહે છે. જ્યારે ગીતોને મધુર ઢાળમાં ગાવામાં આવે છે. ગીતોને લોકબોલીમાં 'ગીતર' અથવા 'ઝીણણીયા' કહેવામાં આવે છે.

માલધારીઓના માતાજીના ઉત્સવ અનુસાર આ પદ્ય સાહિત્ય પ્રયોજાય છે. સોરઠિયા રબારીઓ શેલણ અને કળશ વખતે સરજૂ ગાય છે. ભરવાડો મંડપ કે પાટ-સ્થાપન વખતે 'ઝાલણિયા' ગાય છે. અને અગરવચ્છા ચારણો નવરાત્રિમાં પાટ સ્થાપન વખતે માતાજીના છંદો ગાય છે. અગરવચ્છા ચારણો સપ્તમાતૃકા ને માને છે આવડ, પીઠડ, જાલંધરી, હોલ, વેજબાઈ જોગડ-તોગડ અને સાંચઈ, ખોડિયાર આ સાતેય બહેનો અગરવચ્છા ચારણોની કુળદેવીઓ છે. એ દરેકના પાટ સ્થાપન વખતે જુદા-જુદા છંદો ગાવામાં આવે છે.

### પાટ સ્થાપન :

કોઈ શુભ કાર્ય કરવાનું હોય જેમકે લગ્ન, સ્થળાંતર, વાંઢય, માનતા ઉતારવાની હોય તો માતાજીની રજા મેળવવા માટે આ પાટ સ્થાપન કરવામાં આવે છે. માતાજીના સ્થાનકમાં ગાર-માટીથી લીંપીગૂંપી ને લાલ કે સફેદ નવું વસ્ત્ર ચારવડુ કરીને પાથરવામાં આવે છે. તેનાપર ચોખાની ઢગલી કરીને સોપારી મૂકી ઘીનો દીવો કરવામાં આવે છે. આ બધી ક્રિયા ભૂવો કર છે. ધૂપ કરવામાં આવે છે. અને જે દેવીનો પાટ સ્થાપ્યો હોય તેના છંદો ગાયને દેવીને પ્રસન્ન કરવામાં આવે છે. ભૂવો મુઠ્ઠી ઘઉંના દાણા બે-બે ની સંખ્યામાં પડે તો વેણ લેખાય. દેવીની મંજૂરી મળી ગણાય. આ સંમતિ બરાબર છે તે જોવા ફરીવાર દાણા નાંખવામાં આવે છે. અને વધાવો માંગવામાં આવે છે. દાણામાં બે-બે ની સંખ્યા થતા જો દાણો વધે તો વધાવો લેવાય છે. અને માતાજીનું વચન સત્ય માનીને શુભ કાર્યનો આરંભ કરાય છે.

### પાટ સ્થાપન વખતે ગવાતા છંદ :

અગરવચ્છા ચારણોની ઉત્પત્તિ આવડ આઈમાંથી થઈ હોવાની લોકમાન્યતા છે. આ માલધારી જાતિમાં આવડ માતાનો છંદ ગવાય છે.

'હે આવડ દાઢાળી ! વીસ ભુજાળી
દેઈતા સામે ભીડ કરતાં પણ ભાળી
કરોડ કાછીયાળી, નવલખ લોબડીવાળી
ઝૂલે રમે રે ઝાંઝરિયાળી
હે જય આવડ દાઢાળી''[30]

એવી જ રીતે પીઢડ માતાના પાટ-સ્થાપન વખતે પીઠડ માતાનો છંદ આ પ્રમાણે ગાવામાં આવે છે.

'જય પીઠડ માડી, પાટ આવે તું અઘાટ
પીઠડ માડી પાટ આવ્યા તુંને નવલખ દેવે અગાધ !
જશ માતા જગમાં જલમ તા રે જગજનની
ભીડ રાખે ભીડવાળી, નવલખ લોક કલિયાણી !'

**રબારી લોકો** સોરઠિયા મોમાઈ અથવા મોહમાયાને પૂજે છે. તેઓ મોમાયાની સરજૂગાય છે. તેમા મોહમાયા માતાનું વર્ણન છે. તેઓ કહે છે કે મોહમાયા મૂંગી છે. તેથી તેનો ભૂવો ઘૂણે ત્યારે બોલતો નથી. ઉહંકારા કરે છે. આ તેમના સરજૂગીતમાં પણ સ્વરો લંબાવીને ગાવામાં આવે છે. જે આ પ્રમાણે છે.

'તવા તોલળીયે શંખનામ તુલજા ભવાની
તહા મોહમાયા સરસમી આપો રઘીમાય !
નવખંડ તણા ભૂપતેગે છોડી આવી નમે
વખાણું દેશમાં ડંકા પ્રથી તારી રાય.
ઉપાવાળી, ખપાવાળી, નભાવણી જાણે એન
માનસ સરોવર થકી પધારે મોહમાયા !'

સોરઠિયા રબારીઓ માતાજીના કળશ અને શેલણના ધાર્મિક ઉત્સવ ઉજવે છે ત્યારે આ સરજૂ ગાય છે.

## કળશનો ઉત્સવ :

જોગમાયાનો કળશ કરવા માટે લગભગ દસ થી પંદર હજાર સુધીનો ખર્ચ થાય છે. કોઈએ કળશ માન્યો હોય તો કરે છે અથવા કુદરતી આપત્તિ રોગ કે દુષ્કાળ માટે ભેગા મળીને માલધારીઓ કળશનો ઉત્સવ ઉજવે છે. કળશ કરવા માટે પ્રથમ પાટ સ્થાપના કરવામાં આવે છે. અને વાચા વધાવો લઈને પછી કળશનો ઉત્સવ ઉજવાય છે. માતાજીના સ્થાનકે ગારમાટીથી લીંપી-ગૂંપીને કંકુ ચોખાનો સાથિયો રચવામાં આવે છે. તે સાથિયા પર બે બાજોડ મૂકવામાં આવે છે. તેને પાટ માંડિયો કહેવાય. એક બાજોઠ પર લાલ વસ્ત્ર વાપરવામાં આવે છે. એક પાટ પર વિધિપૂર્વક ખંડ બાંધવામાં આવે છે. ખંડમાં ચોખા તથા કાંગ પૂરવામાં આવે છે. ખંડે-ખંડે સોપારી અને સાકર મૂકવામાં આવે છે. અને પાંચ દીવડા પ્રગટાવવામાં આવે છે. બીજા પાટ પર નાહી ધોઈને પવિત્ર થયેલી પાંચ કુમારિકા પાસે તાંબાના કળશમાં અબોટ પાણી ભરવામાં આવે છે. કળશ પર આંબાના પાન તથા શ્રીફળ મૂકવામાં આવે છે. કળશ તથા શ્રીફળને પાંચ ચાંદલા કરી શ્રીફળને લાલ ચુંદડી ઓઢાડવામાં આવે છે. આ પાટની સામે ગણેશનું પણ સ્થાપન થાય છે. આખી રાત સરજૂનું ગાન કરવામાં આવે છે. અને બીજે દિવસે જમણવાર તથા નિવેધ ધરવામાં આવે છે. જમણવારમાં ગોળ, ઘી અને ચોખા હોય છે. કળશ સાથે શેલણ પણ પીવરાવાય છે. પાંચ રબારીના શેલણ થાય એટલે કે પાંચ રકાબીઓને ઘી પીવરાવવામાં ઓ છે. આ કળશની બધી ક્રિયા માતાજીનો ભગત કરે છે. કળશના ધાર્મિક ઉત્સવ વખતે ઘણાએ માનતા કરી હોય તે માનતા ઉતારે છે. કળશની પૂર્ણાહુતી વખતે ત્રાંબાનો કળશ કુમારિકાને માથે મૂકીને ગામમાં ફેરવવામાં આવે છે એને વધામણું કહે છે. એ વખતે સ્ત્રીઓ ગીતો ગાય છે અને પછી માતાજીના મઢે એ કળશ ઉતારીને શ્રીફળ વધેરીને બધાને પ્રસાદી વહેંચવામાં આવે છે. ચૂંદડી માતાજીના સ્થાનકે ચડાવી દેવાય છે ને પાણી માતાજીના મઢ ફરતુ રેડી દેવામાં આવે છે.

## શેલણ :

શેલણની માનતા કરવામાં આવે છે. આથી કોઈ ચાર કે આઠ શેલણ માને છે. જો ચાર શેલણ માન્યા હોય તો ચાર રાખડીબંધ ભૂવાઓ આવે છે ને આઠ માન્યા હોય તો આઠ આવે છે. એમાંથી મુખ્ય ભૂવાએ મોરપીંછની જોડી ઉપાડી હોય છે. એ લોકો નદીએથી નાહીને માતાજીની સરજૂ ગાતા-ગાતા

ગામમાં આવે છે. તેના સરજૂમાં માત્ર હ....હી....સ્વરો લંબાવીને ગાય છે. મૂળ તો સામવેદના મંત્રને તેઓ લંબાવીને ગાય છે. જેથી બીજા કોઈ મંત્રોને સમજી ન શકે. જેણે શેલણ માન્યુ હોય એને ઘેર બાઈ બકરાના ઘી નું બોઘરણું ભરીને ઊભી રહે છે. શેલણ આવે એટલે ખોરડેથી ઘી ઢોળે છે. અને નેવેથી આ માતાજીના ભૂવાઓ ખોબો ભરીને ઘી પીવે છે. પ્રથમ મુખ્ય ભૂવો ઘી પીવે એ માથુ હલાવે એટલે બીજો આવે એ રીતે વારાફરતી ઘી પીવે છે. આને શેલણ પાયા કહે છે. શેલણ પીધા પછી ભૂવાઓ ઉત્તર કે પૂર્વ દિશા તરફ મો રાખીને આશીર્વાદ આપે અને જેની માનતા હોય તેના માથા પર મોરપીંછ મારે એટલે માનતા પહોંચી ગઈ ગણાય.

શેલણ વખતે ગવાતી સરજૂમાં પૃથ્વીની ઉત્પત્તિ સંબધી વર્ણન મળે છે. જે આ પ્રમાણે છે.

આદ્યથી ઉપની, કીડી થઈ કમરમાં ઉતરી
જળ ન તા થળ ન તા, નો તા ધરતીના વાસ
ચાંદો નહી, સૂરજ નહી, નોતા ધરતીના વાસ
તે દી આદ્યથી ઉપની કડી થઈ કમરમાં ઉતરી,
જળ થાપ્યા, થળ થાપ્યા, થાપ્યા નવકુળ નાગ.

## હાલારના માલધારીઓની લોકકથા :

સ્વરૂપની દષ્ટિએ મૂલવતા માલધારીઓની લોકકથાઓને વિવિધ વિદ્વાનોની પદ્ધતિનાં આધારે પાંચ પ્રકારમાં વિભાજિત કરી શકાય.

(૧) પુરાણકથા અને દંતકથા

(૨) સામાજિક કથા

(૩) મનોરંજક કથા જેના બાળવાર્તા તથા પ્રાણીકથાને સમાવી શકાય

(૪) વ્રતકથા

(૫) પ્રેમકથા

## પુરાણકથા અને દંતકથા :

પુરાણકથા અને દંતકથાના પાર્થકયને સ્પષ્ટ કરવું સરળ નથી. આ બન્નેને વિભાજિત કરનાર રેખાઓ વચ્ચે બહુ ઓછું અંતર રહેલું છે. પુરાણકથામાં દેવતાગણ પ્રધાન પાત્રોના રૂપમાં પ્રસ્તુત થાય છે. દંતકથામાં કોઈ સત્ય ઘટનાના રૂપમાં કહેવામાં આવે છે. પુરાણકથાની સચ્ચાઈ એના શ્રોતાઓના દેવતાઓ પરના વિશ્વાસ પર આશ્રિત હોય છે. તેથી પુરાણકથા અને દંતકથા બન્ને વચ્ચે સેળભેળ થઈ જવાનો સંભવ રહે છે. ઘણીવાર કોઈ કથા પુરાણકથા હોવા છતાં તેને પૌરાણિકતાનો પુટ લાગ્યો હોવાથી પુરાણકથાની કક્ષામાં બેસી જાય છે જે પુરાણકથા જેવી લાગે છે. માલધારી અગરવચ્છા ચારણોમાં

પ્રચલિત 'કામધેનું ઓયની કથા' પૌરાણિક પ્રસંગ પરશુરામ પરથી લોકકથામાં આવેલી છે. તેમજ સોરઠિયા રબારીમાં પ્રચલિત 'પૃથ્વી ઉત્પત્તિની કથા' અને બન્નેને પુરાણકથામાં મૂકી શકાય પણ ભરવાડોમાં પ્રચલિત 'ખેતલાદાદા'ની કથા દંતકથામાં સમાવિષ્ટ થાય છે.

## પુરાણકથા :

પુરાણકથાઓમાં કોઈપણ દેશમાં ધાર્મિક વિશ્વાસ, પ્રાચીનવીર, દેવી, દેવતાઓ જનતાની અલૌકિકતાએ અને સંસ્કૃત પરંપરાઓ તથા સૃષ્ટિ રચનાનું વર્ણન હોય છે. આ કથાઓ મુખ્યત્વે મનુષ્ય તથા સંસારની સૃષ્ટિ રચના સાથે સંબંધ રાખે છે જેમકે મનુષ્યની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? પૃથ્વી કેવી રીતે બની, દેવતા, આકાશ કે સ્વર્ગલોકમાં કેમ રહે છે. આદિ આદિ પ્રકૃતિની વિભિન્નિ વસ્તુઓના સંબંધમાં એના અજ્ઞાન તત્ત્વોનું એ સ્પષ્ટીકરણ કરે છે.[૩૧] પ્રાચીન માનવ સમુદાયે માનવ સંસ્કૃતિના પ્રથમ ઉષાકાળે જે કાંઈ અનુભવ્યુ તેને વાણી દ્વારા અભિવ્યકતિ કરવા પ્રયત્ન કર્યા. માનવનો પ્રથમ સંપર્ક પ્રકૃતિ સાથે થયો. એટલે પ્રકૃતિના તત્ત્વોને રૂપક દ્વારા સૌપથમ સંસારમાં પ્રચલિત કર્યા આ વખતે પૃથ્વી પર ભિન્ન-ભિન્ન પ્રકારની માનવી સંસ્કૃતિ અસ્તિત્વ ધારણ કરી રહી હતી અને વિકાસના પંથે અસર થઈ રહી હતી.

હાલારના માલાધારી જાતિની લોકકથાઓમાં ઉપયુક્ત તત્ત્વોવાળી પુરાણકથાઓ પ્રચલિત છે. જેમા 'પૃથ્વીની ઉત્પત્તિ અને સૃષ્ટિનું સર્જન'. 'વીજળીની ઉત્પત્તિ' માલધારી રબારી અને ચારણ જાતિની ઉત્પતિ વગેરે તત્ત્વોને અલૌકિકતાનો પુટ ચડાવીને તેમજ દેવત્વનું આરોપણ કરીને નિરૂપિત કર્યા છે. હાલારના માલધારીઓમાં સોરઠિયા રબારીજાતિમાં 'પૃથ્વીની ઉત્પત્તિ' સંબંધી એક પુરાણકથા પ્રચલિત છે. તેમા આદ્યશક્તિ જોગમાયાએ પૃથ્વીની ઉત્પત્તિ કરીને સૃષ્ટિનું સર્જન કેવી રીતે કર્યુ તેનું વર્ણન મળે છે.

## પૃથ્વીની ઉત્પત્તિની કથા :

જ્યારે સંસારમાં સૂર્ય-ચંદ્ર કે કોઈ પ્રાકૃતિક તત્ત્વો ન હતા એ કાળે અંધાર યુગ નામે ઓળખાતો હતો. આદ્યશક્તિ કોડી સૂક્ષ્મજંતુ સ્વરૂપે પ્રગટ થઈ અને કમળના પુષ્પમાં ઉતરી એણે જળ, સ્થળ, ચંદ્ર, સૂરજ અને નવકુળનાગનું સર્જન કર્યુ. ભોરીંગ, શેષનાગ, પર પૃથ્વીનો ભાર મૂકયો અને પછી શક્તિનું સ્વરૂપ ધરીને એક હાથમાં કમળ કાકડી તથા બીજા હાથમાં અમીની કૂંપી ધારણ કર્યા. તેણે ત્રણ પૂતળા બનાવીને ત્રણ પુરુષનું સર્જન કર્યું. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, શક્તિએ બ્રહ્માને અને વિષ્ણુને પોતાની સાથે વરવા માટે કહ્યું એ બન્નેએ ના પાડી એટલે એનો નાશ કર્યો. પછી શંકરને કહ્યુ ત્યારે શંકરે જવાબ આપ્યો કે તમે મને ઉત્પન્ન કર્યો આથી તમે મારી માતા થયા. પરંતુ જો તમે યજ્ઞમાં એક્સોને આઠ વાર હોમાવ તો માતૃત્વ દૂર થાય. શક્તિએ તે પ્રમાણે કર્યું અને પાર્વતીરૂપે શંકરને વર્યા. પછી બ્રહ્મા અને વિષ્ણુને સજીવન કર્યા બ્રહ્માએ શંકર અને શક્તિની સહાયથી સૃષ્ટિનું સર્જન કર્યું.'[૩૨]

આ કથાને પુરાણકથાના લક્ષણો મુજબ ચકાસવામાં આવે તો આધારબીજ પૃથ્વીની ઉત્પત્તિ અથવા સૃષ્ટિનું સર્જન છે. તેથી પૃષ્ઠભૂ ધાર્મિક છે. પાત્રો દેવદેવીઓ છે. અને વર્ણ્ય વિષય સૃષ્ટિની રચનાનો છે. આ કથામાં સંસારના સર્જન પૂર્વનું વિજ્ઞાન વિશેષ જ્ઞાન છે. તથા તેમા અલૌકિકતાનો પુટ પણ દેખાય છે. આ બધા તત્ત્વોને લીધે આ કથાને પૂર્ણ પણે પુરાણકથા કહી શકાય.

## વીજળીની ઉત્પત્તિની કથા :

આકાશવાણી થઈ હોય છે કે દેવકી અને વસુદેવનું સંતાન કંસનો નાશ કરશે આથી કંસે દેવકી-વસુદેવને મથુરામાં કેદ રાખ્યા હોય છે. અને તેમના સાત સંતાનોનો નાશ કરી નાખ્યો હોય છે. આઠમાં સંતાન તરીકે શ્રીકૃષ્ણ દેવકીની ગોદે જન્મ લે છે. કૃષ્ણના કહેવાથી વસુદેવ શ્રીકૃષ્ણને ગોકુળમાં નંદરાજાને ત્યાં જશોદા પાસે મૂકી આવે છે. અને નંદ-જશોદાની પુત્રીને જેલમાં લઈ આવે છે. સવાર થતા કંસને બાળક જન્મ્યાની ખબર પહોંચે છે. કંસ આવીને બાળકીને મારી નાખવા માટે પથ્થર પર પછાડવા જાય છે ત્યાં બાળકી તેના હાથમાંથી છટકીને ચમકારો કરતી આકાશમાં ચાલી જાય છે ને તે વીજળી બને છે.

આ કથામાં અલૌકિકતા અને ચમત્કારના તત્ત્વો તેમજ પ્રકૃતિનું તત્ત્વ વીજળીને માનવરૂપમાં કલ્પી છે. અંતે એ માનવદેહ ધારી બાળકી વીજળી રૂપે આકાશમાં ચાલી જાય છે. એવી કલ્પનાનો પુટ આપીને વીજળીની ઉત્પત્તિની કથા આલેખી છે.

## રબારીની ઉત્પત્તિની કથા :

શંકર પાર્વતી હિમાલયમાં કૈલાશ પર વસતા હતા. શંકર તપ કરવા જવાના હોવાથી પાર્વતીને એકલું ન લાગે માટે શંકરે કહ્યું કે તમે તમારા અંગના મેલમાંથી બે પૂતળા બનાવજો. પાર્વતીએ બે પૂતળા બનાવ્યા. શંકરે તેમના પર પાણીની અંજલિ છાંટી આથી એ સજીવન થયા. એકને શીમળાના ઝાડના થડ પર રાખેલો જેથી એનું નામ શામળો પાડયું અને બીજો ઝાડથી દૂર હતો નેથી જેનું નામ ચારણ પાડયું. શંકરે તપ કરવા જતી વખતે આ બન્ને કહ્યું કે માનસરોવરની દિશા તરફ ગાયો ચારવા ન જતા. શંકર હિમાલયમાં તપ કરવા જતા રહ્યા. પાછળથી આ બન્નેને આતુરતા થઈ કે ભગવાને એ દિશા તરફ શા માટે જવાની ના પાડી હશે. ચાલો જઈને જોઈએ આથી બન્ને માન સરોવરની દિશાએ ગાયો લઈને ગયા. ત્યાં માનસરોવરમાં ઈન્દ્રની અપ્સરાઓ સ્નાન કરતી હતી ને વસ્ત્રો સરોવરને કાંઠે પડયા હતા. એ આ બન્નેએ લઈ લીધા અને જઈને પાર્વતીને આપી દીધા. અપ્સરાઓ પોતાના વસ્ત્રો પાછા લેવા માટે પાર્વતી પાસે આવી ત્યારે પાર્વતીએ બે અપ્સરા સિવાય બધાના વસ્ત્રો પાછા આપીને કહ્યું 'રઈ' અને 'આવડ' અહીં રહેશે. અમારા ગણોને પરણાવવા છે. ઈન્દ્રને આ વાતની ખબર પડી. આથી ઈન્દ્રએ શાપ આપ્યો કે એ બન્ને ગણોને ત્યાં સવાસો પુત્રી થાય. ગણોને ત્યાં સવાસો પત્રુઓ જન્મી અને ગણોને ખૂબ હેરાન કરાવા લાગી આથી ત્રાસીને ગણો શંકર ભગવાન ાસે ગયા કે આનો કંઈક ઉપાય બતાવો શંકરે કહ્યું કે તમે

એકસો પચીસ નાળિયેર લઈને પૃથ્વી પર રાજ્ય કરતી ક્ષત્રિયકુળને આપી આવો. ક્ષત્રિયકુળે આ નાળિયેર ઝીલી લીધા અને એકસો પરચીસ કન્યાને પરણાવી દીધી. બધી પુત્રીઓ ચાલી ગઈ આથી ગણોએ શંકરને કહ્યું કે એમને એકલું લાગે છે. શંકરે કહ્યું કે સીમાડે જે જાન હોય તેને પાછી વાળી લ્યો. આ જાનોને રોકી લીધી તેમાંથી 'રઈ' અપ્સરાના વંશજો 'રાયકા' કહેવાયા અને 'આવડ' ના વંશજો 'ચારણ' કહેવાયા.

દરેક પુરાણકથામાં કોઈને કોઈ અર્થ કે રહસ્ય ગર્ભિત રહેલા હોય છે તેને સમજવા માટે તેનું અર્થઘટન કરવું જોઈએ. આ પુરાણકથાઓ માનવસંસ્કૃતિના અભ્યાસીઓ માટે માર્ગસૂચન સ્તભનું કાર્ય કરે છે.

**દંતકથા :**

દંતકથામાં ઐતહાસિક તત્ત્વ અવશ્ય હોવું જોઈએ પણ ઘણીવાર નથી હોતુ. છતાં એવી કથા દંતકથા બની જાય છે. જે મનુષ્યના શૌર્ય, દયા અથવા માનસિક કે શારીરિક શક્તિથી પોતાના સમયના લોકો પર ઘેરી અસર પાડી દે છે. તે નિરક્ષર જનતામાં દંતકથાનો વિષય બની જાય છે. દંતકથા મહંદઅંશે તો દૂર-દૂર સુધી વિવિધ સ્થળોમાં ઘૂમતી ફરતી હોય છે. પણ જ્યારે તે કોઈ ચોક્કસ સ્થળને લગતી હોય ત્યારે તેને સ્થાનિક દંતકથા કહેવામાં આવે છે. હાલારના માલધારીઓમાં આવા પ્રકારની દંતકથાઓ પ્રચલિત છે. 'ચારણઆઈની કથા' મચ્છોમાતાની દંતકથા, 'સાત બહેના'ની દંતકથા વગેરે છે.

## (૧) ચારણઆઈની દંતકથા :-

'એક રબારી ગાયોને પાણી પાતો હતો. ત્યાંથી બે ચારણ સ્ત્રીઓ સાસુ-વહુ ગામતરે જવા નીકળ્યા. તેમણે ગોવાળને પાણી પાવા કહ્યું : ગોવાળે પાણી પાયુ પરંતુ શરતચૂકથી બાઈઓને છાંટા ઉડયા બાઈઓને થયું આ રબારી અમને એકલી જોઈને મશ્કરી કરી. આથી તેમણે શાપ આપ્યો કે 'તને સાવજ ફાડી ખાય' આમ કહીને બાઈઓ તો બીજે ગામ ચાલી ગઈ. થોડીવારે સાવજે આવીને રબારીને મારી નાખ્યો. બધા રબારી ભેગા થઈ ગયાને રબારીના શબને ગામને પાદર સ્મશાનમાં અગ્નિદાહ દીધો. સાંજે બાઈઓ ગામતરેથી પાછી આવી જુએ છે તો પાદરમાં ચિત્તા બળે છે. આથી પૂછયું કે કોની ચિત્તા બળે છે. રબારીઓએ કહ્યું આપણા ગોવાળને સાવજે ફાડી ખાધો. બાઈઓ તો જડવત બની ગઈ કે ભારે થઈ અમારો શાપ સાચો પડયો આથી બન્ને સ્ત્રીઓ ત્યાં ધરતીમાં સમાઈ ગઈને ચારણઆઈ નામે પૂજાણી'[33]

આ કથાને પ્રકૃતિના લક્ષણો અનુસાર ચકાસતા તે સત્યઘટના પર આધારિત છે. તેમા ચમત્કારિક પ્રસંગોને અલૌકિકતાનું નિરૂપણ જોવા મળે છે.

## (૨) સાત બહેનોની કથા :-

આવડ, પીઠડ, તોગડ, હોલ, તેજબાઈ, સાંસઈ અને જાલંધરી સાત બહેનો તેને એક ભાઈ, ભાઈ રોજ ભેંસો ચરાવા જાય અને શિરામણના સમયે પાછો ઘેર આવે. એમા એક દિવસ ભાઈ વહેલો શિરામણ કરવા આવતો રહ્યો. સાતેય બહેનો હજુ કામમાંથી પરવારી નહોતી, છાશ ફેરવતી હતી ત્યાં ભાઈને આવેલો જોઈને કહ્યું કે, મર-મર તને સાપ કરડે અહૂરો હાલ્યો આવ તે, ત્યાં તો બાજુમાં સર્પનું દર હશે ત્યાંથી સર્પ ભાઈને કરડયોને ભાઈને તો રંગેરગમાં ઝેર ચડી ગયું બહેનો મુંજાણી કે ભારે થઈ આતો હાં હાં કરતા હાણ થઈ ગઈ એની મા કહે કે 'પાતાળમાં શેષ નાગ છે એ આવે તો ઝેર ઉતરે જો સૂર્યાસ્ત થઈ જશે તો ઝેર નહી ઉતરે આવડે સૂર્યને થંભાઈ દીધો ને ગઈ પાતાળમાં ત્યાં જઈને શેષનાગને કહે કે તું જા મારા ભાઈનું ઝેર ચૂસી લે હું પૃથ્વીને ટચલી આંગળીએ તોળી રાખું છું. શેષનાગે ભાઈનું ઝેર ચૂસી લીધું ભાઈ સજીવન થયો પછી સૂર્ય આથમ્યો ભાઈ બહેનોએ સાથે બેસી ખાધુ પીધું ને રાજ કર્યું.

કથા પ્રકૃતિની દષ્ટિએ ચકાસતા આ દંતકથાના પાત્રો અસાધારણ શક્તિશાળી છે. તેના પ્રસંગો ચમત્કારિક છે અને તેનું આધારબીજ શાપ છે.[૩૪]

## (૨) સામાજિક લોકકથા :

માલધારી જાતિના લોકકથાના આ વિભાગ એ લોકોના સામાજિક સંબંધો અને ભાવનાઓનું સ્પષ્ટીકરણ કરે છે. સ્નેહ, ઉદારતા, સહાનુભૂતિ, મમતા, માયા, ઈર્ષ્યા, દ્વેષ, ક્રોધ વગેરે ભાવો તેમજ કૌટુંબિક સંબંધોનું આદર્શ પરિણામ આ કથાઓમાં નિરૂપિત થયેલું જોવા મળે છે. તેથી આ સામાજિક કથાઓ માલધારી જાતિની લોક સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે. આ કથામાં ગોપ-સંસ્કૃતિનાં રીત-રિવાજ, રહેણી-કરણી અને ખાન-પાનની ઝલક જોવા મળે છે. સામાજિક લોકકથાનો ઉદ્‌ભવ સામાન્ય લોક સમાજમાં બનતા સારા-માઠાં પ્રસંગોનાં લોકમાનસ પર પડતા આઘાત-પ્રત્યાઘાતમાંથી થાય છે. લોકસમાજમાં આવા પ્રસંગોમાંથી સામાન્ય લોકમાનસ લૌકિક અન સ્થાનીય લોકકથાઓનું સર્જન કરીને પ્રચલિત કરે છે. જે તે સમાજમાં કંઠસ્થ પરંપરામાં જળવાઈ રહે છે.

માલધારી લોકોમાં તેમના સામાજિક અને પારિવારિક જીવનનાં વિવિધ પાસાઓનું સચોટ નિરૂપણ કરતી લોકકથાઓ મોટા પ્રમાણમાં મળે છે. જેમકે 'સાસુવહુના સંબંધો દર્શાવતી અને બહુપત્નીત્વ પ્રથા તેમજ મામાફઈના સંતાનોના લગ્નની પ્રથાનો નિર્દેશ કરતી 'લોડકી સાસુ' ની કથા. અગરવચ્છા ચારણોમાં પ્રચલિત છે. ભરવાડોમાં સાસુ વહુનો સંબંધ દર્શાવતી 'લઉપૂતરખોયો' ની કથામાં મળે છે. સ્ત્રી જાતિની ચતુરાઈનો પરિચય આપતી 'શામળી ભંગડીને સાંગડા રાજાની કથા' પ્રચલિત છે. સ્ત્રીચરિત્ર પ્રકટ કરતી 'રાયવીર'ની કથા પણ આ લોકોમાં પ્રચલિત છે. તદ્દુપરાંત લોકમાન્યતાનું નિરૂપણ કરતી 'ચકલીનો સાપ' કથા મળે છે. અને સમસ્યા-મુલક કથામાં 'વહુની ચતુરાઈ' કથા પ્રચલિત છે.

## (૩) મનોરંજક કથાઓ :

માલધારી લોકોમાં ઘણી એવી લોકકથાઓ છ જેનો ઉદ્દેશ માત્ર મનોરંજનોજ હોય છે. આ મનોરંજક કથાઓમાં બાળવાર્તા અને પ્રાણીકથાનો પણ સમાવેશ કરી શકાય. આવી કથાઓમાં વિવિધ જાતિઓના ગુણો અને સ્વભાવનું નિરૂપણ કરવામાં આવે છે. મૂર્ખકથામાં કોઈ જાતિ વિશેષ મૂર્ખાઈ પર હસ્યા અને ઘણીવાર વ્યંગ સ્ફૂટ થતા હોય છે. જેમકે 'સબળ ટપ્યો' કથામાં ભરવાડના છોકરાની મૂર્ખાઈનું વર્ણન છે. એવી જ રબારીઓમા પ્રચલિત કથામાં રબારીના છોકરાની મૂર્ખાઈ ચિત્રિત કરવામાં આવી છે. તો પટલાણીની મૂર્ખાઈ પર વ્યંગ કરતી કથા 'બાર ગાડેને તેર તરહલે એક મૂળો તણાઈ આવે છે' પણ આ લોકજાતિમાં પ્રચલિત છે. લાલચુ ચારણયાણિની કથા 'હું ભાઈ' માં ચારણયાણિની મૂર્ખાઈ પર વ્યંગ ઉપજાવવામાં આવ્યો છે. અને 'પાંચબેરિયા'ની કથામાં તો છલોછલ હાસ્ય રસનું આલેખન જોવા મળે છે.

## બાળવાર્તા તથા પ્રાણીકથા:

આ કથાઓ મનોરંજક કથાનો પેટા પ્રકાર છે. કારણ કે એમા પણ મનોરંજનનો અંશ તો જોવા મળે છે. પરંતુ મુખ્ત્વે બાળસમાજમાં પ્રચલિત હોવાથી બાળકો માટેની કથાઓ ગણાય છે. આ કથાઓના ક્ષેત્રે ડોશીઓએ આગવી કળા કેળવી છે. તેમાં પ્રાણીઓ અમાનવ તત્ત્વોની વિચિત્રતાનું આલેખન કરીને બાળકોને માનવ સ્વભાવનો પરિચય આપવાની એક પદ્ધતિ આ અજ્ઞાત લોકજાતિએ અપનાવી છે. અને બાળમાનસની જિજ્ઞાસા સંતોષી ને બાળકોને સંસ્કાર્યા છે. નાના-નાના કુમળી વયના બાળકો વાર્તાના પ્યાસી જીવો હોય છે. એક જમાનામાં દરેક દરેક ઘરમાં બાળકોમાં સાંસ્કૃતિક ઉછેરનું સાધન લોકકથાઓ હતી. અને લોકકથાના મૂળ સમાજમાં બહુ ઊંડાને ઊંડા પેસી ગયાં હતાં. બાળકોને આવી મનોરંજક કથાઓ અને પ્રાણીકથાઓ દ્વારા ઉપદેશીને આદર્શ જીવનની કળા શીખવવામાં આવતી અને વારંવાર બાળકો આ કથા સાંભળતા એટલે તેઓને કંઠસ્થ થઈ જતી જે મોટા થતા ભૂલાતી નહીં અને સમૃદ્ધ વારસો તેઓ પોતાની આવતી પેઢીને સોંપતા આમ લોકકથાની પરંપરા જળવાઈ રહેતી.

## પ્રાણી કથા :

પ્રાણીસંબંધી કથાઓને અંગ્રેજીમાં 'ફેબલ' કહેવામાં આવે છે. જેમા ઉપદેશ આપવામાં આવ્યો હોય છે આથી કથાઓમાં પશુ-પક્ષીઓ પાત્રના રૂપમાં પ્રસ્તુત થાય છે. પ્રાણીકથા એ લોકજાતિના પ્રાગૈતિહાસિક કાળમાં જ ઉદ્ભવેલી છે. મનુષ્ય જંગલી અવસ્થામાં જીવતો હતો. તેથી તેને પશુપ્રાણી જગતનો સંપર્ક હોય એ સહજ છે. એ સમયે જ્યારે એનો પૂરેપૂરો બૌદ્ધિક વિકાસ નહોતો થયો ત્યારે પોતાની આસપાસ ફરતાં આ પશુપ્રાણીઓમાં એને રસ જાગ્યો હશે. અને તેના વિવિધ રંગો તથા અવાજો અને સ્વભાવ વિશે ઉત્કંઠા જાગી હશે આને પરિણામે આ પ્રાણીકથાઓનો ઉદ્ભવ થયો હશે.

હાલારના માલધારીઓમા પ્રચલિત પ્રાણીકથાઓ બ્રુન્વાદે દર્શાવેલ પશુ-પ્રાણીઓના સ્વભાવગત લક્ષણો પ્રગટાવતી પ્રથમ પ્રકારની પ્રાણીકથામાં આવી શકે. તેને ફેબલ્સ ન કરી શકાય કારણ કે તેમાંથી ફેબલ્સના લક્ષણો ઉપદેશ નથી પ્રગટતા પણ પ્રાણીગત સ્વભાવનો પરિચય મળે છે. જેમકે શિયાળનું સ્વભાવગત લક્ષણ 'ચતુરાઈ અને લુચ્ચાઈ છે તે શિયાળ અને મગરમચ્છની ભાઈબંધી' કથામાં તથા 'સોમત સડબડે ને લાળ મત લડબડે' માં પ્રગટ થાય છે. 'કાગડો ને પોપટ'ની વાર્તામાં કાગડાની સ્વાર્થવૃત્તિને પોપટની નિર્દોષતાનો પરિચય મળે છે 'સાત પૂંછડિયો ઉંદર' ની કથામાં ઉંદરની મૂર્ખાઈનું આલેખન જોવા મળે છે. 'મીની માશીની વાર્તા' માં બિલાડીનું દંભીપણું પ્રસ્તુત થાય છે. 'ઘોડા અને ભેંસની વાર્તામાં ઘોડાની લુચ્ચાઈને ભેંસનું ભોળપણ વર્ણિત છે. તંદુપરાંત 'હાટુડી ને વાટુડી' તથા 'ગુડીબાઈ' અને 'ચકાચકી' ની વાર્તા દ્વારા માત્ર મંનોરંજનનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તો 'ટીશિયાભાઈ' ની વાર્તા દ્વારા નીડરતાનું આલેખન થયું છે.

**વ્રતકથા :**

વ્રતનો અર્થ નિયમપૂર્વક આચરવાનું પુણ્યકર્મ એવો થાય છે. વ્રત લેવાનું હોય છે કરવા માટે ફરજ પાડવામાં આવતી નથી આમ વ્રત મુખ્યત્વે આચારપ્રધાન છે. સાદી અને સરળ સમજથી કોઈ સંકલ્પ કરવો અને તેને નિષ્ઠાપૂર્વક પાર પાડવો એમાંજ વ્રતનું સાફલ્ય રહેલ છે. દરેક વ્રતની પાછળ કોઈને કોઈ કથા હોય છે. બહુધા આ કથાઓ લોકકથાઓ હોય છે.

હાલારના માલધારીઓમાં પ્રચલિત 'પહલી' 'વીરપસલીના વ્રતની કથામાં ભાઈ-બહેનના નિર્વ્યાજ પ્રેમ અને શ્રદ્ધાને લીધે ભાઈના દુશ્મન, સર્પના સાત કટકા થઈ જાય છે. એનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તો શીતળા સાતમની કથામાં શીતળા માતાએ આપેલ શુભ અન અશુભ ફળનું વર્ણન જોવા મળે છે. લગભગ દરેક વ્રતકથાઓ અલૌકિકતા, ચમત્કાર અને લોક-માન્યતા પર આધરિત હોય છે. જેમકે

**'શીતળા સાતમની કથા' :**

'આ કથામાં દેરાણી-જેઠાણી રાંધણછઠને દિવસે રસોઈ કરી લે છે. પણ દેરાણી ચૂલો ઠંડો કરવાનું ભૂલી જાય છે. એટલે શીતળામાતા આવે છે ને શાપ આપે છે. 'કે જેવી હું દાઝી એવી તું દાઝજે' સવાર થતા તો બાઈનો દીકરો મૃત્યુ પામે છે. એની સાસુ કહે છે કે આતો શીતળા માતાનો કોપ છે. તું માતાજી પાસે માફી માંગ, તો છોકરો સજીવન થાય. બાઈ જંગલમાં ચાલી જાય છે ત્યારે રસ્તામાં એક કણબણયાણિ બે બળદ, એક સાંઢણી, મગરમચ્છ અને તલાવડી અને આંબો તેને મળે છે ને પોતાના દુઃખનું કારણ શીતળા માતાને પૂછી આવવાનું કહે છે. બાઈ બધાયના સંદેશા લઈને આવે છે ત્યાં મેલાઘેલાં કપડાં પહેરીને વાળ છૂટા મૂકીને બેઠેલી એક ડોશી તેને મળે છે. અને પૂછે છે કે તું

શીતળામાતાને ઓળખે છે. બાઈના પાડે છે. એટલે ડોશીમાં કહે છે મારું માથું જોઈ દે' બાઈતો ખોળામાં સુવરાવીને માથુ જોવા બેસે છે. શીતળામાતાને ટાઢક થાય છે. એટલે કહે છે કે 'જેવી મને ટાઢક થઈ એવી તને થાય' ત્યાં તો બાઈનો પુત્ર સજીવન થાય છે. બાઈ માતાજીના પગમાં પડી જાય છે. અને પછી રસ્તામાં મળેલ બધાયના સંદેશા પૂછે છે. માતાજી તે સહુનું નિરાકણ બતાવે છે કે 'કણબણયાણી એ ગયા જન્મમાં થાપણ ઓળવી લીધી હતી એટલે એના સાડલામાં ભાતે-ભાતે ભડકા પડે છે. તું હાથ ફેરવજે એટલે નહીં પડે. બે બળદ ગયા જન્મમાં ગામના પટેલ હતા. બધાયની નિંદા કરતા હતા અને ઝઘડતા હતા. એટલે આ જન્મમાં બાઝે છે. તું જુદા પાડજે એટલે જુદા પડી જશે. સાંઢણી ગયા જન્મે કણબણયાણી હતી ઘરમાં ઘંટી હતી પણ કોઈને દળવા નહોતી દેતી એટલે ગળામાં ઈંટનું પડ બંધાણું છે. તું અડજે એટલે નીચે પડી જશે. મગરમચ્છ ગયા જન્મે બ્રાહ્મણ હતો અને ખૂબ વિદ્યા ભણ્યો હતો પરંતું વિદ્યા કોઈને આપી નહી એટલે આ જન્મે એમને કયાંય ચેન પડતું નથી. તું એની માથે હાથ ફેરવ જે એટલે એને શાંતિ થઈ જશે. બે તળાવડી ગયા જન્મે દરાણી-જેઠાણી હતી અને ખાટી-મોળી છાશ ભેગી કરીને આપતી હતી, એટલે આ જન્મમાં એનું પાણી કોઈ પાણી પીતું નથી. તું પીજે એટલ બધાય પીશે અને આંબો ગયા જન્મે વાણિયો હતો. ખૂબ ધન ભેગુ કર્યું હતું પણ કોઈનેય એક પૈસાનું દાન નહતો કરતો એટલે એની કેરી કોઈખાતું નથી તું એક કેરી તોડજે એટલે આંબો એના મૂળિયા પાસેથી ખુલ્લો થઈ જશે. અને ધનના શરૂ નીકળશે એ તું તારે ઘેર લઈ જજે બાઈએ તો માતાજીના કહ્યા પ્રમાણે કરતી કરતી અઢળક-ધન લઈને ઘેર આવી. આ જોઈ જેઠાણીને મનમાં ઈર્ષા થઈ અને મનમાં વિચાર કર્યો કે આવતી સાતમે હું યે ચૂલો નહી ઠંડો કરું અને માતાજી પાસેથી ધન લઈ આવીશ. એણે દેખાદેખી કરી અને રસ્તામાં મળેલ બધાયને ઉદ્ધતાઈથી જવાબ દીધો એટલે એનું ફળ એને ખરાબ મળ્યુ એનો પુત્ર મરી ગયો.[૩૫]

આ વ્રતકથામાં માલધારીઓની લોકસંસ્કૃતિનું પ્રતિબિંબ ઝીલાયું છે. એ લોકોમાં પ્રચલિત લોકમાન્યતાઓ અને નિષેધનો નિર્દેશ જોવા મળે છે.

(૧) કોઈનું દિલ દુભાવવાથી અશુભ ફળ મળે છે એને દિલને શાંતિ આપવાથી શુભ ફળ મળે છે.

(૨) કોઈની નિંદા ન કરવી.

(૩) વિદ્યાનો સદ્‌પયોગ કરવો નહીં.

(૪) ધનનો સંગ્રહ કરવો.

(૫) ઈર્ષાવૃત્તિનો ત્યાગ કરવો

(૬) ભજન-કીર્તન કરવું તથા દાન-પૂણ્ય કરવું.

## પ્રેમકથા :

'પ્રેમકથા એ મહદઅંશે તો દુહાબધ્ધ ગદ્યકથાઓ હોય છે. તેનો ઉઘાડ ચમત્કૃતિવાળો હોય છે અને એકાદ દુહાથી થતો હોય છે. પ્રેમકથાનું સ્વરૂપ બીજી બધી લોકકથાઓથી નિરાળુ છે. શ્રી મેઘાણી લખે છે. 'વાર્તા એ વાર્તાએ આવા પચ્ચીસ-પચાસ દુહાઓ ટંકાય છે. વાર્તારૂપી ઈમારતના એ સ્તંભો અને કમાનો છે. રવેશો અને ઝરૂખો છે. આગળ જતાં તેઓ લખે છે કે દુહાઓ વાર્તાના કથનમાં અંતરે અંતરે ટંકાતા આવે છે. એ દુહાઓ વાર્તામાં આવતા ઊર્મિ અંશનેય રજૂ કરે છે. વાર્તાના પાત્રની ઉત્કૃષ્ટ મનોવ્યથાનું ઉચ્ચારણ આ દુહાઓમા થાય છે. વાર્તાની ઘટનાના ઊર્મિતત્ત્વને ઘનીભૂત કરતા આ દુહાઓ છે.''[૩૬]

પ્રેમકથા માનવના પ્રેમભાવોના સૂક્ષ્મમાં સૂક્ષ્મ મનોભાવોનું નિરૂપણ કરે છે અને સમગ્ર માનવજાતિના મનોભાવોનું નિતાંત દર્શન આ કથાઓ કરાવે છે. તેથી જ પ્રેમકથા બધી લોકકથામાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. પ્રેમકથા ઘણીવાર વિયોગ અને કરૂણતાને નિરૂપે છે. તો ઘણીવાર સંયોગ અને મધુરતાના ભાવોનું નિરૂપણ કરે છે. તેથી તેના બે પ્રકાર પડે છે. (૧) પુણ્ય સાફલ્યની કથાઓ (૨) પ્રણય વૈફલ્યની કથાઓ.

લોકજાતિઓની પ્રેમકથામાં કયાંક અશ્લીલ શૃંગાર નથી જોવા મળતો. પરંતુ નિતાંત પવિત્ર અને શુદ્ધ પ્રેમનું આલેખન થયું હોય છે. કારણ કે લોકસાહિત્યનું કાર્ય પ્રજાને સંસ્કારવાળું એટલે ભારોભાર સંયમને પુટ એમા ભળે છે. તેથી લાકસાહિત્યની પ્રેમકથાઓ મર્યાદિત અને સંયમશીલ હોય છે. અને આ તેનું વિશિષ્ટ લક્ષણ છે.

હાલારના માલધારીઓનું પોતાની લોકજાતિની પ્રેમકથાઓ જોવા મળતી નથી. કારણ કે આ લોકજાતિ બાળલગ્નની પ્રથાને અનુસરે છે. તેમજ સ્નેહલગ્નને સમાજનું કલંક માને છે. આથી કદાચ આવા પ્રેમ પ્રસંગો નહી બનતા હોય છતાં તેમના લોકસાહિત્યમાં તેમની ધરતી પરની પ્રેમકથાઓને સ્થાન મળ્યું છે ખરું ! જેમકે 'ઓન-હુલામણની પ્રેમકથા', 'બરડાનો કુંવર', 'હુલામણ જેઠવો' અને 'સોનાના પુણ્ય'ની દુહાબધ્ધ પ્રેમકથા. રડાવાસી સોરઠિયા રબારીઓના કંઠમાં સચવાઈ રહી છે. 'માંગડાવાળો અને પદમા વાણિયલની પ્રેમકથા' ત્રણ આ ધરતી પર જ સર્જાયેલી છે. આથી આ લોકજાતિના લોકસાહિત્યમાં સ્થાન પામી ગઈ છે. તો જામનગરના રાવળ ગામે રહેતો આહીર 'ખીમરો' અને ખંભાતની 'લોડણ'ની પ્રેમકથા પણ આ માલધારી લોકોના કંઠમાં દુહા સાથે જળવાઈ રહી છે. આ ઉપરાંત 'સદેવંત સાવળિગા' ની પ્રેમકથા અને 'ઢોલામારુ' ની પ્રેમકથા પણ આ લોકજાતિમાં પ્રચલિત છે.

માલધારીઓની લોકકથાઓમાં એક તરફ તેમના ગોપજીવનની ઝાંખી થાય છે. તો બીજી તરફ પુરાણોના આખ્યાનોનો પ્રસાર પણ જોવા મળે છે. કથાનું બીજ પુરાણોના આખ્યાનમાં પણ મળે છે અને

બીજી બાજુ તેમા ગોપસંસ્કૃતિનું આલેખન પણ થયું છે. આ લોકોની લોકકથાઓ જીવનને મનોરંજન પુરું પાડે છે. પણ સાથે-સાથે અનુભવશીલ પણ બનાવે છે. બાળવાર્તાની પ્રાણીકથાઓમા મનોરંજન સાથે બોધનું આ લક્ષણ પ્રગટ થાય છે. આ લોકજાતિની લોકકથાઓ મહદંઅંશે તો થોડી પ્રેમકથાઓને બાદ કરતા સુખાંત જ હોય છે. કારણ કે ભારતીય જીવદર્શન જ આશાવાદી અને આદર્શવાદી છે. આથી દરેક લોકકથાને અંગે ખાધુ-પીધુ ને રાજકીધુ' વાકયાંશ અચૂક આવે છે. આથી કહી શકાય કે માનવની મૂળ પ્રવૃત્તિનો ઉદ્દેશ જ સુખ કામનાનો છે જે રીતે સંસ્કૃત આખ્યાયિકાના અંતમાં આર્શીવાદાત્મક વચન આપે છે. તેજ રીતે આ લોકકથાઓમા પણ આશીર્વાદાત્મક અથવા કલ્યાણકારક વચનો આવે છે. આ લોકકથાઓમાં લોકજાતિના લોક વિશ્વાસો અને લોક-માન્યતાઓનું પ્રતિનિધિત્વ દેખાય છે. સત્ય હંમેશા વિજયી બને છે. અસત્ય પરાજિત થાય છે. આ તથ્ય અટલ છે. અને લોકકથાઓ દ્વારા એ સાબિત થાય છે.

આ રીતે લોકકથાનું કથાનક સાદુ, સરળ અને ઘરેલું જીવનથી સંબધિત છે. તેમા અનુષ્ઠાન, વિધિ-નિષેધ, ભાગ્યવાદ, દેવ દેવીની શ્રદ્ધા વગેરે સમાવિષ્ટ થઈ જાય છે. અને લોકકથાને માટે આધારબીજના તત્ત્વો પૂરા પાડે છે. આ રીતે લોકસંસ્કૃતિની ઝલક જોવા મળે છે. આ ઉપરાંત અવસર અને ઉપયોગની દષ્ટિએ પણ આ લોકકથાઓનું મૂલ્ય છે. બાળકોને બોધ આપવા માટે, લોકસમૂહને મનોરંજન આપવા માટે, ધર્મ ઉપર શ્રદ્ધા જગાડવા માટે લોક વિશ્વાસને દઢ બનાવવા માટે, ઉદાસીનતા દૂર કરવા માટે અને થાકયા પાકયા લોકોનો થાક ઉતારવા માટે આ લોકકથાઓનું લોકજીવનમાં મહત્ત્વપૂર્ણ સ્થાન રહ્યું છે.

હાલારની માલધારીઓની લોકસંસ્કૃતિ એ આપણા સભ્ય સમાજથી સ્થિર જીવનવાસીઓની શિષ્ટ સંસ્કૃતીથી નિરાલી છે. ભ્રમણશીલ જીવનની આ લોક સંસ્કૃતિ એક નિરાલા લોકસાહિત્યની જન્મદાત્રી છે. એવા આ સમૃદ્ધ લોક-સાહિત્યના અનેક પાસાનો આપણે પરિચય મેળવ્યો તેમના લોકગીતો, રાસડાઓ, લગ્નગીતો, હાલરડાં, લોકકથાઓમાં સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતીની એક આગવી ભાત ઉપસાવી છે. માલધારી લોકજાતિ નિસર્ગવાદી સર્જકો છે. જીવનની વાસ્તવિકતાને તેઓ જીવી જાય છે. એથી એમના ગીતોમાં સારુ-નરસું, સુંદર-અસુંદર, જાતિ-અજાતિનો પ્રશ્ન જ નથી ઉઠતો. તેમની નજરમાં કયાંય સૂગ કે સંકોચ નથી. સંસ્કાર કે કુસંસ્કારની ઓખલિયા નીતિ નથી. તેઓ જેવું જીવે છે અનુભવે છે. તેવું જ પોતાના લોકસાહિત્યમાં ગાય છે. નીતિ-અનીતિના સીમાડાઓની તેમને પરવા નથી. તેમની નજર જીવતા જીવન પર છે. જીવનની વાસ્તવિકતાને તેઓ મહત્વ આપે છે. તેથી તેમના જીવનમાં જે કોઈ સ્વભાવિક છે તેને તેઓ લોકસાહિત્યાં નિરૂપે છે. તેઓને શિષ્ટસમાજની કે સભ્ય સંસ્કૃતિની પરવા નથી. તેઓ તો કુદરતને ખોળે જીવનારી લોકજાતી છે. તેથી તો ડૉ.સુસેતા ભાડલાવાળાપોતાના પુસ્તકમાં નોંધે છે ‘માલધારી લોકજાતિ સમાજનું એક એવું અંગ છે જે અભિજાત્ય સંસ્કૃતિ, અર્વાચીન યંત્ર સામગ્રીએ સર્જેલી સંસ્કૃતિ અને પાંડિત્યની ચેતનામાંથી ઉદ્‌ભવેલી સંસ્કૃતિથી વિમુખ છે. તેઓ પરંપરાગત રૂઢિઓ, લોકમાન્યતાઓ, લોક શ્રદ્ધાઓમાં જીવી રહ્યા છે. આ બધાની અભિવ્યક્તિમાંથી જે તત્વો સ્વરૂપને ધારણ કરે છે તે તેમની લોકસંસ્કૃતિ છે.[૩૭]

# સંદર્ભ સૂચિ


| અ.નં. | વિગત |
| --- | --- |
| ૧. | હાલારની માલધારી જાતિના સંસ્કારગીતો-ડૉ.સુચેતા ભાડલાવાળા- પૃ.૪ |
| ૨. | ગુજરાતની કીર્તિગાથા - સ્વ.કનૈયાલાલ મુનશી - પૃ.૩ |
| ૩. | હાલારની માલધારી જાતિના સંસ્કારગીતો, ડૉ. સુચેતા ભાડલાવાળા - પૃ.૫ |
| ૪. | યદુવંશ પ્રકાશ, કવિ માનવદાનજીરતાનું પ્રથમખંડ - પૃ.૨૩૦ |
| ૫. | Gazeeer of India. Jamnagar District - Page. 112-113 |
| ૬. | ભારતીય સમાજ વ્યવસાય, ડૉ. તારાપટેલ - પૃ.૫૦ |
| ૭. | ભારતીય સમાજ વ્યવસાય, ડૉ. તારાપટેલ - પૃ.૪૯ |
| ૮. | ગુજરાતની લોકસંસ્કૃતિ, ડૉ. હસુતાબેન સેદાણી - પૃ.૨૩ |
| ૯. | Gazeeer of India. Jamnagar District - Page. 114 |
| ૧૦. | ઢોલામારુ રા. દુહા, ભગવતી લાલ શર્મા - પૃ.૩૧૧ |
| ૧૧. | The History of Kathiwad upt H. wibes Forcebell - Page. 54 |
| ૧૨. | હાલારની માલધારી જાતિના સંસ્કારગીતો, ડૉ. સુચેતા ભાડલાવાળા - પૃ.૧૬ |
| ૧૩. | હાલારની માલધારી જાતિના સંસ્કારગીતો, ડૉ. સુચેતા ભાડલાવાળા - પૃ.૨૦ |
| ૧૪. | સૌરાષ્ટ્રની પાછ્ત કોમો ભાગ-૧ - પૃ.૨ |
| ૧૫. | ભગવદ્ગોમંડળ કોશ ભાગ-૭, શ્રી ભગવતસિંહજી - પૃ.૬૬૦૮ |
| ૧૬. | ઢોલામારુ રા. દુહા, ભગવતી લાલ શર્મા - પૃ.૩૧૦ |
| ૧૭. | હાલારની માલધારી જાતિના સંસ્કારગીતો, ડૉ. સુચેતા ભાડલાવાળા - પૃ.૩૨ |
| ૧૮. | સૌરાષ્ટ્રની પાછ્ત કોમો ભાગ-૧ - પૃ.૨ |
| ૧૯. | ચારણો અને ચારણી સાહિત્ય, સ્વ. ઝવેરચંદ મેઘાણી - પૃ.૧૮૩ |
| ૨૦. | હાલારની માલધારી જાતિના સંસ્કારગીતો, ડૉ. સુચેતા ભાડલાવાળા - પૃ.૩૪ |
| ૨૧. | લોકસાહિત્યનું સમાલોચન, સ્વ.ઝવેરચંદ મેઘાણી - પૃ.૨૨૪ |
| ૨૨. | ભરવાડ લોકોની જ્ઞાતિનોધારો, તા.૮-૮-૮૧માં ઘડેલો |
| ૨૩. | હાલારની માલધારી જાતિના સારડા, ડૉ. સુચેતા ભાડલાવાળા - પૃ.૨૨૪ |
| ૨૪. | વાગે રૂડી વાંસળી રે, શ્રી પુષ્કર ચંદવાકર - પૃ.૪ |
| ૨૫. | માલવી લોકગીત (હિન્દી), ડૉ. ચિન્તામણી ઉપાધ્યાય - પૃ.૩૪૪ |
| ૨૬. | રઢિયાળી રાત ભાગ-૪, સ્વ.ઝવેરચંદ મેઘાણી - પૃ.૪૦ |
| ૨૭. | લોકસાહિત્યનું સમાલોચન, સ્વ.ઝવેરચંદ મેઘાણી - પૃ.૨૨૪ |
| ૨૮. | હાલારની માલધારી જાતિના સંસ્કારગીતો, ડૉ. સુચેતા ભાડલાવાળા - પૃ.૧૨૧ |
| ૨૯. | હાલારની માલધારી જાતિના સંસ્કારગીતો, ડૉ. સુચેતા ભાડલાવાળા - પૃ.૧૩૭ |

૩૦. હાલારની માલધારીઓનું લોકસાહિત્ય અને લોક સંસ્કૃતિ સાથેનો સંબંધ, ડૉ. સુચેતા ભાડલાવાળા - પૃ.૧૨૧

૩૧. લોકસાહિત્ય કી ભૂમિકા, ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય, પૃ.૧૭૧-૭૨

૩૨. લોકસાહિત્ય વિજ્ઞાન, ડૉ. સત્યેન્દ્ર, પૃ.૨૯૦

૩૩. કથા આપનાર, રબારી નાથાભાઈ, જાગાભાઈ પરમાર, રામગઢનેસ-બરડો ડુંગર, તા.ભાણવડ, જિ.જામનગર તા.૯-૪-૧૯

૩૪. કથા આપનાર, રાજભાઈ અગરવચ્છા ચારણ, જોગવડનેસ, જિ.જામનગર-તા.૧૦-૦૫-૧૯

૩૫. ક્ષેત્રીય સંશોધનમાંથી પ્રાપ્ય, અગરવચ્છા ચારણભાઈ સોનબાઈ, જોગવડનેસ, જામનગર - તા.૧૫-૦૫-૨૦૧૯

૩૬. લોકસાહિત્યનું સમાલોચન, સ્વ. ઝવેરચંદ મેઘાણી - પૃ.૨૩૭-૨૩૮

૩૭. હાલારની માલધારી જાતિના સંસ્કારગીતો, ડૉ. સુચેતા ભાડલવાણા- પૃ.૧૯૫-૧૯૬

❖ ❖ ❖ ❖